# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : 08 સપ્ટેમ્બર 2026 મંગળવાર, વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ -12 | વર્ષ : 18 / અંક : 69 | તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ | અમદાવાદ | કિંમત : રૂા. 2.00 પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



NAMO 4VIKSIT BHARAT
@ VADODARA



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્રભાઈ મોદીના
## વરદ હસ્તે વડોદરા ખાતે
# ₹ ૩૫,૨૦૦ કરોડથી વધુના
### જન-કલ્યાણકારી- બહુઉદ્દેશી વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત

**તારીખ : ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ | સમય: સવારે ૧૦:૩૦ વાગે**

સ્થળ: મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પેવેલિયન ગ્રાઉન્ડ , વડોદરા

## માનનીય વડાપ્રધાનશ્રીને “સ્વચ્છતા થી સ્વાગત” થકી આવકારે છે ગુજરાત

### લોકાર્પણ

વડોદરા-પૂર્વના ૧.૧૦ લાખ નાગરિકોને પીવાનું પાણી મળતાં આરોગ્ય અને જીવનધોરણ ઉન્નત બનશે

આજવા ખાતે ૧૫૦ એમએલડી ક્ષમતા ધરાવતા નવા જળ ઈન્ટેકથી ભવિષ્યની જરૂરિયાત પૂરી થશે

ખાનપુર સેવાસી ખાતે ૨૭૦ નવાં આવાસથી ઘરનું સ્વપ્ન થયુ સાકાર.

ભરુચ જિલ્લામાં જંબુસર-ટંકારી-દેવના રોડના પુન: બાંધકામથી માળખાગત સુવિધામાં વધારો થશે

મહીસાગર જિલ્લામાં કડાણા ડેમ પર ૧૧૦ મે.વો. ક્ષમતાના ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટથી ગ્રીન ગ્રોથને વધુ ગતિ મળશે

વડોદરાથી ટાંડા રોડ (મધ્ય પ્રદેશ) વચ્ચે નવી ટ્રેનની શરૂઆતથી કનેક્ટિવિટી વધશે

### ખાતમુહૂર્ત

રિંગ રોડ ફેઝ-૨ અંતર્ગત ૧૭.૫૬ કિ.મી. રોડ બનશે, જેનાથી નાગરિકોની સફર વધુ સુવિધાજનક બનશે

વિશ્વામિત્રી નદી ઊંડી કરવાના કામનું ખાતમુહૂર્ત

મહાનગરપાલિકાના નવા વહીવટી ભવનથી નાગરિકોને જનસુવિધાઓ સરળતાથી મળશે

વડોદરા રેલવે સ્ટેશનનાં પ્લેટફોર્મ નં. ૭ પર બુલેટ ટ્રેન સ્ટેશનના થકી શહેરને મળશે હાઈ-સ્પીડ કનેક્ટીવિટી

આજવા સફારી પાર્ક અને કમાટી બાગમાં મગર આકારનો પુલ આપશે વડોદરાને નવી વૈશ્વિક ઓળખ.

**“વડોદરાનો આ સર્વાંગી વિકાસ એ માત્ર એક શહેરની પ્રગતિ નથી, પરંતુ તે ગુજરાતની ગતિ અને ‘વિકસિત ભારત’ ના ભવિષ્યની મજબૂત આધારશિલા છે.”**

**હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**



GUJARAT'S GROWTH
INDIA'S FUTURE.

# AAP ધારાસભ્ય ચૈતર વસાવાને હાઈકોર્ટે આપી રાહત: ચોમાસું સત્ર માટે 7 દિવસના હંગામી જામીન મંજૂર

**અમદાવાદ, તા.07**

ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રમાં હાજરી આપવા માટે આમ આદમી પાર્ટીના દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને ગુજરાત હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. હાઈકોર્ટે તેમની હંગામી જામીન માટેની અરજી સ્વીકારીને સાત દિવસના શરતી હંગામી જામીન મંજૂર કર્યા છે. જોકે, કોર્ટે જામીન મંજૂર કરતી વખતે કેટલીક મહત્વપૂર્ણ શરતો પણ લાદી છે. આ નિર્ણય બાદ ચૈતર વસાવા ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રમાં હાજરી આપી શકશે અને પોતાના મતવિસ્તાર તેમજ રાજ્યના જનહિતના પ્રશ્નો રજૂ કરી શકશે.

ચૈતર વસાવાએ વિધાનસભાના સત્રમાં હાજરી આપવા માટે હાઈકોર્ટમાં હંગામી જામીનની અરજી કરી હતી. તેમની અરજીમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે તેઓ ચૂંટાયેલા જનપ્રતિનિધિ છે અને વિધાનસભાના સત્રમાં હાજરી આપીને પોતાના મતવિસ્તારના લોકોના પ્રશ્નો રજૂ કરવા માંગે છે. આ રજૂઆતને ધ્યાનમાં રાખીને ગુજરાત હાઈકોર્ટે તેમને મર્યાદિત સમયગાળા માટે રાહત આપવાનો નિર્ણય કર્યો હોવાનું સામે આવ્યું છે.

કોર્ટે સાત દિવસના હંગામી જામીન મંજૂર કર્યા હોવા છતાં ચૈતર વસાવાની હિલચાલ પર કેટલીક શરતો લગાવવામાં આવી છે. જામીનના સમયગાળા દરમિયાન તેઓ ગાંધીનગર છોડી શકશે નહીં અને તેમને વિધાનસભાના સત્રમાં હાજરી આપવાની રહેશે. આ ઉપરાંત હાઈકોર્ટે તેમને મીડિયા સાથે વાતચીત કરવા અથવા કેસ અને અન્ય મુદ્દાઓને લઈને કોઈપણ પ્રકારનું જાહેર નિવેદન આપવા પર પણ પ્રતિબંધ મૂક્યો છે. એટલે કે, હંગામી જામીન દરમિયાન તેમની મુખ્ય જવાબદારી વિધાનસભાની કાર્યવાહી સાથે જોડાયેલી રહેશે.

ચૈતર વસાવા સામેનો આ સમગ્ર મામલો વર્ષ 2023માં થયેલા જમીન વિવાદ અને વન વિભાગના કર્મચારીઓ સાથે થયેલી ઘટનાથી શરૂ થયો હતો. ઑક્ટોબર અને નવેમ્બર 2023ના સમયગાળા દરમિયાન નર્મદા જિલ્લાના બોગાજ ગામ નજીક વન વિભાગની સરકારી જમીન પર સ્થાનિક લોકો દ્વારા કરવામાં



આવેલા કથિત ગેરકાયદે અતિક્રમણનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. વન વિભાગના કર્મચારીઓએ સરકારી જમીન પરથી અતિક્રમણ અને પાક દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

આ જમીન વિવાદ અંગે ચર્ચા કરવાના બહાને ધારાસભ્ય ચૈતર વસાવાએ વન વિભાગના કેટલાક કર્મચારીઓને દેડિયાપાડા ખાતે પોતાના નિવાસસ્થાને બોલાવ્યા હોવાનો આરોપ છે. વન વિભાગ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ મુજબ, બેઠક દરમિયાન વાતચીત ઉગ્ર બની ગઈ હતી અને ત્યારબાદ ગંભીર ઘટના બની હતી. ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે ચૈતર વસાવા અને તેમના સમર્થકો દ્વારા વન વિભાગના કર્મચારીઓ સાથે મારપીટ કરવામાં આવી હતી.

વન વિભાગની ફરિયાદ અનુસાર સરકારી કર્મચારીઓને ડરાવવા માટે હવામાં એક રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ખંડણી માગવામાં આવી હોવાના આરોપો પણ નોંધાયા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં ચૈતર વસાવા અને તેમના અન્ય સાથીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા રાયોટિંગ, આર્મ્સ એક્ટ અને ખંડણી સહિતની ગંભીર કલમો હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

આ કેસ આગળ વધતાં મામલો ન્યાયિક પ્રક્રિયામાં પહોંચ્યો હતો અને લાંબી સુનાવણી બાદ નર્મદા જિલ્લાના રાજપીપળા સ્થિત એડિશનલ સેશન્સ કોર્ટે 23 જૂન, 2026ના રોજ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. કોર્ટે ચૈતર વસાવા, તેમના પત્ની શકુંતલા વસાવા સહિત કુલ નવ આરોપીઓને દોષિત જાહેર કર્યા હતા.

કોર્ટના ચુકાદા મુજબ તમામ દોષિતોને સાત વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. આ ઉપરાંત આરોપીઓ પર અલગ અલગ રકમનો દંડ પણ કરવામાં આવ્યો હતો. દંડની રકમ આશરે 25 હજાર રૂપિયાથી લઈને 96 હજાર રૂપિયા સુધીની હોવાનું જણાવવામાં આવ્યું હતું. આ ચુકાદા બાદ ચૈતર વસાવાના રાજકીય અને કાનૂની ભવિષ્યને લઈને પણ ચર્ચાઓ તેજ બની હતી.

હવે ગુજરાત હાઈકોર્ટ દ્વારા સાત દિવસના શરતી હંગામી જામીન મંજૂર થતાં ચૈતર વસાવાને વિધાનસભાના ચોમાસું સત્રમાં હાજરી આપવાની તક મળી છે. જોકે, આ રાહત સંપૂર્ણ જામીન તરીકે નહીં પરંતુ ચોક્કસ હેતુ અને સમયગાળા માટે આપવામાં આવી છે. હાઈકોર્ટ દ્વારા લાદવામાં આવેલી શરતોનું પાલન કરવું તેમના માટે ફરજિયાત રહેશે.

આ મામલો રાજકીય દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે, કારણ કે ચૈતર વસાવા દેડિયાપાડા વિસ્તારના ચૂંટાયેલા ધારાસભ્ય છે અને તેમના સમર્થકો માટે વિધાનસભામાં તેમની હાજરી મહત્વ ધરાવે છે. હંગામી જામીન મળ્યા બાદ હવે તેઓ વિધાનસભાના સત્ર દરમિયાન પ્રજાકીય પ્રશ્નો ઉઠાવી શકશે, પરંતુ મીડિયા સાથે વાતચીત અથવા કોઈ જાહેર નિવેદન આપી શકશે નહીં.

# અમદાવાદના ઓઢવમાંથી 160 ગ્રામ MD ડ્રગ્સ સાથે યુવક ઝડપાયો, રાજસ્થાનથી જથ્થો લાવી છૂટક વેચવાનો હતો પ્લાન

**અમદાવાદ, તા.07**

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં એસ.પી. રિંગ રોડ બ્રિજ નજીક ડ્રગ્સના ગેરકાયદે વેપાર સામે એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચે કાર્યવાહી કરીને એક યુવકને મેફેડ્રોન એટલે કે એમડી ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી અંદાજે 160 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ કબજે કર્યું હોવાનું સામે આવ્યું છે, જેની અંદાજિત કિંમત આશરે 4.80 લાખ રૂપિયા હોવાનું જણાવવામાં આવ્યું છે. ડ્રગ્સ ઉપરાંત અન્ય ચીજવસ્તુઓ પણ જપ્ત કરવામાં આવતાં કુલ મુદ્દામાલની કિંમત અંદાજે 5 લાખ રૂપિયા સુધી પહોંચે છે. મળતી માહિતી મુજબ અમદાવાદ એસ.ઓ.જી. ક્રાઈમની ટીમ ઓઢવ વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે વાવ-થરાદ જિલ્લાના વિસ્તારમાં રહેતો એક યુવક રાજસ્થાનમાંથી નશાકારક પદાર્થનો જથ્થો લઈને અમદાવાદ આવ્યો છે અને ઓઢવ વિસ્તારમાં તેનું છૂટક વેચાણ કરવાની તૈયારી કરી રહ્યો છે. બાતમીને ગંભીરતાથી લઈને એસ.ઓ.જી.ની ટીમે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી.

પોલીસે મળેલી માહિતીના આધારે એસ.પી. રિંગ રોડ બ્રિજ



નજીક આવેલા માધવ એસ્ટેટ વિસ્તારમાં વોચ ગોઠવી હતી. પોલીસ ટીમ શંકાસ્પદ વ્યક્તિની રાહ જોઈ રહી હતી ત્યારે વસ્ત્રાલ તરફથી સર્વિસ રોડ પરથી એક યુવક આવતો જોવા મળ્યો હતો. તેની હિલચાલ અને વર્તન શંકાસ્પદ લાગતાં પોલીસકર્મીઓએ તેને અટકાવીને પૂછપરછ શરૂ કરી હતી.

પ્રાથમિક પૂછપરછ બાદ પોલીસને યુવક પર વધુ શંકા જતાં તેની તલાશી લેવામાં આવી હતી. તલાશી દરમિયાન તેની પાસેથી મેફેડ્રોન એટલે કે એમડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસે અંદાજે 160 ગ્રામ ડ્રગ્સ કબજે કરીને આરોપીની ધરપકડ કરી હતી. ઝડપાયેલા યુવકની ઓળખ સચિન સુંડાજી ચમનજી ઠાકોર તરીકે થઈ હોવાનું સામે આવ્યું છે. તેની ઉંમર 20 વર્ષ હોવાનું અને તે નેસડા વિસ્તારનો રહેવાસી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આરોપીની વધુ પૂછપરછ કરતાં ડ્રગ્સ અમદાવાદ સુધી કેવી રીતે પહોંચ્યું અને તેની પાછળ કોણ કોણ સામેલ છે તે અંગે પણ મહત્વપૂર્ણ વિગતો સામે આવવાની શક્યતા છે. પોલીસની પૂછપરછ દરમિયાન આરોપીએ આ નશાકારક પદાર્થ રાજસ્થાનમાંથી લાવ્યો હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ રાજસ્થાનના બાડમેર વિસ્તારમાં રહેતા ઓમપ્રકાશ નામના વ્યક્તિ પાસેથી આ ડ્રગ્સનો જથ્થો મેળવવામાં આવ્યો હતો.

# બે વર્ષની માસૂમ દીકરીને મારી નાખવાની ધમકી આપી પરિણીતા પર દુષ્કર્મ, પાડોશી યુવક સામે ફરિયાદ

**અમદાવાદ, તા.07**

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં એક પરિણીતાને ડરાવી-ધમકાવીને લાંબા સમય સુધી શારીરિક શોષણ કરવામાં આવ્યું હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. પીડિત મહિલાએ સતત બ્લેકમેલિંગ અને ધમકીઓથી કંટાળીને આખરે પોતાના પરિવારજનોને સમગ્ર હકીકત જણાવી હતી. ત્યારબાદ મહિલાએ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

ફરિયાદમાં પીડિતાના પિયરના પાડોશમાં ભાડે રહેતા મિસ્ટુકુમાર સિંહા નામના શખસ સામે ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. મહિલાના જણાવ્યા અનુસાર આરોપીએ તેની બે વર્ષની માસૂમ દીકરીને જાનથી મારી નાખવાની ધમકી આપીને તેના પર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ મહિલાની અંગત તસવીરો મેળવીને તેને બ્લેકમેલ કરવામાં આવી હોવાનો પણ આરોપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. પીડિતાએ પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદ મુજબ આશરે ત્રણ વર્ષ પહેલાં તેના સાસરીના મકાનમાં રિનોવેશનનું કામ ચાલી રહ્યું હતું. જેના કારણે તે થોડા સમય માટે પોતાના પિયરમાં




રહેવા આવી હતી. આ દરમિયાન પિયરના પાડોશમાં ભાડેથી રહેતા મિસ્ટુકુમાર સિંહા સાથે તેનો પરિચય થયો હતો. શરૂઆતમાં બંને વચ્ચે સામાન્ય ઓળખાણ હતી, પરંતુ બાદમાં આરોપીએ મહિલાની પરિસ્થિતિનો લાભ લેવાનો પ્રયાસ કર્યો હોવાનો આરોપ છે. ફરિયાદ મુજબ એક દિવસ આરોપી મહિલાની બે વર્ષની દીકરીને રમાડવા માટે પોતાની સાથે લઈ ગયો હતો. થોડો સમય પસાર થયા બાદ પણ દીકરી પરત ન આવતાં મહિલા બાળકીને લેવા માટે આરોપીના ઘરે પહોંચી હતી. તે સમયે ઘરમાં એકલતાનો લાભ લઈને આરોપીએ મહિલાને ગંભીર ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. મહિલાનો આરોપ છે કે મિસ્ટુકુમારે તેની માસૂમ દીકરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોતાની દીકરીના જીવને લઈને ભયભીત બનેલી મહિલાએ વિરોધ કરવાનો પ્રયાસ કર્યો હોવા છતાં આરોપીએ તેના પર દુષ્કર્મ આચર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ઘટનાની ગંભીરતા અહીં પૂરતી જ સીમિત રહી નહોતી, પરંતુ આરોપીએ આ સમય દરમિયાન મહિલાની અંગત તસવીરો પણ પોતાના મોબાઈલ ફોનમાં લઈ લીધી હોવાનો આરોપ છે. ત્યારબાદ આરોપીએ આ અંગત તસવીરોને બ્લેકમેલિંગ માટે ઉપયોગમાં લીધી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. મહિલાનો આરોપ છે કે તસવીરો તેના પતિ અને સાસરિયાના સભ્યોને મોકલી આપવાની ધમકી આપીને આરોપી તેના પર સતત દબાણ કરતો હતો. આ ધમકીઓના કારણે મહિલા લાંબા સમય સુધી માનસિક તણાવ અને ભયમાં રહી હોવાનું સામે આવ્યું છે. ફરિયાદ અનુસાર આરોપી મહિલાને વિવિધ સ્થળોએ લઈ જતો હતો અને અંગત તસવીરો જાહેર કરવાની ધમકી આપીને તેના પર દબાણ કરતો હતો. મહિલાએ આ સમગ્ર પરિસ્થિતિમાંથી બહાર નીકળવાના અનેક પ્રયાસો કર્યા હોવાનું જણાવવામાં આવ્યું છે, પરંતુ આરોપીની ધમકીઓ અને બ્લેકમેલિંગને કારણે તે સતત ભયના માહોલમાં રહેતી હતી. આખરે મહિલાએ આરોપી સાથેના તમામ સંપર્ક અને સંબંધો તોડી નાખવાનો નિર્ણય લીધો હતો. જોકે, ફરિયાદ મુજબ મહિલાએ સંબંધો તોડતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ત્યારબાદ તેનો પીછો કરવાનું શરૂ કર્યું હતું.

# વટવામાં યુવકે લગ્નની લાલચ આપી યુવતી પર દુષ્કર્મ આચર્યું, પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

**અમદાવાદ, તા.07**

અમદાવાદના વટવા વિસ્તારમાં લગ્નની લાલચ આપીને યુવતી સાથે લાંબા સમય સુધી શારીરિક સંબંધ બાંધી બાદમાં લગ્નનો ઈનકાર કરીને છેતરપિંડી કરવામાં આવી હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. આ મામલે 20 વર્ષીય યુવતીએ વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી સામે ગુનો નોંધી સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ સોસાયટીમાં જ રહેતા એક યુવકે લગભગ ત્રણ વર્ષ સુધી યુવતી સાથે પ્રેમસંબંધ રાખ્યો હતો અને લગ્ન કરવાના વચનો આપીને તેની સાથે સંબંધ બાંધ્યા હતા. બાદમાં આરોપીએ અન્ય યુવતી સાથે લગ્ન નક્કી કરી લેતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો.

મળતી માહિતી મુજબ વટવા વિસ્તારમાં રહેતી 20 વર્ષીય યુવતીનો આશરે ત્રણ વર્ષ પહેલાં પોતાની જ સોસાયટીમાં રહેતા અર્શ ઈરશાદ રંગરેઝ સાથે પરિચય થયો હતો. શરૂઆતમાં બંને વચ્ચે સામાન્ય વાતચીત થતી હતી, પરંતુ સમય જતાં તેમની વચ્ચે નજીકતા વધી અને બંને પ્રેમસંબંધમાં જોડાયા હતા. યુવતીના જણાવ્યા મુજબ પ્રેમસંબંધ શરૂ થયાના લગભગ બે મહિના બાદ આરોપીએ લગ્ન કરવાના વચનો આપીને તેના વિશ્વાસનો લાભ લીધો હતો.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર એક દિવસ આરોપીના પરિવારના સભ્યો ઘરે હાજર ન હતા ત્યારે તેણે યુવતીને પોતાના ઘરે બોલાવી હતી. યુવકે યુવતીને વિશ્વાસ અપાવ્યો હતો કે તે તેની સાથે લગ્ન કરશે અને બંને ભવિષ્યમાં સાથે જીવન પસાર કરશે. યુવતીનો આરોપ છે કે લગ્નના વચન અને વિશ્વાસના આધારે આરોપીએ તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ પણ લગ્નની વાતો કરીને અને ભવિષ્યમાં સાથે રહેવાના વચનો આપીને આરોપીએ અનેક વખત યુવતી સાથે સંબંધ બાંધ્યા હોવાનો આરોપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

યુવતીના જણાવ્યા મુજબ આ સંબંધ લાંબા સમય સુધી ચાલુ રહ્યો હતો અને આરોપી સતત તેની સાથે લગ્ન કરશે તેવી ખાતરી આપતો રહ્યો હતો. જોકે, સમય પસાર થતાં પરિસ્થિતિમાં ફેરફાર આવ્યો હતો. લગભગ એક વર્ષ પહેલાં યુવતીને



જાણ થઈ હતી કે આરોપી અર્શ રંગરેઝની સગાઈ અન્ય યુવતી સાથે થઈ ગઈ છે. આ વાતની જાણ થતાં યુવતીને આઘાત લાગ્યો હતો અને તેણે આરોપીને સીધી રીતે આ અંગે પૂછપરછ કરી હતી.

ફરિયાદ મુજબ યુવતીએ આરોપીને પૂછ્યું હતું કે જ્યારે તે તેની સાથે લગ્ન કરવાના વચનો આપતો હતો ત્યારે અન્ય યુવતી સાથે સગાઈ શા માટે કરી. આ સમયે આરોપીએ પોતાના પરિવારના દબાણનું કારણ આગળ ધરીને યુવતીને ફરી વિશ્વાસ અપાવ્યો હતો કે અંતે તે તેની સાથે જ લગ્ન કરશે. આરોપીએ પરિવારના દબાણને કારણે સગાઈ થઈ હોવાનું કહી યુવતીને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો અને તેના વિશ્વાસને જાળવી રાખવા માટે લગ્નનું વચન આપતો રહ્યો હોવાનો આરોપ છે.

આગળ જતાં આરોપીના લગ્ન અન્ય જગ્યાએ નક્કી થઈ ગયા હોવા છતાં બંને વચ્ચે સોશિયલ મીડિયા મારફતે વાતચીત ચાલુ રહી હતી. યુવતીનો આરોપ છે કે આરોપી ઈન્સ્ટાગ્રામ પર સતત તેની સાથે સંપર્કમાં રહેતો હતો અને પોતે તેને પ્રેમ કરે છે તેવી વાતો કરતો હતો. ફરિયાદમાં એવો પણ આરોપ કરવામાં આવ્યો છે કે આરોપી ભવિષ્યમાં બીજા લગ્ન કરવાની વાત કરીને યુવતીને વિવિધ પ્રકારના વચનો અને આશ્વાસન આપતો રહ્યો હતો.

આ સમગ્ર મામલામાં મહત્વનો વળાંક ત્યારે આવ્યો જ્યારે થોડા દિવસ પહેલાં યુવતીના પિતાએ તેનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ તપાસ્યું હતું. તપાસ દરમિયાન યુવતી અને આરોપી વચ્ચે થયેલી વાતચીત સામે આવી હતી. સોશિયલ મીડિયા પર થયેલી ચેટ જોઈને પરિવારને શંકા જતાં યુવતી સાથે પૂછપરછ કરવામાં આવી હતી. પરિવાર દ્વારા પૂછવામાં આવતા યુવતીએ આખરે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન બનેલી સમગ્ર ઘટના પોતાના પરિવારજનોને જણાવી હોવાનું સામે આવ્યું છે. યુવતી પાસેથી સમગ્ર હકીકત જાણ્યા બાદ તેના પિતાએ આરોપીના પરિવારજનો સાથે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો. યુવતીના પિતાએ આરોપીના માતા-પિતાને ઘરે બોલાવી લગ્ન અને બંને વચ્ચેના સંબંધ અંગે ચર્ચા કરી હતી. જોકે, યુવતીના પરિવારના જણાવ્યા મુજબ આરોપીના માતા-પિતાએ લગ્ન કરાવવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. આરોપીના પરિવાર તરફથી લગ્ન માટે ઈનકાર કરવામાં આવ્યા બાદ યુવતી અને તેના પરિવારજનો વધુ ચિંતામાં મુકાયા હતા. યુવતીના જણાવ્યા મુજબ આરોપીએ પણ આ મામલે કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો નહોતો અને લગ્ન અંગે કોઈ નિર્ણય ન લેતાં આખરે યુવતીએ કાયદાનો સહારો લેવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ યુવતી દ્વારા વટવા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધીને સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. પોલીસ હવે બંને વચ્ચેના સંબંધ, સોશિયલ મીડિયા પર થયેલી વાતચીત, લગ્નના વચનો અને ફરિયાદમાં કરવામાં આવેલા આરોપો સહિતના મુદ્દાઓની તપાસ કરશે.

# ગુજરાત હાઈકોર્ટ સહિત અમદાવાદ-સુરતની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનારો ચેન્નઈથી પકડાયો

**અમદાવાદ, તા.07**

અમદાવાદમાં ગુજરાત હાઈકોર્ટ અને સુરત સેશન્સ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા ઈ-મેઈલના મામલામાં સાયબર ક્રાઈમ બ્રાન્ચને મહત્વની સફળતા મળી હોવાનું સામે આવ્યું છે. તપાસના તાર છેક ચેન્નઈ સુધી પહોંચ્યા બાદ પોલીસે ધમકીભર્યો ઈ-મેઈલ મોકલવાના આરોપસર એક વ્યક્તિની અટકાયત કરી છે. પકડાયેલા આરોપીને અમદાવાદ લાવવામાં આવ્યો હોવાનું અને હવે તેની સઘન પૂછપરછ કરીને આ સમગ્ર ઘટનાની પાછળનો હેતુ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી અનુસાર શનિવારે, 5 સપ્ટેમ્બરના રોજ ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રારના અધિકૃત ઈ-મેઈલ આઈડી પર એક ધમકીભર્યો મેઈલ આવ્યો હતો. આ ઈ-મેઈલમાં અંગ્રેજીમાં ‘bomb rdx ahmedabad and surat court’ જેવા શબ્દો લખીને અમદાવાદ અને સુરતની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. કોર્ટ જેવા અત્યંત સંવેદનશીલ સ્થળને લઈને આવી ધમકી મળતાં જ કોર્ટ પ્રશાસન અને પોલીસ તંત્રમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યા બાદ સમગ્ર ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી હતી અને કોઈપણ પ્રકારનું જોખમ ન લેવાય તે માટે તાત્કાલિક સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટના પરિસરમાં બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ એટલે કે BDDSની ટીમને બોલાવવામાં આવી હતી. આ ઉપરાંત ડોગ સ્ક્વોડની મદદથી કોર્ટ પરિસરના વિવિધ વિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

કોર્ટના મુખ્ય વિસ્તારો, પ્રવેશદ્વારો, ઓફિસો, પાર્કિંગ વિસ્તાર અને અન્ય સંવેદનશીલ સ્થળોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. સુરક્ષા એજન્સીઓએ કલાકો સુધી ચેકિંગ કરીને કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક સામગ્રી છે કે નહીં તેની તપાસ કરી હતી. જોકે, લાંબી તપાસ બાદ કોર્ટ પરિસરમાંથી કોઈ બોમ્બ, વિસ્ફોટક પદાર્થ કે અન્ય શંકાસ્પદ સામગ્રી મળી આવી નહોતી.

તપાસ દરમિયાન સ્પષ્ટ થયું કે ધમકીભર્યો ઈ-મેઈલ માત્ર અફવા અથવા ખોટી ધમકી સાબિત થયો હતો. જોકે, કોર્ટ જેવા મહત્વપૂર્ણ




અને સંવેદનશીલ સ્થળને લઈને આપવામાં આવેલી આવી ધમકીને પોલીસ દ્વારા અત્યંત ગંભીરતાથી લેવામાં આવી હતી. ખોટી ધમકી આપનાર વ્યક્તિ સુધી પહોંચવા માટે સાયબર ક્રાઈમ બ્રાન્ચે તાત્કાલિક ગુનો નોંધીને ટેકનિકલ તપાસ શરૂ કરી હતી.

સાયબર ક્રાઈમની ટીમે ઈ-મેઈલ મોકલવામાં ઉપયોગમાં લેવાયેલા ડિજિટલ માધ્યમો, ટેકનિકલ માહિતી અને આઈપી એડ્રેસ સહિતના વિવિધ પાસાઓની તપાસ શરૂ કરી હતી. આધુનિક સાયબર ટેકનિક અને ડિજિટલ એનાલિસિસની મદદથી તપાસને આગળ વધારવામાં આવી હતી. તપાસ દરમિયાન ધમકીભર્યો ઈ-મેઈલ ચેન્નઈથી મોકલવામાં આવ્યો હોવાના તાર સામે આવ્યા હતા.

આ મહત્વપૂર્ણ માહિતી મળતાં જ અમદાવાદ સાયબર ક્રાઈમની ટીમે તપાસનો દોર ચેન્નઈ સુધી લંબાવ્યો હતો. પોલીસ ટીમે ત્યાં પહોંચીને ટેકનિકલ માહિતીના આધારે શંકાસ્પદ વ્યક્તિ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો અને આખરે ઈ-મેઈલ મોકલવાના આરોપસર એક વ્યક્તિને અટકાયતમાં લેવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

પકડાયેલા આરોપીને આગળની તપાસ માટે અમદાવાદ લાવવામાં આવ્યો છે. સાયબર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હવે તેની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. આરોપીએ ગુજરાત હાઈકોર્ટ અને સુરત સેશન્સ કોર્ટને ધમકી આપતો ઈ-મેઈલ કયા હેતુથી મોકલ્યો હતો તે સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન બની ગયો છે.

પોલીસ એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે આરોપીનો હેતુ માત્ર અફવા ફેલાવીને ભયનો માહોલ ઊભો કરવાનો હતો કે પછી તેની પાછળ કોઈ અન્ય કારણ હતું. આરોપીએ અગાઉ પણ કોઈ સરકારી સંસ્થા, કોર્ટ, પોલીસ તંત્ર અથવા અન્ય મહત્વપૂર્ણ સ્થળોને આ પ્રકારની ધમકી આપી છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

આરોપીએ ઈ-મેઈલ મોકલવા માટે કયું ડિવાઈસ અને કયું ઈન્ટરનેટ કનેક્શન ઉપયોગમાં લીધું હતું, તેની પણ તપાસ કરવામાં આવી શકે છે. પોલીસ દ્વારા મોબાઈલ ફોન, કમ્પ્યુટર અથવા અન્ય ડિજિટલ ઉપકરણો સહિતના પુરાવાઓની તપાસ કરીને સમગ્ર ઘટનાક્રમની કડી જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

કોર્ટ પરિસર જેવા મહત્વપૂર્ણ સ્થળને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવાથી સુરક્ષા એજન્સીઓએ તાત્કાલિક મોટાપાયે કાર્યવાહી કરવી પડે છે. આવી ખોટી ધમકીઓને કારણે પોલીસ અને સુરક્ષા તંત્રના મોટા પ્રમાણમાં સંસાધનો તપાસમાં રોકાઈ જાય છે અને સામાન્ય કામગીરી પણ પ્રભાવિત થઈ શકે છે. આ કારણોસર પોલીસે આ ઘટનાને ગંભીરતાથી લઈને આરોપી સુધી પહોંચવા માટે ઝડપી કાર્યવાહી કરી હતી. હાલ સાયબર ક્રાઈમ બ્રાન્ચની તપાસ ચાલુ છે અને આરોપીની પૂછપરછમાંથી વધુ મહત્વપૂર્ણ વિગતો સામે આવી શકે છે. આરોપીએ એકલા આ કૃત્ય કર્યું હતું કે તેની સાથે અન્ય કોઈ વ્યક્તિ પણ સંકળાયેલી હતી તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

# વાડજમાં અડધી રાત્રે લોહિયાળ ખેલ, બોડકદેવના યુવકે રૂપિયા 90 હજારની ઉઘરાણીમાં મિત્ર પર છરાથી હુમલો કર્યો

**અમદાવાદ, તા.07**

અમદાવાદ શહેરમાં કિશોરો વચ્ચે ઉછીના પૈસાની લેતીદેતીને લઈને થયેલા વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હોવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. થલતેજ વિસ્તારમાં રહેતા 16 વર્ષીય કિશોરે નવું મોપેડ ખરીદ્યા બાદ મિત્ર પાસેથી લીધેલા 90 હજાર રૂપિયા પરત ન આપતાં બંને વચ્ચે વિવાદ થયો હોવાનું સામે આવ્યું છે. આર્થિક મામલે શરૂ થયેલો ઝઘડો એટલો ઉગ્ર બન્યો કે મિત્રએ કિશોરને વાડજ વિસ્તારમાં મળવા બોલાવી તેના પર છરા વડે હુમલો કર્યો હોવાનો આરોપ છે.

આ હુમલામાં 16 વર્ષીય કિશોરને જમણા પગના સાથળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને તેને સારવાર દરમિયાન પાંચ ટાંકા લેવા પડ્યા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે હુમલા દરમિયાન પોતાના મિત્રને બચાવવા વચ્ચે પડેલા અન્ય યુવકને પણ છરાનો ઘા વાગ્યો હતો. તેના હાથમાં ગંભીર ઈજા થતાં તેને દસ ટાંકા લેવા પડ્યા હતા. બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર મામલે થલતેજ ગામની ગિરનાર એપાર્ટમેન્ટમાં રહેતા અને ઘરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા



ગીતાબેન મિસ્ત્રીએ વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે ઓમ મકવાણા અને તેના સાગરીત તરીકે જણાવાયેલા ગુજ્જુ મરાઠી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પોલીસ ફરિયાદ મુજબ ગીતાબેનનો 16 વર્ષીય પુત્ર ક્રિષ્ના 5 સપ્ટેમ્બરની રાત્રે પોતાના મિત્ર અંકુશ સાથે હતો. આ દરમિયાન બોડકદેવ વિસ્તારમાં આવેલી નર્મદા આવાસ યોજનામાં રહેતા તેના મિત્ર ઓમ મકવાણાનો ફોન આવ્યો હતો. ફરિયાદ મુજબ ઓમે ક્રિષ્નાને વાડજ વિસ્તારમાં આવેલા રામાપીરના ટેકરા નજીક મળવા માટે બોલાવ્યો હતો.

ફોન આવ્યા બાદ ક્રિષ્ના અને તેનો મિત્ર અંકુશ મોપેડ લઈને વાડજ તરફ પહોંચ્યા હતા. બંને BRTS રોડ સામે આવેલી કૃષ્ણ ગોકુલ સોસાયટીના ગેટ નજીક પહોંચ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. જોકે, ત્યાં પહોંચ્યા બાદ વાતચીત શાંતિથી થવાને બદલે ઉછીના પૈસાને લઈને ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ હતી.

ફરિયાદ અનુસાર ઓમ મકવાણાએ ક્રિષ્ના પાસેથી અગાઉ ઉછીના આપેલા 90 હજાર રૂપિયા પરત માગ્યા હતા. પૈસાની લેતીદેતી અંગે બંને વચ્ચે બોલાચાલી થતાં મામલો વધુ ઉગ્ર બન્યો હતો. આરોપીએ ગાળાગાળી કરીને ઝઘડો શરૂ કર્યો હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ દરમિયાન ઓમ સાથે આવેલા તેના સાગરીતે છરો કાઢીને ઓમને આપ્યો હોવાનો આરોપ છે. પરિસ્થિતિ ગંભીર બનતાં કિશોર ક્રિષ્નાએ ત્યાંથી બચીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ફરિયાદ મુજબ ઓમે તેના પર છરા વડે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો.

હુમલા દરમિયાન ક્રિષ્નાના મોપેડને છરાથી નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું પણ સામે આવ્યું છે. મોપેડ પર છરાનો ઘા મારવામાં આવતાં વાહનનું સંતુલન બગડ્યું હતું અને આ દરમિયાન છરાનો એક ઘા ક્રિષ્નાના જમણા પગના સાથળના ભાગે વાગ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ગંભીર ઈજાના કારણે કિશોર લોહીલુહાણ થઈ ગયો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના પ્રવાસે આવશે

# વડાપ્રધાન 32,606 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોની ભેટ આપશે

### વડાપ્રધાન મોદી વડોદરાના યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે યોજાનારા કાર્યક્રમમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ફ્લેગ ઑફ કરશે

**વડોદરા, તા.07**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ વડોદરાના યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે યોજાનારા કાર્યક્રમમાં રૂ.૩૫,૨૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ફ્લેગ ઑફ કરશે. તેમાં રૂ.૩૨,૬૦૬ કરોડથી વધુના કેન્દ્ર સરકારના તથા રૂ.૨,૫૯૭ કરોડથી વધુના રાજ્ય સરકારના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

વડાપ્રધાનના હસ્તે કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. કેન્દ્ર સરકારના રૂ.૩૨,૬૦૬ કરોડથી વધુના વિકાસકાર્યોમાં નેશનલ હાઈવેઝ ઑથોરિટી ઑફ ઈન્ડિયા (NHAI)ના રૂ.૧,૮૪૦.૫૫ કરોડના પ્રોજેક્ટ્સ સામેલ છે.

NHAI હેઠળ ખાતમુહૂર્ત થનારા પ્રોજેક્ટ્સમાં NH-48ના વડોદરા-સુરત સેક્શનમાં તાપી અને નર્મદા નદી પરના મુખ્ય પુલ સહિતના માળખાંનું રૂ.૯૦૭.૩૯ કરોડના ખર્ચે નિર્માણકાર્ય, કામરેજ-ચલથાણ સેકશનના છ માર્ગીય કેરેજવેનું રૂ.૬૯૬.૧૫ કરોડનું કામ તથા NH-53 પર આભવા, મીંઢોળા અને ખજોદ જંકશન ખાતે ગ્રેડ સેપરેટેડ સ્ટ્રક્ચર્સનું રૂ.૧૮૭.૧૧ કરોડના ખર્ચે નિર્માણકાર્યનો સમાવેશ થાય છે. આ ઉપરાંત,NH-48 પર કંડારી ચોકડી અને લુવારા પાટિયા ખાતે રૂ.૫૯.૯૦ કરોડના ખર્ચે નિર્મિત છ માર્ગીય ફ્લાયઓવરનું લોકાર્પણ કરવામાં આવશે.

ભારતીય રેલવે હેઠળ રૂ.૩૦,૭૬૬ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત થશે. રૂ.૨૦,૭૦૩ કરોડના ખર્ચે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (WDFC)ના ત્રણ વિભાગો–ન્યૂ સાણંદ (N)-ન્યૂ મકરપુરા (૧૩૮ કિ.મી.), ન્યૂ ઉમરગામ-ન્યૂ સફાળે (૮૬ કિ. મી.) અને ન્યૂ સફાળે-ન્યૂ JNPT (૧૦૨ કિ.મી.)–નું લોકાર્પણ કરવામાં આવશે. સાથે જ, રૂ.૮,૮૮૫ કરોડના ખર્ચે વડોદરા-રતલામ વચ્ચે ૨૫૯ કિ.મી. લાંબા ત્રીજા અને ચોથા રેલવે ટ્રેકના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

આ ઉપરાંત, અન્ય રેલવે લાઈનોના ગેજ કન્વર્ઝન અને ડબલિંગના કામોનું લોકાર્પણ તેમજ વડોદરા-ટાંડા રોડ વચ્ચે નવી ટ્રેન અને WDFC પર માલગાડીનું ફ્લેગ ઑફ પણ કરવામાં આવશે. વડોદરા ખાતે ગુજરાત સરકારના રૂ.૨,૫૯૭ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ્સમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગૃહ વિભાગ, IMD-GIDC, પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ (RDD), પોર્ટ્સ અને ટ્રાન્સપોર્ટ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, શહેરી વિકાસ વિભાગ તથા પાણી પુરવઠા વિભાગ હેઠળના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.




શહેરી વિકાસ વિભાગ હેઠળ ગુજરાતને કુલ રૂ.૯૧૬.૩૮ કરોડના ખર્ચે ૮ જેટલા પ્રોજેક્ટ્સની ભેટ મળશે. તેમાં રૂ.૫૨૩.૫૯ કરોડના ખર્ચે વડોદરા રિંગ રોડના બીજા તબક્કાના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી કચેરીના નિર્માણનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે.

વડાપ્રધાન VUDAની હદમાં પૂર્વ વિસ્તારનાં ૧૧ ગામો માટે રૂ.૨૦૩.૭૭ કરોડના ખર્ચે ફિલ્ટર પ્લાન્ટ, પાણીની ટાંકી, પાઈપલાઈન, વિતરણ વ્યવસ્થા, અંડરગ્રાઉન્ડ સમ્પ તથા પમ્પિંગ સ્ટેશન સહિતની વિવિધ માળખાકીય સુવિધાઓનું લોકાર્પણ કરશે. સાથે જ, ભાયલી ટી.પી.-૩ અને ટી.પી.-૪ વિસ્તારોમાં એલિવેટેડ ટાંકી, અંડરગ્રાઉન્ડ સમ્પ, ફીડર લાઈન અને પમ્પિંગ મશીનરી સહિતની સુવિધાઓ, આજવા સરોવર ખાતે ૧૫૦ MLD ક્ષમતાના પોન્ટૂનનું નિર્માણ, વડોદરા શહેરના વિવિધ જંક્શનો ખાતે સ્ટોર્મ વોટર ડ્રેનેજની સુવિધા તથા PMAY હેઠળ EWS આવાસો જેવા વિવિધ વિકાસકાર્યોનું પણ લોકાર્પણ કરવામાં આવશે.

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ મહીસાગર જિલ્લાના કડાણા ડેમના જળાશય પર રૂ.૪૮૯.૨૦ કરોડના ખર્ચે ૧૧૦ મેગાવોટ ક્ષમતાના ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત, વડોદરા અને સુરતમાં કુલ રૂ.૯૪.૫૮ કરોડના ટ્રાન્સમિશન સિસ્ટમ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવશે. આ વિકાસકાર્યોના પરિણામે રાજ્યમાં માળખાગત સુવિધાઓને વધુ વેગ મળશે તેમજ નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (PMAY-G) અંતર્ગત સમગ્ર રાજ્યમાં રૂ.૨૩૬.૧૦ કરોડના ખર્ચે નિર્મિત ૧૩,૮૮૮ આવાસોનું લોકાર્પણ પણ કરવામાં આવશે.

આ ઉપરાંત, માર્ગ અને મકાન વિભાગ હેઠળ મહીસાગર નદી પર રૂ.૧૫૦ કરોડના ખર્ચે નવા મેજર બ્રિજ, વાત્રક નદી પર રૂ.૭૪.૧૦ કરોડના ખર્ચે મેજર બ્રિજ તથા નડિયાદ-ડાકોર-પાલી માર્ગ પર હાઈ-લેવલ મેજર બ્રિજના નિર્માણનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન આણંદ ખાતે નવા બસ સ્ટેશનના નિર્માણનું ખાતમુહૂર્ત પણ કરવાના છે. જ્યારે નવસારીના એરુ PHQ ખાતે વિકસાવવામાં આવેલી વિવિધ સુવિધાઓનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત, IMD-GIDC હેઠળ બે વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે.

તેમાં ઝઘડિયા-કાંટિયાજળ પાઈપલાઈનનું નવીનીકરણ તથા સાવલી ફેઝમાં રસ્તાઓને પહોળા કરવા અને રિસરફેસિંગના કામોનો સમાવેશ થાય છે. પાણી પુરવઠા વિભાગ હેઠળ તાપી જિલ્લાના સોનગઢ વિસ્તારમાં રૂ.૨૧૪.૫૨ કરોડના ખર્ચે ત્રણ RWSS પેકેજનું લોકાર્પણ કરવામાં આવશે.

## CM વિજય બોલ્યા- મહિલાઓ વિરુદ્ધ અપમાનજનક ભાષા સહન નહીં કરું...

- મારી જીત પાછળ મહિલાઓ જ છે, ઉદયનિધિ સ્ટાલિને અભિનેત્રી તૃષા પર વાંધાજનક ટિપ્પણી કરી હતી

**ચેન્નાઈ, તા.07**

તમિલનાડુના સીએમ વિજયે સોમવારે વિધાનસભામાં કહ્યું કે મહિલાઓ અને બાળકોની સુરક્ષા તેમની સરકારની પ્રાથમિકતા છે. મહિલાઓ વિરુદ્ધ કોઈપણ પ્રકારની અભદ્ર ભાષા સહન કરવામાં આવશે નહીં.



વિજયનું આ નિવેદન વિરોધ પક્ષના નેતા ઉદયનિધિ સ્ટાલિન દ્વારા અભિનેત્રી ત્રિશા વિશે કરવામાં આવેલી ડબલ મિનિંગ ટિપ્પણીના વિવાદ વચ્ચે આવ્યું છે. પોલીસે 4 ઓગસ્ટે ઉદયનિધિ સ્ટાલિનને પૂછપરછ માટે કસ્ટડીમાં લીધા હતા. મદ્રાસ હાઈકોર્ટના આદેશ બાદ તેમને તે જ દિવસે મુક્ત કરવામાં આવ્યા હતા.

વિજયે કહ્યું કે વિકાસ માટે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવી જરૂરી છે. પોલીસનું કામ માત્ર આરોપીઓને પકડવાનું નથી, પરંતુ રાજ્યના વિકાસનો પાયો મજબૂત કરવાનું પણ છે.

તેમણે આગળ કહ્યું કે જે લોકો કાયદાનું પાલન કરે છે, તેમના માટે પોલીસ મિત્ર છે અને જે કાયદાનું પાલન નથી કરતા, તેમના માટે પોલીસ દુશ્મન છે. રાજકીય નેતાઓ અને અધિકારીઓએ પોલીસના કામમાં દખલ ન કરવી જોઈએ.

ઉદયનિધિ સ્ટાલિને આ કથિત ડબલ-મિનિંગ ટિપ્પણી 3 ઓગસ્ટના રોજ તંજાવુરમાં કાવેરી જળ વિવાદને લઈને આયોજિત વિરોધ પ્રદર્શન દરમિયાન કરી હતી. આ દરમિયાન ભીડમાં 'ત્રિશા, ત્રિશા' ના નારા લાગ્યા. આરોપ છે કે તેના પર ઉદયનિધિએ કહ્યું, 'પાણી ક્યાંય પહોંચે કે ન પહોંચે, ત્યાં જરૂર પહોંચવું જોઈએ.' બાદમાં સ્પષ્ટતા કરી કે તેમનો ઈશારો કાવેરીના પાણી તરફ હતો.

આ પછી 4 ઓગસ્ટના રોજ ઉદયનિધિની પોલીસે 8 કલાક સુધી પૂછપરછ કરી, ત્યારબાદ તેમને મુક્ત કરવામાં આવ્યા. બહાર આવીને તેમણે કહ્યું કે વિજયની પોલીસે મારી સાથે આતંકવાદી જેવો વ્યવહાર કર્યો. મેં કોઈ મહિલાનું અપમાન કરવાનો પ્રયાસ કર્યો નથી.

4 મેના રોજ તમિલનાડુ વિધાનસભાના પરિણામો આવ્યા હતા. TVK એ 234 માંથી 108 બેઠકો જીતી હતી. તે દિવસે તૃષાનો જન્મદિવસ હતો. પરિણામો આવે તે પહેલાં તે તિરુમાલા મંદિર પહોંચી, દર્શન કર્યા અને પછી વિજયના ઘરે પહોંચી.

વિજય અને તૃષાની કેમેસ્ટ્રી ઘણી ચર્ચામાં રહી છે. બંને લગભગ 5 ફિલ્મોમાં સાથે જોવા મળ્યા છે, જેમાં 2023માં રિલીઝ થયેલી સુપરહિટ ફિલ્મ લિયો પણ સામેલ છે. આ એ જ સમય હતો જ્યારે વિજયની પત્ની સંગીતા સોરનાલિંગમ છૂટાછેડા માટે કોર્ટમાં લડી રહી હતી. જોકે, તેમણે કેસ પાછો ખેંચી લીધો છે.

## RSS પ્રમુખે કહ્યું- હિન્દુ વિચારમાં પોતાનાપણું સૌથી ઉપર: લોકો પોતાની કર્મભૂમિ પ્રત્યે ઈમાનદાર રહે....

**લંડન, તા.07**

લંડનમાં RSS પ્રમુખ મોહન ભાગવતે રવિવારે કહ્યું કે લોકો પોતાની 'કર્મભૂમિ' પ્રત્યે ઈમાનદાર રહે અને પોતાને મજબૂત કરે, જેથી તેઓ કર્મભૂમિની સાથે માનવતાની સેવા પણ કરી શકે. ભાગવતે બ્રિટનમાં રહેતા ભારતીય મૂળના લોકોને કહ્યું કે જો કોઈની પાસે ભારતની સેવા માટે વધારાના સાધન અને સમય હોય, તો તે બ્રિટન પ્રત્યે વફાદાર રહેતા આવું કરી શકે છે. આ નિવેદનનો સમય અને તે કયા કાર્યક્રમમાં આપવામાં આવ્યું, તેની માહિતી નથી. તેમણે કહ્યું- 'આપણે આપણી કર્મભૂમિ પ્રત્યે ઈમાનદાર રહી શકીએ છીએ અને પોતાને મજબૂત કરી શકીએ છીએ, જેથી આપણી કર્મભૂમિની સાથે-સાથે માનવતાની સેવા પણ કરી શકીએ.'

આ આયોજન 'સેલિબ્રેશન ઓફ વનનેસ' થીમ પર થયું હતું. તેને બ્રિટનમાં 1966થી કામ કરી



રહેલા સંગઠન 'હિન્દુ સ્વયંસેવક સંઘ યુકે' (HSS UK) એ આયોજિત કર્યું હતું.

બધા એક છે: મોહન ભાગવતે કહ્યું કે ઉપરથી દુનિયામાં ઘણા પ્રકારના ભેદ દેખાય છે, પરંતુ અંદરથી બધા એક જ છે. વિવિધતા કુદરતી છે, તેથી બધાનો આદર થવો જોઈએ. હિન્દુ રાષ્ટ્રનો ઉદ્દેશ્ય દુનિયાને આ સત્ય જણાવવાનો છે કે વિવિધતા સ્વાભાવિક છે અને એકતા જ સત્ય છે.

લડાઈ નહીં, બંનેનો ફાયદો: તેમણે કહ્યું કે સમસ્યાઓને દુશ્મનીથી નહીં, પરંતુ એવી રીતે ઉકેલવી જોઈએ જેથી બંને પક્ષોનું ભલું થાય (વિન-વિન). જો કોઈ વસ્તુની જરૂર બંનેને હોય, તો વહેંચીને ઉપયોગ કરવો જોઈએ.

પ્રકૃતિ સાથે તાલમેળ: ભાગવતે કહ્યું કે માણસ કુદરતનો જ એક ભાગ છે, તેને જીતવાની જરૂર નથી. વિકાસ એવો હોવો જોઈએ કે જેનાથી માણસોની જરૂરિયાતો પણ પૂરી થાય અને પર્યાવરણને પણ નુકસાન ન પહોંચે. લંડનનો કાર્યક્રમ RSSના શતાબ્દી વર્ષ સાથે જોડાયેલા આઉટરીચ કાર્યક્રમનો એક ભાગ છે. ભાગવત 17 દિવસના વિદેશ પ્રવાસે છે. તેઓ 25 ઓગસ્ટે ન્યૂયોર્ક પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓ કેનેડા ગયા હતા.

જોકે, બ્રિટનના 20 સિવિલ સોસાયટી સંગઠનોએ લંડનના મેયર સાદિક ખાનને પત્ર લખીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના કાર્યક્રમોનો બહિષ્કાર કરવાની માંગ કરી છે. કન્ઝર્વેટિવ બ્રિટિશ સાંસદ બોબ બ્લેકમેને RSS પ્રમુખના લંડન પ્રવાસનું સમર્થન કર્યું હતું.

## દાવો-શિવસેના ઠાકરે જૂથના 14 ધારાસભ્યો એકનાથના સંપર્કમાં

### શિવસેના નેતાએ કહ્યું- ટુંક સમયમાં ઓપરેશન ટાઈગર-4, ઉદ્ધવના 6 સાંસદો શિંદે જૂથમાં સામેલ થયા હતા

**મુંબઈ, તા.07**

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર પાર્ટી વિભાજનની ચર્ચાઓ તેજ બની છે. શિવસેના શિંદે જૂથના ધારાસભ્ય મુરજી પટેલે દાવો કર્યો છે કે આગામી દિવસોમાં રાજ્યમાં ઓપરેશન ટાઈગર-4 થવાનું છે. પટેલનું કહેવું છે કે શિવસેના ઠાકરે જૂથના લગભગ 14 ધારાસભ્યો એકનાથ શિંદેના સંપર્કમાં છે.

ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના લોકસભાના કુલ 9માંથી 6 સાંસદો પક્ષથી અલગ થઈને ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેની શિવસેનામાં જોડાઈ ગયા હતા. લોકસભામાં હવે શિંદેના સાંસદોની સંખ્યા 7થી વધીને 13 થઈ ગઈ છે. જોકે, 14 ધારાસભ્યોની વાતને લઈને હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી.

મુરજી પટેલના દાવા મુજબ, ઠાકરે જૂથના સાંસદો પછી હવે



ધારાસભ્યો અને પછી નગરસેવકો પણ શિંદેના નેતૃત્વવાળી શિવસેનામાં જોડાઈ શકે છે. આ સમગ્ર ચર્ચામાં 14નો આંકડો ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

વિધાનસભામાં ઠાકરે જૂથ પાસે 20 ધારાસભ્યો છે. કાયદા મુજબ, જો આમાંથી બે-તૃતીયાંશ ધારાસભ્યો એકસાથે પક્ષપલટો કરે છે, તો પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ અલગ કાનૂની અને રાજકીય સ્થિતિ ઊભી થઈ શકે છે.

સૂત્રોના હવાલેથી એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે કેટલાક ધારાસભ્યોએ કોઈ ખાનગી જગ્યાએ એકનાથ શિંદે સાથે મુલાકાત કરી છે. આ ઉપરાંત, મહાવિકાસ અઘાડી (MVA)ની હાલની બેઠકમાં 60માંથી 37 ધારાસભ્યોની ગેરહાજરીએ પણ રાજકીય અટકળોને વેગ આપ્યો છે.

ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે સાથે તમામ 6 સાંસદોએ મુંબઈમાં પ્રેસ કોન્ફરન્સ કરીને તેની જાહેરાત કરી હતી. ડેપ્યુટી સીએમે કહ્યું, 'જ્યારે 2022માં અમે પાર્ટી અને ધનુષ-બાણ બચાવવા માટે વિદ્રોહ કર્યો હતો, ત્યારે 40 ધારાસભ્યો હતા અને હવે અમે છગ્ગો માર્યો છે.'

તેમણે કહ્યું, 'અમારી લડાઈ બાળાસાહેબના વિચારોને બચાવવા માટે છે, એટલા માટે આજે આ 6 સાંસદો બાળાસાહેબની અસલી શિવસેનામાં સામેલ થયા.'

2024 વિધાનસભા ચૂંટણીની કુલ 288 બેઠકોમાંથી ભાજપ, શિંદેની શિવસેના અને અજિત પવારની NCP વાળા મહાયુતિ ગઠબંધનને 235 બેઠકો મળી. મહાવિકાસ આઘાડી (MVA) એ 50 બેઠકો જીતી. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT) માત્ર 20 બેઠકો પર સમેટાઈ ગઈ.

2024ની લોકસભા ચૂંટણીમાં 48 બેઠકોવાળા મહારાષ્ટ્રમાં વિપક્ષી INDIA ગઠબંધન (મહાવિકાસ આઘાડી) એ સરસાઈ મેળવી અને 30 બેઠકો જીતી, જેમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને 9 બેઠકો મળી. NDA (મહાયુતિ) એ 17 બેઠકો પર જીત નોંધાવી હતી.

બાલાસાહેબ ઠાકરેના નેતૃત્વ હેઠળ શિવસેનામાં પહેલો બળવો 1991માં થયો હતો. પાર્ટીના નેતા છગન ભુજબળ 14 ધારાસભ્યો સાથે કોંગ્રેસમાં જોડાયા હતા. 1999માં જ્યારે શરદ પવાર કોંગ્રેસથી અલગ થયા, ત્યારે છગન પણ તેમની સાથે ગયા. પવારે NCP બનાવી. 2023માં NCPમાં ભંગાણ પડ્યું ત્યારે તેઓ અજિત પવાર જૂથ સાથે આવી ગયા.

## ચાલુ ફ્લાઈટે પેસેન્જરને આખેઆખો ટેપથી બાંધી દીધો: નરકની વાતો કરતા બુમો પાડવા લાગ્યો.....

**વોશિંગ્ટન, તા.07**

અમેરિકામાં અમેરિકન એરલાઈન્સની એક ફ્લાઈટમાં 67 વર્ષના એક મુસાફરે ભારે હોબાળો મચાવ્યો. તેણે પહેલા ફ્લાઈટ એટેન્ડન્ટ અને અન્ય મુસાફરો વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરી. ત્યારબાદ તેણે નજીકમાં બેઠેલા મુસાફર પર હુમલો કર્યો અને વચ્ચે બચાવ કરવા આવેલી એક મહિલાને પણ ધક્કો માર્યો. પરિસ્થિતિ વણસતા ત્રણ મુસાફરોએ તેને કાબૂમાં લીધો અને ડક્ટ ટેપ તથા ઝિપ ટાઈ વડે સીટ પર બાંધી દીધો. આ ઘટનાને કારણે ફ્લાઈટને બાલ્ટીમોર ડાયવર્ટ કરવી પડી.આ ઘટના 3 સપ્ટેમ્બરની રાત્રે અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટ 618માં બની હતી. વિમાન ટેક્સાસના ડલ્લાસ-ફોર્ટ વર્થથી ન્યૂ જર્સીના નેવાર્ક જઈ રહ્યું હતું.

રિપોર્ટ્સ અનુસાર, ઉડાનના લગભગ બે કલાક પછી મુસાફર અચાનક બાજુમાં બેઠેલા વ્યક્તિ પર બૂમો પાડવા લાગ્યો. તે જીસસ અને નરકમાં જવાની વાતો કરી



રહ્યો હતો. ફ્લાઈટ એટેન્ડન્ટે તેને શાંત કરાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે વધુ આક્રમક બની ગયો.

આરોપ છે કે તેણે એક અશ્વેત ફ્લાઈટ એટેન્ડન્ટ વિરુદ્ધ જાતિવાદી અપશબ્દો બોલી અને સમલૈંગિક લોકો વિશે પણ વાંધાજનક ટિપ્પણીઓ કરી. ત્યારબાદ તેણે નજીક બેઠેલા મુસાફર પર હુમલો કર્યો. આરોપી હિંસક બન્યા પછી ત્રણ પુરુષ મુસાફરો તેની મદદ માટે આગળ આવ્યા. તેઓએ મળીને તેને રોકવાનો પ્રયાસ કર્યો. તેમાં નિવૃત્ત અધિકારી જુઆન મેજિયા પણ સામેલ હતા.

મેજિયાના મતે, થોડી જ સેકન્ડમાં વિમાનનું વાતાવરણ સંપૂર્ણપણે બદલાઈ ગયું. પહેલા બધું સામાન્ય હતું, પરંતુ મુસાફર અચાનક બૂમો પાડવા અને મારપીટ કરવા લાગ્યો.

આરોપીને રોકવાના પ્રયાસ દરમિયાન તેણે મેજિયાના હાથ પર બટકું ભર્યું. આ પછી ફ્લાઈટ ક્રૂએ મુસાફરોને ડક્ટ ટેપ અને ઝિપ ટાઈ આપી. મુસાફરોએ તેને સીટ સાથે બાંધી દીધો અને તેના હાથ ઝિપ ટાઈથી સુરક્ષિત કરી દીધા. આરોપી વારંવાર છૂટવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આવી સ્થિતિમાં, યાત્રીઓ અને ક્રૂ મેમ્બર્સે તેને સીટ પર રોકવા માટે ડક્ટ ટેપ અને ઝિપ ટાઈનો ઉપયોગ કર્યો. વીડિયો અને તસવીરોમાં તેના હાથ-પગ બાંધેલા જોવા મળી રહ્યા છે. તેના માથાને પણ ટેપની મદદથી સીટના સહારે બાંધી દેવામાં આવ્યું હતું.

રિપોર્ટ્સ અનુસાર, ફ્લાઈટ એટેન્ડન્ટ્સે યાત્રીઓને ડક્ટ ટેપ અને ઝિપ ટાઈ આપી હતી. ફ્લાઈટને બાલ્ટીમોર-વોશિંગ્ટન ઈન્ટરનેશનલ થર્ગુડ માર્શલ એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી. વિમાન ઉતર્યા બાદ મેરીલેન્ડ ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટી પોલીસે આરોપીની અટકાયત કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, તેની ઓળખ 67 વર્ષીય આર્થર લેન લુન્ડિન તરીકે થઈ છે. તે એરિઝોનાના ટક્સનનો રહેવાસી છે. તેની સામે સેકન્ડ-ડિગ્રી એસોલ્ટ અને ડિસઓર્ડરલી કન્ડક્ટના આરોપો લગાવવામાં આવ્યા છે. પોલીસે જણાવ્યું કે લુન્ડિનના હાથમાં એક ખુલ્લો ઘા પણ હતો. તેને ઘટનાસ્થળે પેરામેડિક્સે તપાસ્યો અને સારવાર પછી મુસાફરી માટે સુરક્ષિત જાહેર કર્યો. સ્થાનિક પોલીસની કાર્યવાહી ઉપરાંત FBI પણ આ મામલાની તપાસ કરી રહી છે. એજન્સી એ જોઈ રહી છે કે આ ઘટનામાં ફેડરલ કાયદા હેઠળ પણ કોઈ કેસ બને છે કે નહીં. FAA પણ આ ઘટનાની તપાસ કરી રહી છે. કોર્ટ રેકોર્ડ મુજબ, લુન્ડિન પ્રારંભિક સુનાવણીમાં હાજર થયો અને તેને તેના જામીન પર મુક્ત કરવામાં આવ્યો. તેની આગામી સુનાવણી 19 ઓક્ટોબરે નક્કી કરવામાં આવી છે.

## ISROનું ખાનગીકરણ થયું નથી, સંસ્થા સરકારી જ છે: ચેરમેન નારાયણને કહ્યું- કર્મચારીઓની ચિંતાઓનું સમાધાન કરીશું

**બેંગલુરુ, તા.07**

ISRO ચેરમેન વી. નારાયણને કહ્યું કે સ્પેસ એજન્સી સરકારી સંસ્થા છે અને તેનું ખાનગીકરણ થયું નથી. તેમણે ISROના કર્મચારીઓની ચિંતાઓને વાજબી ગણાવતા કહ્યું કે તેનું સમાધાન કરવામાં આવશે.

નારાયણન બેંગલુરુ સ્પેસ એક્સપો (BSX)ની 9મી આવૃત્તિના ઉદ્ઘાટન સમારોહ પછી પત્રકારો સાથ વાતચીત કરી રહ્યા હતા.

નારાયણનું નિવેદન ISROની 9 કર્મચારી એસોસિએશનો દ્વારા 4 સપ્ટેમ્બરે મોકલવામાં આવેલા પત્ર પછી આવ્યું. એસોસિએશનોએ ISROના મેન્યુફેક્ચરિંગ અને ઓપરેશનલ કામોને ખાનગી સંસ્થાઓને સોંપવાના પ્રસ્તાવ પર જવાબ માંગ્યો હતો.

નારાયણને કહ્યું કે ભારતના વધતા અંતરિક્ષ કાર્યક્રમ માટે દર વર્ષે લગભગ 50 લોન્ચ વ્હીકલની જરૂર છે. તેમણે કહ્યું કે દેશમાં અંતરિક્ષ ક્ષેત્ર અને સ્પેસ ઈકોનોમીને વધારવા માટે ISRO ખાનગી કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ સાથે




કામ કરી રહ્યું છે.

વી. નારાયણને કહ્યું, "ISROનું ખાનગીકરણ થયું નથી અને તે સરકારી સંસ્થા છે. અમે સરકારી રોકાણ સાથે કામ કરી રહ્યા છીએ. પરંતુ હવે અમારી સામે ઘણા પ્રકારના કામ છે. દેશમાં સ્પેસ ઈકોસિસ્ટમ અને સ્પેસ ઈકોનોમીને વધારવી જરૂરી છે."

કર્મચારી એસોસિએશનો દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓ પર તેમણે કહ્યું, "મારા સાથીઓની જે પણ ચિંતાઓ છે, તે ચોક્કસપણે વાજબી છે. તેમને સ્પષ્ટ કરવી અમારી જવાબદારી છે." અલગ-અલગ અવાજો સાથે જોડાયેલા પ્રશ્ન પર તેમણે કહ્યું, "અમે કર્મચારીઓની ચિંતાઓનું સમાધાન કરીશું."

નારાયણને જણાવ્યું કે ભારતનો અંતરિક્ષ કાર્યક્રમ 64-65 વર્ષ જૂનો છે. આ સમયે દેશના 56 સ્પેસ એસેટ્સ અંતરિક્ષમાં છે, જે સામાન્ય લોકોના કામ આવી રહ્યા છે. જોકે, દેશની જરૂરિયાત આનાથી ક્યાંય વધારે છે.

તેમણે કહ્યું કે લગભગ 6 વર્ષ પહેલા સ્પેસ સેક્ટરમાં સુધારા લાગુ કરવામાં આવ્યા હતા. તેમના મતે, આ સુધારાઓ હેઠળ ISROએ પ્રાઈવેટ સેક્ટર અને સ્ટાર્ટઅપ કંપનીઓને સહયોગ આપવાનો અને દેશના સ્પેસ ઈકોસિસ્ટમને વધારવાનો છે.

નારાયણને કહ્યું, "જ્યારે પણ PSLV કે GSLV લોન્ચ થાય છે, ત્યારે તેના બજેટનો લગભગ 80% હિસ્સો ભારતીય ઈન્ડસ્ટ્રીમાં રોકાણ થાય છે. કુલ 450 ઈન્ડસ્ટ્રી અમારા માટે કામ કરી રહી છે."

ભારતની વધતી અંતરિક્ષ જરૂરિયાતો પર નારાયણને કહ્યું, "દેશની જરૂરિયાત દર વર્ષે લગભગ 50 લોન્ચ વ્હીકલની છે. આપણે આગળ વધવું પડશે."

દર વર્ષે 50 લોન્ચની ક્ષમતા પુરી કરવાની વ્યવહારિકતા પર તેમણે ISRO સાથે જોડાવાના તેમના સમયને યાદ કર્યો. તેમણે કહ્યું કે 43 વર્ષ પહેલાં, જ્યારે તેઓ ISROમાં આવ્યા હતા, ત્યારે 3 વર્ષમાં એક લોન્ચ થતું હતું.

નારાયણને કહ્યું, "હવે ઘણી બધી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. બહારના લોકોને કદાચ એક-બે વસ્તુઓ વિશે જ ખબર હોય, પરંતુ ISRO તરફથી દરેક કામને આગળ વધારવું એ અમારી જવાબદારી છે. દર વર્ષે 50 લોન્ચ એક વાસ્તવિકતા બનવા જઈ રહ્યા છે." તેમણે કહ્યું કે આ કામ "ભારતમાં ભારતીયો દ્વારા" પૂરું કરવામાં આવશે.

## તંત્રી લેખ

# દક્ષિણમાં કોંગ્રેસનો કિલ્લો મજબૂત બની રહ્યો છે


દક્ષિણ ભારતના રાજકારણમાં છેલ્લા કેટલાક સમયથી ઝડપથી બદલાવ જોવા મળી રહ્યો છે અને કોંગ્રેસ પાર્ટી ફરી એકવાર પોતાના પરંપરાગત મજબૂત વિસ્તારોમાં રાજકીય પકડ મજબૂત કરવાની દિશામાં આગળ વધી રહી છે. ઉત્તર અને પશ્ચિમ ભારતના કેટલાક રાજ્યોમાં અપેક્ષા મુજબ રાજકીય સફળતા ન મળતા કોંગ્રેસના ટોચના નેતાઓએ હવે દક્ષિણ ભારત પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાની નવી રણનીતિ અપનાવી હોવાનું માનવામાં આવે છે. કોંગ્રેસના આંતરિક રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે આવનારી 2029ની લોકસભા ચૂંટણીમાં દક્ષિણ ભારત કોંગ્રેસ માટે સૌથી મહત્વપૂર્ણ રાજકીય મેદાન બની શકે છે. આ રાજકીય સમીકરણો વચ્ચે આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના વડા વાય. એસ. જગન મોહન રેડ્ડીને લઈને પણ નવી અટકળો તેજ બની છે. કોંગ્રેસ અને જગન મોહન રેડ્ડી વચ્ચે ભવિષ્યમાં રાજકીય સહયોગ અથવા ગઠબંધનની શક્યતાઓ અંગે ચર્ચા ચાલી રહી છે. તાજેતરના અહેવાલોમાં કોંગ્રેસ તરફથી જગન માટે રાજકીય દરવાજા ખુલ્લા હોવાના સંકેતો મળ્યા હોવાનું સામે આવ્યું છે, જેના કારણે આંધ્રપ્રદેશના રાજકારણમાં મોટા ફેરફારની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, હજુ સુધી કોઈ સત્તાવાર ગઠબંધનની જાહેરાત થઈ નથી અને હાલ આ સમગ્ર મામલો રાજકીય ચર્ચા અને અટકળોના કેન્દ્રમાં છે. જગન મોહન રેડ્ડી આંધ્રપ્રદેશના સૌથી જાણીતા અને પ્રભાવશાળી નેતાઓમાં ગણાય છે. તેમના પિતા અને આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાય.એસ. રાજશેખર રેડ્ડીની રાજકીય વારસાને કારણે પણ જગનનું રાજ્યના રાજકારણમાં એક અલગ સ્થાન રહ્યું છે. વાયએસઆર કોંગ્રેસે છેલ્લા કેટલાક વર્ષોમાં આંધ્રપ્રદેશમાં પોતાની મજબૂત રાજકીય ઓળખ બનાવી છે અને જગન હજુ પણ રાજ્યમાં મહત્વપૂર્ણ વિપક્ષી ચહેરા તરીકે સક્રિય છે. આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેઓ સંગઠનને મજબૂત બનાવવા અને જનતા સુધી સીધો સંપર્ક વધારવાની રણનીતિ પર કામ કરી રહ્યા હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. કોંગ્રેસ માટે દક્ષિણ ભારતનું મહત્વ હવે વધુ વધી રહ્યું છે. કર્ણાટક અને તેલંગાણા જેવા રાજ્યોમાં કોંગ્રેસે પોતાની રાજકીય સ્થિતિ મજબૂત કરી છે, જ્યારે તામિલનાડુમાં પાર્ટી પ્રાદેશિક સાથીઓ સાથે મળીને પોતાની હાજરી જાળવી રાખવા માટે કામ કરી રહી છે. દક્ષિણ ભારતના રાજ્યોમાં ભાજપ સામે પ્રાદેશિક પક્ષો અને કોંગ્રેસ વચ્ચેના રાજકીય સમીકરણો આગામી લોકસભા ચૂંટણીમાં ખૂબ મહત્વપૂર્ણ બની શકે છે. કોંગ્રેસના રાજકીય વ્યૂહરચનાકારોનું માનવું છે કે જો દક્ષિણ ભારતના રાજ્યોમાં પાર્ટી મજબૂત પ્રદર્શન કરવામાં સફળ રહે તો રાષ્ટ્રીય સ્તરે ભાજપ સામેની લડાઈ વધુ અસરકારક બની શકે છે. ખાસ કરીને કર્ણાટક, તેલંગાણા, તામિલનાડુ, કેરળ અને આંધ્રપ્રદેશમાં અલગ અલગ રાજકીય સમીકરણો કોંગ્રેસ માટે મહત્વપૂર્ણ બની શકે છે. દક્ષિણ ભારતમાંથી વધુ લોકસભા બેઠકો જીતવાની યોજના કોંગ્રેસના લાંબા ગાળાના રાજકીય રોડમેપનો મહત્વપૂર્ણ ભાગ બની શકે છે.

આંધ્રપ્રદેશમાં જગન મોહન રેડ્ડી અને કોંગ્રેસ વચ્ચે કોઈ પ્રકારનું રાજકીય સમીકરણ બને તો તેની અસર માત્ર રાજ્ય પૂરતી સીમિત નહીં રહે. વાયએસઆર પરિવારનો કોંગ્રેસ સાથે ઐતિહાસિક સંબંધ રહ્યો છે અને જગન મોહન રેડ્ડીએ પણ પોતાના રાજકીય જીવનની શરૂઆત કોંગ્રેસ સાથે કરી હતી. બાદમાં મતભેદોને કારણે તેમણે અલગ થઈને વાયએસઆર કોંગ્રેસ પાર્ટીની સ્થાપના કરી હતી. હવે ફરીથી બંને રાજકીય શક્તિઓ નજીક આવી શકે છે તેવી ચર્ચાએ રાજકીય વર્તુળોમાં નવી ઉત્સુકતા ઉભી કરી છે. જો ભવિષ્યમાં જગન મોહન રેડ્ડી કોંગ્રેસ અથવા વિપક્ષી ગઠબંધન સાથે હાથ મિલાવે તો આંધ્રપ્રદેશમાં રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર થઈ શકે છે.

**જાણકારોના મતે સંવેદનશીલ સરોવારોમાંથી ૧૩ ઉત્તર સિક્કિમમાં અને ત્રણ પશ્ચિમ સિક્કિમમાં આવેલાં છે. આ પૂર્વોત્તર રાજ્ય અત્યારે હાઈએલર્ટ પર છે. આ સરોવરોમાં તમામ પ્રકારની હિલચાલ પર નજર રાખવા માટે સ્ટેટ સેન્સર્સ, ઓટોમેટેડ વેધર સ્ટેશન્સ અને અર્લી-વૉર્નિંગ સિસ્ટમ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે : ઓક્ટોબર ૨૦૨૩માં સિક્કિમનું દક્ષિણ લ્હોનક સરોવર ફાટ્યું હતું, જેના કારણે તિસ્તા નદીના પટમાં ભયાનક પૂર આવ્યું હતું. આ હોનારતમાં ડઝનબંધ લોકો માર્યા ગયા હતા અને મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થયું હતું**

# નેપાળની વિનાશક પૂર હોનારત બાદ સિક્કિમ હાઈએલર્ટ પર

## સિક્કિમના 16 ગ્લેશિયર સરોવરો અતિ સંવેદનશીલ: ફરી વિનાશક પૂરનો ખતરો, રાજ્યએ મોનિટરિંગ વધાર્યું



જાણકારોના મતે સંવેદનશીલ સરોવારોમાંથી ૧૩ ઉત્તર સિક્કિમમાં અને ત્રણ પશ્ચિમ સિક્કિમમાં આવેલાં છે. આ પૂર્વોત્તર રાજ્ય અત્યારે હાઈએલર્ટ પર છે. આ સરોવરોમાં તમામ પ્રકારની હિલચાલ પર નજર રાખવા માટે સ્ટેટ સેન્સર્સ, ઓટોમેટેડ વેધર સ્ટેશન્સ અને અર્લી-વૉર્નિંગ સિસ્ટમ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે : ઓક્ટોબર ૨૦૨૩માં સિક્કિમનું દક્ષિણ લ્હોનક સરોવર ફાટ્યું હતું, જેના કારણે તિસ્તા નદીના પટમાં ભયાનક પૂર આવ્યું હતું. આ હોનારતમાં ડઝનબંધ લોકો માર્યા ગયા હતા અને મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થયું હતું. ગ્લેશિયરનો એક ભાગ સરોવરમાં તૂટી પડયો હતો, જેના કારણે મોટા પ્રમાણમાં પાણી બહાર ધકેલાઈ ગયું હતું અને ભીષણ પૂર આવ્યું હતું : સિક્કિમના પોતાના માથે જોખમ છે ત્યારે તેણે પૂરતી તૈયારીઓ કરવી પડશે.

નેપાળમાં ૨૬ ઓગસ્ટે આવેલા વિનાશક પૂર બાદ ૧,૦૦૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને હજારો લોકો હજી પણ ગુમ છે, તેમની કોઈ ભાળ મળી નથી. આ દુર્ઘટનાએ હિમાલય ક્ષેત્ર સહિત સિક્કિમમાં પણ ચિંતા વધારી દીધી છે, જ્યાં ઊંચા પર્વતીય વિસ્તારોમાં અનેક ગ્લેશિયર સરોવરો અથવા તો એમ કહીએ કે હિમનદી સરોવરો આવેલાં છે. સિક્કિમમાં નાના-મોટા થઈને ૪૦૦ જેટલાં ગ્લેશિયર સરોવરો છે. તેમાંથી ૧૬ સરોવરોને અતિ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા હોવાના અહેવાલ છે. જાણકારોના મતે સંવેદનશીલ સરોવરોમાંથી ૧૩ ઉત્તર સિક્કિમમાં અને ત્રણ પશ્ચિમ સિક્કિમમાં આવેલાં છે. આ પૂર્વોત્તર રાજ્ય અત્યારે હાઈએલર્ટ પર છે. આ સરોવરોમાં તમામ પ્રકારની હિલચાલ પર નજર રાખવા માટે સ્ટેટ સેન્સર્સ, ઓટોમેટેડ વેધર સ્ટેશન્સ અને અર્લી-વૉર્નિંગ સિસ્ટમ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

જાણકારોના મતે પીગળતા ગ્લેશિયર્સ દ્વારા રચાયેલા ખાડાઓમાં જ્યારે પાણી જમા થાય છે ત્યારે ગ્લેશિયર સરોવરો બને છે. આ પાણી બરફ, પથ્થરો અથવા કાંપથી બનેલા કુદરતી બંધ એટલે કે મોરેઈન દ્વારા અટકેલા હોય છે. આ કુદરતી પાળાઓ સંપૂર્ણપણે મજબૂત કે સ્થિર હોતા નથી. હિમપ્રપાત, ભૂસ્ખલન, ભૂકંપ અથવા બરફ અને ખડકોની અચાનક હિલચાલ આ સરોવરને અસ્થિર કરી શકે છે. જો આ કુદરતી દીવાલ તૂટી જાય, તો વિશાળ માત્રામાં પાણી તળેટી તરફ ધસી આવે છે, જેને 'ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ' એટલે કે જીએલઓએફ કહેવામાં આવે છે. આવા પૂરમાં કાદવ, પથ્થરો, ઝાડ અને અન્ય કાટમાળ વહી આવે છે, જે નીચાણવાળા વિસ્તારોની વસાહતો અને માળખાગત સુવિધાઓ માટે ભારે વિનાશક સાબિત થાય છે. નેપાળની તાજેતરની આપત્તિ દર્શાવે છે કે કેવી રીતે ગ્લેશિયર સંબંધિત ઘટના ઝડપથી વિનાશક પૂરમાં ફેરવાઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, સિક્કિમ રાજ્યના કેટલાક ઈમર્જન્સી સેવાના અધિકારીઓ અને અન્ય હવામાનના જાણકારોનું માનવું છે કે, તાજેતરની નેપાળની ઘટનાઓ ૨૦૨૩માં સિક્કિમમાં બનેલી ઘટના સાથે ઘણી સામ્યતા ધરાવે છે. તેમના મતે નેપાળમાં એક વિશાળ ગ્લેશિયર તૂટી પડયું, નદીનો પ્રવાહ રોકાયો અને બાદમાં પૂર આવ્યું. તેણે સમગ્ર વિસ્તારને ધમરોળી કાઢયો. જાણકારોના મતે ત્રણ વર્ષ પહેલાં આવું જ કંઈક સિક્કિમમાં પણ બન્યું હતું. સિક્કિમ અગાઉ જીવલેણ જીએલઓએફનો સામનો કરી ચૂક્યું છે

ઓક્ટોબર ૨૦૨૩માં સિક્કિમનું દક્ષિણ લ્હોનક સરોવર ફાટ્યું હતું, જેના કારણે તિસ્તા નદીના પટમાં ભયાનક પૂર આવ્યું હતું. આ હોનારતમાં ડઝનબંધ લોકો માર્યા ગયા હતા અને મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થયું હતું. ગ્લેશિયરનો એક ભાગ સરોવરમાં તૂટી પડયો હતો, જેના કારણે મોટા પ્રમાણમાં પાણી બહાર ધકેલાઈ ગયું હતું. દક્ષિણ લ્હોનક ખાતે, ગ્લેશિયરનો એક ભાગ સરોવરમાં પડયો અને વિશાળ પાળ તૂટી ગઈ જેણે પાણીના મોટા જથ્થાને જવાનો રસ્તો આપી દીધો. આ વિશાળ જળજથ્થાને કારણે પૂર આવ્યું હતું. આ હોનારત સિક્કિમની આપત્તિ સજ્જતા માટે એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ. દક્ષિણ લ્હોનકની ઘટના પછી આવેલા ઓક્ટોબરના પૂર બાદ, સ્થાનિક તંત્રને આ વિષયનો વિગતવાર અભ્યાસ કરવાની તક મળી. આવી પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવો તે અંગે સ્થાનિક તંત્રએ તેની ક્ષમતા વિકસાવી છે. તે અનુભવ હવે સંવેદનશીલ સરોવરો અંગે રાજ્યના અભિગમને માર્ગદર્શન આપી રહ્યો છે.

ખાસ વાત એ છે કે, નેપાળની ઘટના બાદ ફરી એક વખત સિક્કિમના વિવિધ ગ્લેશિયર્સનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેના દ્વારા સિક્કિમના સંભવિત જોખમોનું ચિત્ર વધુ સ્પષ્ટ થયું હતું. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ સિક્કિમમાં ૪૦ ઉચ્ચ-જોખમ ધરાવતાં ગ્લેશિયર સરોવરોની ઓળખ કરી છે. તેમાંથી ૧૬નું વર્ગીકરણ કરવામાં આવ્યું છે, જ્યારે ૧૩ હજુ અવર્ગીકૃત છે.

વર્ગીકૃત કરાયેલા સરોવરોમાંથી સાતને 'અતિ ઉચ્ચ જોખમ' ધરાવતાં ગણવામાં આવ્યા છે. પ્રાથમિકતા ધરાવતાં ૧૬ સંવેદનશીલ સરોવરોમાંથી ૧૩નું વિગતવાર વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવામાં આવ્યું છે, જેમાંથી મોટાભાગના આશરે ૧૭,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલાં છે. હાલમાં પણ આ સરોવરની ઊંડાઈ, પાણીનું કદ, પાણી રોકી રાખતા મોરેઈનની સ્થિરતા, તેમજ હિમપ્રપાત અને ભૂસ્ખલનથી થતા જોખમો સહિતના અનેક પરિબળોની તપાસ કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, સિક્કિમ માત્ર સમયાંતરે થતા નિરીક્ષણો પર નિર્ભર રહેવાને બદલે આ સરોવરોનું સતત મોનિટરિંગ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. સરોવરો પર સતત નજર રાખવામાં આવી રહી છે અને ગ્લેશિયલ સરોવરમાં પાણીનું પ્રમાણ વધી રહ્યું છે કે નહીં તે જાણવા માટે મોટાભાગના સરોવરોમાં સેન્સર્સ લગાવાયા છે. તે ઉપરાંત ભૂકંપ અથવા હિમપ્રપાતની શક્યતાઓને પણ સતત ચકાસવામાં આવી રહી છે. ખાસ કરીને ઉત્તર સિક્કિમમાં ઓટોમેટિક વેધર સેન્સિંગ સિસ્ટમ અને અલ એલર્ટ સિસ્ટમ સાથે મોનિટરિંગ નેટવર્કને મજબૂત બનાવવામાં આવ્યું છે. ઉત્તર સિક્કિમના ઘણા વિસ્તારોમાં, જ્યાં મોટાભાગના સરોવરો આવેલાં છે, ત્યાં પાણીના સ્તરમાં કોઈપણ વધારાની માહિતી મેળવવા માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જૂન મહિનામાં સિક્કિમને સી-ડેક (ભ-ઘછભ) દ્વારા વિકસિત સ્વદેશી ગ્લેશિયલ-લેક મોનિટરિંગ ટેક્નોલોજી સ્યુટ મળ્યો હતો. આ સિસ્ટમમાં ગ્લેશિયર સરોવર પ્રોફાઈલિંગ અને જોખમ-મૂલ્યાંકનની ક્ષમતાઓ સામેલ છે. સેન્સર્સ પાણીના સ્તરમાં થતા ફેરફારોને સતત રેકોર્ડ કરી શકે છે અને મોનિટરિંગ સેન્ટર્સને માહિતી મોકલી શકે છે. આ સિસ્ટમ ઉપગ્રહ સંચાર અને પૂરના સિમ્યુલેશનનો ઉપયોગ કરીને પૂરની સંભવિત સ્થિતિ અને પૂરનું પાણી નીચાણવાળા વિસ્તારોમાં કેટલી ઝડપે પહોંચી શકે છે તેનો અંદાજ લગાવી શકે છે. આ બધું એવું સૂચવતું નથી કે જીએલઓએફને અટકાવી શકાય છે. તેનો હેતુ જોખમોને સમયસર પારખી લેવાનો છે જેથી તંત્ર લોકોને સમયસર ચેતવણી આપી શકે અને મોટી હોનારત ટાળી શકાય.

અહેવાલો પ્રમાણે શાકો ચુ ખાતે, સ્થાનિક તંત્ર સોલાર પંપનો ઉપયોગ કરીને સરોવરનું જળસ્તર ૨૦ થી ૪૦ મીટર સુધી ઘટાડવાનું વિચારી રહ્યા છે. હાલમાં ત્યાં એક નબળા ટર્મિનલ મોરેઈનની ઓળખ કરવામાં આવી છે. તેની પાછળ આશરે ૨.૭ કરોડ ક્યુબિક મીટર પાણી સંગ્રહાયેલું છે. અહીંયા પમ્પિંગ કામગીરી દ્વારા આશરે ૮૦ લાખ ક્યુબિક મીટર પાણી બહાર કાઢી શકાય તેવી શક્યતાઓ છે. જાણકારો માને છે કે, આટલું પાણી ઓછું કરવામાં આવે અને કદાચ જો આગામી સમયમાં આ કુદરતી પાળો તૂટે તો નીચાણવાળા વિસ્તારોમાં ધસી જતાં પાણીના જથ્થાને ઘટાડી શકાય તેમ છે. તેનાથી જાનમાલને નુકસાન ઘટશે.

આ સિવાય બીજો પ્રસ્તાવ દક્ષિણ-ઉત્તર લ્હોનક ક્લસ્ટર માટેનો છે. અધિકારીઓ લગભગ ૨૪ કિમી નીચે ડોલ્મા સંપંગ ખાતે પથ્થરના ચણતરવાળા રીટેન્શન સ્ટ્રક્ચરનો અભ્યાસ કરી રહ્યા છે. સંભવિત પૂર વધુ સંવેદનશીલ વિસ્તારોમાં પહોંચે તે પહેલાં તેના પ્રવાહની ગતિ ઘટાડવામાં મદદ કરશે તેવું માનવામાં આવી રહ્યું છે.

મહત્વની વાત એ છે કે, સેન્સર્સ ગ્લેશિયરને તૂટી પડતાં કે કુદરતી બંધને તૂટતાં રોકી શકતા નથી. પરંતુ આ સેન્સર્સ અધિકારીઓને વાસ્તવિક સ્થિતિ સમજવામાં અને નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા માટે નિર્ણાયક સમય આપવામાં ચોક્કસપણે મદદ કરી શકે છે.

હિમાલયના ઉંચાઈવાળા અને પર્વતોના દુર્ગમ પ્રદેશોમાં આ બાબત અત્યંત મહત્વપૂર્ણ સાબિત થાય તેમ છે, જ્યાં સંવેદનશીલ વસાહતો સુધી ઝડપથી પહોંચવું મુશ્કેલ હોય છે. સિક્કિમ પોતાના રાજ્યની સીમાઓથી આગળ પણ મદદનો હાથ લંબાવી રહ્યું છે. નેપાળની હોનારત પછી, રાજ્યે પૂરગ્રસ્ત દેશ સાથે જીએલઓએફ આપત્તિ વ્યવસ્થાપનનો પોતાનો અનુભવ વહેંચવાની તૈયારી દર્શાવી છે. સિક્કિમે નેપાળમાં રાહત ટીમ પણ મોકલી છે. મુખ્યમંત્રી પ્રેમસિંહ ગોલેએ તબીબો સહિત રાહત સામગ્રી લઈને જતાં સ્વયંસેવકોને રવાના કર્યા હતા, જ્યારે સિક્કિમ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના ત્રણ અધિકારીઓને પણ આ મિશનના ભાગરૂપે મોકલવામાં આવ્યા હતા. જાણકારોના મતે આ પહેલ પાછળની પ્રેરણા સિક્કિમને ૨૦૨૩ની આપત્તિ વખતે મળેલી સહાય પણ છે.

જ્યારે ૨૦૨૩માં સિક્કિમમાં આપત્તિ (દક્ષિણ લ્હોનક ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ) આવી ત્યારે ભારે નુકસાન થયું હતું. તે સમયે, સિક્કિમને ભારત સરકાર તેમજ નેપાળ અને અન્ય સ્થળોએથી ઘણી મદદ મળી હતી. આ વાતને ધ્યાનમાં રાખીને અને એક માનવતાવાદી પહેલ તરીકે, સિક્કિમે નેપાળને મદદ કરવા અને સહકારનો હાથ લંબાવવાની કામગીરી કરી છે. આ બધા વચ્ચે સૌથી મહત્ત્વની અને વિચારવાલાયક બાબત એ છે કે, સિક્કિમ પોતે કેટલું સજ્જ છે. નેપાળને હાલમાં મદદ કરવાથી આપત્તીની સ્થિતિ સુધરવાની નથી પણ લોકોને રાહત ચોક્કસ મળશે. બીજી તરફ સિક્કિમના પોતાના માથે જોખમ છે ત્યારે તેણે પૂરતી તૈયારીઓ કરવી પડશે. કદાચ ત્રણ વર્ષ પહેલાં આવેલી આપત્તિ નેપાળ જેટલી મોટી નહોતી પણ ભવિષ્યમાં ફરીથી નેપાળ જેવી આપત્તિ ન આવે તેના માટે સિક્કિમે સજ્જ થવું પડશે. આગોતરી તૈયારીઓ અને અર્લી વૉર્નિંગ સિસ્ટમ દ્વારા જ સિક્કિમ જીએલઓએફ જેવી વિનાશક કુદરતી આપત્તી માટે સજ્જ થઈ શકે તેમ છે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : મોક્ષદાયિની કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગ મૃત્યુ પામનારને જ્યાં સ્વયં શિવ તારક મંત્ર આપે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી ના ગગનભેદી નાદથી મેઘરાજાના લાંબા રૂસામણા વચ્ચે જન્માષ્ટમી ઉત્સવ ઉજવ્યો. આજે શ્રાવણ વદ બારસ મંગળવાર જૈન પર્યુષણ પર્વનો પ્રથમ દિવસ હવે શ્રાવણ માસના ગણ્યા ગાંઠ્યા દિવસો બાકી છે ત્યારે આજે શિવ મહિમામાં કાશી વિશ્વનાથં નમો નમઃ અવિમુક્તેશ્વરાય નમો નમઃ જોઈએ તો શિવ કોઈ વ્યક્તિ નથી,શિવ એક તત્વ છે. જગત હતું નહિ ત્યારે પણ શિવ હતા, જગત નહિ હોય ત્યારે પણ શિવ હશે. પુરાણો કહે છે કે જ્યારે એકલા પરબ્રહ્મને એકમાંથી અનેક થવાની ઈચ્છા થઈ, ત્યારે તેઓ પોતે જ સગુણ સ્વરૂપે પ્રગટ થયા અને તે જ સ્વરૂપ શિવ કહેવાયું.એ જ નિરાકાર શિવે પોતાને બે રૂપમાં વિભાજિત કર્યા પુરુષ અને સ્ત્રી. તેમાં પુરુષ તે શિવ અને સ્ત્રી તે આદ્યશક્તિ કહેવાયા. આ શિવ-શક્તિ જ આ સમગ્ર સૃષ્ટિના માતા-પિતા છે.તેમના સંકલ્પથી જ પ્રકૃતિ અને પુરુષ ઉત્પન્ન થયા. આ પ્રકૃતિ એટલે જ લક્ષ્મી સ્વરૂપા અને પુરુષ એટલે વિષ્ણુ. આ નવજાત પ્રકૃતિ-પુરુષે પોતાની સામે પોતાના માતા-પિતા એવા પ્રકાશમય શિવ-શક્તિને જોયા ત્યારે તેઓ મૂંઝાયા કે અમે કોણ છીએ અને અમારું કાર્ય શું છે?ત્યારે નિરાકાર આકાશ વાણી થઈ'તમારે તપ કરવું જોઈએ તપથી જ શ્રેષ્ઠ સૃષ્ટિનું નિર્માણ થશે 'આ દિવ્ય કથા એ જ કાશી વિશ્વ નાથ જ્યોતિર્લિંગના પ્રાગટ્યની ભૂમિકા છે,જે બાર જ્યોતિર્લિંગોમાં સાતમા સ્થાને છે અને જેને વેદોએ 'અવિમુક્ત ક્ષેત્ર' કહ્યું છે.કાશી નગરીનું દિવ્ય પ્રાગટ્ય અને મણિકર્ણિકા તીર્થ પ્રકૃતિ-પુરુષે પૂછ્યું તપ ક્યાં કરવું?ત્યારે કરુણા મય શિવે પોતાની લીલાથી અંતરિક્ષ માં,કશાથી પણ અલગ,પાંચ કોશના વિસ્તારવાળું એક અતિ ઉત્તમ નગર નું નિર્માણ કર્યું. આ નગર પૃથ્વી પર નહોતું,આકાશમાં હતું.ત્યાં વિષ્ણુએ એટલે કે પુરુષે,સૃષ્ટિ રચનાની ઈચ્છાથી શંભુનું ઘોર ધ્યાન ધર્યું. વર્ષો સુધી તપ કરવાથી તેમના શરીરમાંથી પરિશ્રમના કારણે અનેક જળધારાઓ વહેવા લાગી.આ જળથી તે આખું અંતરિક્ષ નગર ભરાઈ ગયું.

આ અદભુત દૃશ્ય જોઈને શિવજી સ્તબ્ધ થઈ ગયા અને આશ્ચર્યથી તેમણે પોતાનું મસ્તક હલાવ્યું, ત્યારે તેમના કાનમાંથી એક મણિ જડિત કુંડળ નીચે તે જળમાં પડ્યું.જ્યાં તે મણિ પડ્યો તે સ્થાન આજે પણ સમગ્ર બ્રહ્માંડમાં સૌથી પવિત્ર એવું મણિકર્ણિકા તીર્થ તરીકે ઓળખાય છે.મણિ + કર્ણિકા = મણિકર્ણિકા. સમય જતાં આ તીર્થ સર્વ પાપોનું હરણ કરનારું મહાતીર્થ બન્યું.

ધીરે ધીરે જળનો પ્રવાહ એટલો વધ્યો કે તે મણિકર્ણિકા અને તે આખી નગરી ડૂબવા લાગી. ત્યારે ભક્તવત્સલ શંભુએ પોતાના ત્રિશૂળ પર તે નગરીને ધારણ કરી લીધી,જેથી તે પ્રલયના જળમાં ડૂબે નહિ.

બ્રહ્માની ઉત્પત્તિ અને કાશીનું ભૂ લોક પર અવતરણ ત્રિશૂળ પર ધારણ કરેલી તે નગરીમાં વિષ્ણુ પોતાની પત્ની પ્રકૃતિ સાથે યોગ નિદ્રામાં સૂઈ રહ્યા હતા.ત્યારે શિવજીની આજ્ઞાથી વિષ્ણુની નાભિમાંથી એક કમળ પ્રગટ થયું અને તે કમળમાંથી સૃષ્ટિના રચયિતા બ્રહ્મદેવ પ્રગટ થયા.પછી શિવની આજ્ઞાથી બ્રહ્માએ સમગ્ર સૃષ્ટિની રચના કરી.ચૌદ લોક,સાત પાતાળ, સાત સ્વર્ગ અને પચાસ કરોડ યોજન વિસ્તારવાળું આ બ્રહ્માંડ રચ્યું.રચના પછી શિવજીના મનમાં કરુણાનો ભાવ જાગ્યો 'આ બ્રહ્માંડના પ્રાણીઓ પોતાના કર્મના બંધનમાં બંધાયેલા રહેશે, તેઓ મને કેવી રીતે પામશે?તેમના ઉદ્ધાર માટે કોઈ સ્થાન હોવું જોઈએ.'આમ વિચારીને શિવજીએ પાંચ ગાઉના વિસ્તારવાળી,પોતાના ત્રિશૂળ પર ધારણ કરેલી તે નગરીને મનુષ્યલોક માં, ગંગા કિનારે સ્થાપિત કરી. આ જ નગરી એટલે કાશી. 'કાશ' ધાતુ પરથી કાશી શબ્દ બન્યો છે, જેનો અર્થ થાય છે પ્રકાશિત થવું. જે નગરી પોતાના પ્રકાશથી કર્મોનો નાશ કરે છે તે કાશી.અને ત્યાં શિવજીએ પોતે પોતાના અંશ થી *'અવિમુક્તેશ્વર'નામનું જ્યોતિર્લિંગ સ્થાપિત કર્યું. અવિમુક્ત એટલે જેનો ક્યારેય ત્યાગ ન થાય.શિવજીએ આ લિંગને ક્યારેય છોડ્યું નથી, તેથી તે અવિમુક્તેશ્વર કહેવાયું.

કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગનો મહિમા બાર જ્યોતિર્લિંગોમાં કાશી વિશ્વનાથનું સ્થાન સૌથી અનોખું છે. *પ્રલયમાં પણ અવિનાશી શાસ્ત્રો કહે છે કે બ્રહ્માનો એક દિવસ પૂરો થાય ત્યારે મહાપ્રલય થાય છે, જેમાં ચૌદ લોક નષ્ટ થઈ જાય છે. પરંતુ કાશીનો નાશ થતો નથી. તે સમયે ભગવાન શિવ ફરી તે નગરીને પોતાના ત્રિશૂળ પર ધારણ કરી લે છે અને સૃષ્ટિનું પુનઃનિર્માણ થાય ત્યારે તેને ફરી તેના સ્થાને સ્થાપિત કરે છે. તેથી કાશીને અવિનાશી પણ કહે છે.

*જીવંત મોક્ષદાયિની કાશીમાં જેનું મૃત્યુ થાય છે, તેને મોક્ષ મળે જ છે. એટલું જ નહિ, શિવ પુરાણ કહે છે કે જે જીવોની સદ્ગતિ ક્યાંય પણ થતી નથી, તેમની સદ્ગતિ કાશીમાં થાય છે. અહીં મૃત્યુ સમયે સ્વયં ભગવાન વિશ્વનાથ મૃત્યુ પામનારના કાનમાં તારક મંત્ર આપે છે,જેનાથી તે જીવ જન્મ-મરણના બંધનથી મુક્ત થઈ જાય છે. *વિશ્વનાથ એટલે સમગ્ર વિશ્વના નાથ:અહીં શિવ વિશ્વના નાથ તરીકે બિરાજે છે. તેઓ માત્ર દેવોના જ નહિ, પરંતુ કાશીમાં વસતા દરેક જીવ, દરેક કણના નાથ છે. અહીંની ગલી-ગલીમાં શિવ વસે છે એવી માન્યતા છે.

*શક્તિ અને શિવનો સંગમ કાશી એ માત્ર શિવની નગરી નથી, તે શક્તિની પણ નગરી છે. અહીં વિશ્વનાથની સાથે જ માતા અન્નપૂર્ણા અને વિશાલાક્ષી શક્તિ પીઠ પણ છે. અન્નપૂર્ણા વગર કાશી અધૂરી છે. તેથી જ કહેવાય છે કે કાશીમાં વિશ્વનાથ ભોજન નથી આપતા,ભોજન અન્નપૂર્ણા આપે છે. કાશી વિશ્વનાથ માત્ર એક મંદિર નથી, તે એક અનુભૂતિ છે. તે ત્યાગ નથી શીખવતી, તે જીવનમાં રહીને મુક્તિ કેવી રીતે મેળવવી તે શીખવે છે. અહીં આવનારો દરેક ભક્ત પોતાના કર્મોની ગાંઠો છોડીને હળવો થઈને જાય છે. જે કાશી પોતે કર્મનો નાશ કરે છે, જે મણિકર્ણિકા સ્નાન માત્રથી જન્મોના પાપ ધોઈ નાખે છે, અને જ્યાં અવિમુક્તેશ્વર સ્વયં વાસ કરે છે, તે કાશી વિશ્વનાથના ચરણોમાં કોટિ કોટિ વંદન.

# ત્ર્યંબકેશ્વર, કેદારનાથ અને ધૂસ્મેશ્વર, જ્યોતિર્લિંગની પૌરાણિક કથા જાણીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

કાનજી તારી મા કહેશે પણ અમે કાનુડો કહેશું!: એટલું કહેતાં નહીં માને તો ગોકુળ મેલી દેશું!; આમ ગોકુળમાં બાલ કૃષ્ણની લીલાઓનો અવસર શરું થયો. જન્માષ્ટમી જતાં શ્રાવણ હવે પૂરો થશે એ લાગણી થાય, આજે બાકી રહેલાં ત્રણ જ્યોતિર્લિંગનું પૌરાણિક મહાત્મ્ય જોઈએ.

ત્ર્યંબકેશ્વર** આ જ્યોતિર્લિંગની પૌરાણિક કથા મુજબ ઋષિ ગૌતમ પોતાની પત્ની અહલ્યા સાથે આ સ્થળે રહેતાં હતાં. ગૌતમને અન્ય ઋષીઓ પસંદ કરતા ન્હોતા, તેથી તેઓ તેને અહીંથી કાઢવાં માંગતાં હતાં. આથી તેઓએ ભગવાન ગણેશનું તપ કર્યું, અને દરેકે પોતાનાં મનની વાત કરી, ભગવાન ગણેશે ગાયનું રૂપ લીધું અને ગૌતમ ઋષિનાં આશ્રમમાં ચરવા લાગ્યાં, ઋષિએ ઘાસના પૂળાથી તે ગાયને કાઢી, તો ગાય ત્યાં જ પડીને મૃત્યુ પામી, અને ઋષિઓ બોલવા લાગ્યાં, કે તમને ગૌ હત્યાનું પાપ લાગ્યું છે, માટે હવે તમારે ગંગાને પ્રગટ કરવી પડશે. ગાયની હત્યાનાં પાપનું પ્રાયશ્ચિત કરવાં માટે ઋષિમુનિઓએ ઋષિ ગૌતમને દેવી ગંગા નદીને લાવવાં કહ્યું. ગંગા નદી અહી આવ્યા પછી જ તેઓ આ પાપથી મુક્ત થશે, તેમજ બરહ્મગીરી પર્વતની પ્રદક્ષિણા કરવી પડશે.દેવી ગંગાને નાસિકમા લાવવાં ગૌતમે તથા અહલ્યાએ ભગવાન શિવશક્તિની તપસ્યા કરી હતી. આ તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને પ્રભુ શિવશક્તિ પ્રગટ થયાં, અને તેમને તેમની ઈચ્છા જણાવવાં માટે કહ્યુ. ત્યારબાદ ઋષિ ગૌતમે પ્રભુ શિવને ગંગા માતાએ આ સ્થળે મોકલવા કહ્યુ પરંતુ, જ્યારે ગંગા માતાને આ વિશે જાણ થઈ, ત્યારે તેમણે મહાદેવને કહ્યુ કે, જો તે આ સ્થાન પર રહેશે તો જ તે અહીં આવશે. ત્યારબાદ પ્રભુ મહાદેવ ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગ તરીકે સ્થાપિત થયાં, અને ગંગા નદી અહીં ગૌતમી તરીકે વહેવા માંડી. ગૌતમી નદીને ગોદાવરી નદી પણ કહેવામાં આવે છે.

અહી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એકસાથે સ્થાપિત છે,આ મંદિરમાં ત્રણ નાનાં શિવલિંગ છે, જે બ્રહ્મા, વિષ્ણુ અને શિવનું પ્રતીક માનવામાં આવે છે. એટલું જ નહીં, આ મંદિરની પાસે ત્રણ પર્વતો પણ છે, જેને બ્રહ્મગિરિ, નીલગિરી અને ગંગા દ્વાર કહેવામાં આવે છે. મંદિરના પરિસરમાં આવેલો કુંડ કુશાવર્ત ગોદાવરી નદીનો સ્ત્રોત ગણાય છે. ગોદાવરી નદી દખ્ખણ પ્રદેશમાં આવેલી સૌથી લાંબી નદી છે. હાલનું મંદિર પેશ્વા બાલાજી રાવ નાનાસાહેબ દ્વારા બાંધવામાં આવ્યું હતું.

કેદારનાથ** બારે બાર જ્યોર્તિલિંગમાં કેદારનાથનું જ્યોર્તિલિંગ સર્વોત્તમ ઊંચાઈ પર આવેલું છે. દ્વાદશ જ્યોર્તિલિંગમાં સમુદ્રતળથી ૩૫૮૧ મીટરની સર્વાધિક ઊંચાઈએ આવેલું જ્યોર્તિલિંગ એટલે કેદારનાથ. રુદ્ર હિમાલય પર્વતમાળામાં ચૌખમ્બા ગ્લેશિયર પાસે આવેલા કેદારનાથને કેદારેશ્વર અથવા કેદારાંચલ તરીકે પણ ઓળખવામાં આવે છે.યમુનોત્રી,ગંગોત્રી , બદ્રીનાથ અને કેદારનાથની પ્રખ્યાત ચારધામ યાત્રા પૈકીનું એક એવું કેદારનાથ શ્રદ્ધાળુઓની દૃઢ આસ્થાનું પ્રતીક છે . કેદારનાથમાં શિવજીનું સ્વરૂપ ત્રિકોણાકાર અથવા બળદની ખુંધના આકારનું છે , જે અન્ય ૧૧ જ્યોર્તિલિંગો કરતાં તદ્દન જુદું જ છે. કેદારનાથનું મંદિર ચારે બાજુ પર્વતની વચ્ચે આવેલું છે, એટલે કે કેદારનાથ ધામ દરેક બાજુએથી પહાડો ઘેરાયેલું છે. એક તરફ 22 હજાર ફૂટ ઉંચા કેદારનાથ, બીજી તરફ 21,600 ફૂટ ઉંચા ખર્ચકુંડ અને ત્રીજી તરફ 22,700 ફૂટ ઉંચો ભરતકુંડ. મંદાકીની,મધુગંગા ક્ષીરગંગા, સરસ્વતી અને સ્વર્ણગૌરી. આમ અહીં પાંચ નદીઓનો પણ સંગમ થાય છે. ચૌરીબારી હિમનદનાના કુંડમાંથી નીકળતી મંદાકીની અલકનંદા આજે પણ છે. ચૌખમ્બા ગ્લેશિયરમાંથી નીકળતી મંદાકિની નદી, બરફાચ્છાદિત પહાડો, કડકડતી ઠંડી ,સુસવાટા મારતા ઠંડા પવનો , ધીમો વરસાદ અથવા બરફના ઝીણા કરા , સૂર્યનારાયણની ખૂબ જ ઓછી હાજરી અને સતત વાદળોથી ઢંકાયેલા રહેતા આકાશ વચ્ચે વસેલા શિવજીનું સ્થળ એટલે કેદારનાથ. શિવજીએ ગંગાજીનું અવતરણ સર્વપ્રથમ મંદાકિની સ્વરૂપે કરાવ્યું હોવાનું માનવામાં આવે છે . કેદારનાથ અંગેની પૌરાણિક કથા અનુસાર જોઈએ તો, કેદારનાથ જ્યોર્તિલિંગ અંગે બે મુખ્ય કથાઓ પ્રચલિત છે. પ્રથમ કથા દ્વાપરયુગની શરૂઆતમાં થયેલા મહાભારતની છે. મહાભારતનાં યુદ્ધમાં કૌરવો સામે વિજય મેળવ્યાં બાદ પાંડવોને લાગ્યું કે આ યુદ્ધમાં પોતાનાથી બ્રહ્મહત્યા, ગૌહત્યા થઈ છે અને પાંડવોએ જ પોતાનાં ભાઈ ભાંડુઓને હણ્યાં છે . આમ , પોતાનાથી મોટું પાપ થઈ ગયું હોવાનું માનતા પાંડવો મહર્ષિ વેદવ્યાસ પાસે જઈને પોતાની સમસ્યા જણાવે છે. મહર્ષિ વેદવ્યાસ આ પાપના પ્રાયશ્ચિત માટે પાંડવોને હિમાલયમાં ભગવાન શિવના દર્શને જવાનું કહે છે . વ્યાસજીની સલાહ માનીને પાંચ પાંડવો અને દ્રૌપદી હિમાલયમાં શિવજીનાં દર્શનાર્થે નીકળી પડે છે. બીજી તરફ ભગવાન શિવજી પાંડવોની કસોટી કરતાં હોય તેમ દર્શન આપતા નથી . પાંડવો ફરતાં ફરતાં ગુપ્તકાશી પાસે આવે છે . આ સ્થળે સહદેવ અને નકુલને એક વિચિત્ર પ્રકારનો બળદ નજરે ચડે છે.આથી તેને પકડવા તેની પાછળ દોડે છે. પાંડવો બળદ રૂપે રહેલાં શિવજીને ઓળખી લે છે.આથી શિવજી ભૂગર્ભમાં જતા રહે છે,પરંતુ પાંડવોમાં ભીમ તેમની પીઠની ખૂંધને પકડી પાડે છે.કથા એવી છે કે બળદની પીઠની ખૂધનો ભાગ જે સ્થળે દેખાયો તે કેદારનાથ ,હાથ દેખાયા તે તુંગનાથ , ચહેરો દેખાયો તે રુદ્રનાથ,પેટનો ભાગ દેખાયો તે મદદ્રમહેશ્વર અને વાળ દેખાયા તે સ્થળ એટલે કલ્પેશ્વર , બળદના સ્વરૂપે રહેલા શિવજી અને ભીમ વચ્ચે જે ખેંચાખેંચ ચાલી , તેમાં બળદના શીર્ષનો ભાગ નેપાળમાંથી નીકળ્યો , જેને આપણે પશુપતિનાથ તરીકે જાણીએ છીએ. ઘુષ્મેશ્વર** આ મંદિર ભારતમાં આવેલા મહારાષ્ટ્ર રાજ્યના ઔરંગાબાદ નજીક આવેલા શહેર દૌલતાબાદથી ૧૧ કિમી દૂર અવેલું છે. આ મંદિર વિશ્વ પ્રસિદ્ધ ઈલોરાની ગુફાઓ નજીક આવેલું છે.પૌરાણિક કથા મુજબ આ જ્યોતિર્લિંગ પાછળ પણ એક દંતકથા છે. ધૂષ્મેશ્વર શિવલિંગ ભગવાન શિવનાં 12 જ્યોતિર્લિંગોમાંનું એક છે. શિવ પુરાણમાં પણ તેનું વર્ણન છે. અહીં ભગવાન શિવ પોતે પ્રગટ થયાં, અને તેમના ભક્તનાં મૃત પુત્રને જીવન આપ્યું. આ સાથે, તેમને અહીં પ્રગટ સ્વરૂપે બેસવાનું વરદાન પણ આપવામાં આવ્યું હતું.

# સીડી પર બોલાચાલી બાદ યુવકના માથામાં પથ્થર ઝીંકી દીધા

## ઈજાગ્રસ્ત લોહીલુહાણ અને નિર્વસ્ત્ર હાલતમાં મળતાં ચકચાર, આરોપી ફરાર, સચિન રેલવે સ્ટેશને લોહિયાળ ખેલ

**સુરત, તા.07**



સુરતના સચિન રેલવે સ્ટેશન પર મોડી રાત્રે બનેલી એક ગંભીર ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. રેલવે સ્ટેશનની સીડીઓ પર બે શખ્સો વચ્ચે સામાન્ય બોલાચાલીથી શરૂ થયેલો વિવાદ થોડા જ સમયમાં હિંસક સ્વરૂપ ધારણ કરી ગયો હતો. આરોપ છે કે શિવા નામના શખ્સે આવેશમાં આવી પ્રતાપ નામના યુવકના માથા પર પથ્થર વડે હુમલો કર્યો હતો. હુમલો એટલો ગંભીર હતો કે પ્રતાપ લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળે જ ઢળી પડ્યો હતો.

ઘટનાની જાણ થતાં આસપાસના લોકો અને રેલવે સ્ટેશન પર હાજર લોકોમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું છે અને તેની સ્થિતિ અંગે તબીબી સારવાર ચાલુ છે.

સૂત્રો પાસેથી મળતી પ્રાથમિક વિગતો અનુસાર મોડી રાત્રે સચિન રેલવે સ્ટેશનની સીડીઓ પર શિવા અને પ્રતાપ નામના બે શખ્સો બેઠા હતા અને વાતચીત કરી રહ્યા હતા. આ દરમિયાન કોઈ અંગત બાબતને લઈને બંને વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. શરૂઆતમાં સામાન્ય લાગતો વિવાદ ધીમે ધીમે વધુ ઉગ્ર બન્યો હતો અને બંને વચ્ચે ભારે ઝઘડો થયો હોવાનું સામે આવ્યું છે.

બોલાચાલી દરમિયાન શિવા નામના શખ્સે આવેશમાં આવીને નજીકમાં પડેલો પથ્થર હાથમાં લીધો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ત્યારબાદ તેણે પ્રતાપના માથાના ભાગે પથ્થર વડે હુમલો કર્યો હોવાનો આરોપ છે. અચાનક થયેલા હુમલાના કારણે પ્રતાપ ગંભીર રીતે ઘાયલ થયો હતો અને ભારે રક્તસ્ત્રાવ થતાં તે ઘટનાસ્થળે જ ઢળી પડ્યો હતો.

આ સમગ્ર ઘટનામાં સૌથી વધુ ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે ગંભીર રીતે ઈજાગ્રસ્ત પ્રતાપ ઘટનાસ્થળે શંકાસ્પદ સંજોગોમાં નિર્વસ્ત્ર હાલતમાં મળી આવ્યો હતો. આ બાબતને લઈને ઘટનાની આસપાસ અનેક સવાલો અને તર્કવિતર્કો ઉભા થયા છે. યુવક નિર્વસ્ત્ર હાલતમાં કેવી રીતે પહોંચ્યો અને હુમલા પહેલાં બંને વચ્ચે શું બન્યું હતું તે અંગે પોલીસ દ્વારા વિવિધ દિશામાં તપાસ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે. તપાસનો મુખ્ય મુદ્દો એ પણ છે કે હુમલા પહેલાં બંને વચ્ચે માત્ર પૈસા, અંગત બાબત કે અન્ય કોઈ કારણસર વિવાદ થયો હતો કે પછી ઘટના પાછળ કોઈ બીજી હકીકત છુપાયેલી છે. ઘટનાસ્થળની સ્થિતિ અને બંને શખ્સો વચ્ચે થયેલા ઝઘડાના કારણો અંગે તપાસ એજન્સીઓ વધુ માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

હુમલા બાદ આરોપી શિવા ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે. રાત્રિના અંધારાનો લાભ લઈને આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હોવાની માહિતી મળી રહી છે. હવે પોલીસ દ્વારા આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી છે અને તેને ઝડપી પાડવા માટે આસપાસના વિસ્તારોમાં તપાસ કરવામાં આવી રહી છે.

સચિન રેલવે સ્ટેશન જેવા વ્યસ્ત સ્થળે આ પ્રકારની ગંભીર હિંસક ઘટના બનતાં રેલવે સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઉભા થયા છે. રેલવે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષા માટે રેલવે પ્રોટેક્શન ફોર્સ એટલે કે RPF અને સરકારી રેલવે પોલીસ એટલે કે GRPના કર્મચારીઓ તહેનાત રહેતા હોવા છતાં સ્ટેશનની સીડીઓ પર આટલી ગંભીર ઘટના કેવી રીતે બની તે પણ તપાસનો વિષય બન્યો છે.

રાત્રિના સમયે રેલવે સ્ટેશન પર સુરક્ષા વ્યવસ્થા કેટલી અસરકારક હતી અને ઘટના સમયે સુરક્ષા કર્મચારીઓ ક્યાં હતા તે અંગે પણ ચર્ચા શરૂ થઈ છે. ઘટનાની માહિતી મળ્યા બાદ સુરક્ષા તંત્ર દ્વારા સમગ્ર મામલાની વિગતો મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પોલીસ હવે સ્ટેશન અને આસપાસના વિસ્તારમાં લાગેલા CCTV કેમેરાના ફૂટેજની તપાસ કરીને સમગ્ર ઘટનાક્રમ જાણવાનો પ્રયાસ કરી શકે છે. હુમલા પહેલાં બંને શખ્સો કેટલા સમયથી સ્ટેશન પર હતા, તેમની વચ્ચે શું વાતચીત થઈ હતી અને હુમલા સમયે આસપાસ કોણ હાજર હતું તે અંગે પણ તપાસ કરવામાં આવશે.

ઈજાગ્રસ્ત પ્રતાપની સારવાર ચાલુ હોવાથી તેની સ્થિતિમાં સુધારો થયા બાદ પોલીસ તેના નિવેદનના આધારે પણ ઘટનાની વધુ સ્પષ્ટ વિગતો મેળવી શકે છે. બીજી તરફ ફરાર આરોપી શિવાને ઝડપી પાડ્યા બાદ જ હુમલા પાછળનું ચોક્કસ કારણ અને બંને વચ્ચેના વિવાદની સંપૂર્ણ હકીકત સામે આવી શકશે.

હાલ સમગ્ર મામલે પોલીસ અને રેલવે સુરક્ષા તંત્ર દ્વારા તપાસ ચાલુ છે. પ્રતાપ પર પથ્થર વડે હુમલો કયા કારણોસર કરવામાં આવ્યો અને ઘટનાસ્થળે તે શંકાસ્પદ સંજોગોમાં નિર્વસ્ત્ર હાલતમાં કેમ મળ્યો તે સહિતના તમામ પ્રશ્નોના જવાબ તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થઈ શકશે.

# આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા દસક્રોઈના વડોદ ખાતે પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રીય તાલીમ કાર્યક્રમ યોજાયો



**આણંદ, તા.07**

પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા દસક્રોઈ તાલુકાના વડોદ ગામે એક વિશેષ ક્ષેત્રીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ડૉ. એન. કે. રાઠોડની આગેવાની હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રગતિશીલ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ રાસાયણિક ખેતીનો ખર્ચ ઘટાડી દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવાનો અને જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવાનો છે.

આ તાલીમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો–બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, આચ્છાદન (મલ્ચિંગ) અને વાપસા વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂતોના ખેતરે જ ૨૦૦ લિટરના ડ્રમમાં જીવામૃત બનાવવાની પ્રક્રિયા તેમજ દેશી ગાયના છાણ અને ગૌમૂત્રના મહત્વનું લાઈવ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને અગ્નિઅસ્ત્ર જેવા પ્રાકૃતિક કીટનાશકો બનાવવાની રીત તથા આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ગંઠવા કૃમિ (નિમેટોડ) જેવા જમીનજન્ય રોગોના નિયંત્રણ માટે કરાયેલા ત્રણ વર્ષના સફળ પ્રયોગો અંગે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ (NMNF) અંતર્ગત મળતી સરકારી સહાય અને માર્કેટિંગ વ્યવસ્થા વિશે પણ ખેડૂતોને વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

તાલીમ દરમિયાન પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા તથા પોતાના ગામને ૧૦૦% પ્રાકૃતિક ગામ બનાવવા સક્રીય યોગદાન આપવા નિશ્ચય કર્યો હતો. તાલીમ દરમિયાન ખેડૂતો માટે પ્રગતિશીલ ખેડૂતના મોડેલ ફાર્મની મુલાકાતનું પણ આયોજન કરાયું હતું.

# વર્ષ ૨૦૨૬-૨૭ માટે બાગાયત ખાતાની નવીન મંજૂર થયેલી યોજનાઓ માટે આઇ-ખેડૂત પોર્ટલ ૨.૦ ખુલ્લું મૂકાયું

**અમદાવાદ, તા.07**

વર્ષ ૨૦૨૬-૨૭ માટે બાગાયત ખાતાની નવીન મંજૂર થયેલી યોજનાઓનો લાભ રાજ્યના ખેડૂતો મેળવી શકે તે માટે આઇ-ખેડૂત પોર્ટલ ૨.૦ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લા સહિત સમગ્ર રાજ્યના ખેડૂતો આ યોજનાઓનો મહત્તમ લાભ લઈ શકે તે માટે આઇ-ખેડૂત પોર્ટલ ૨.૦ (http// ikhedut. gujarat. gov.in) પર ઓનલાઈન અરજી કરવા માટે તા.૧૭/૦૯/૨૦૨૬ સુધી ખુલ્લું મુકવામાં આવ્યું છે.

ચાલુ વર્ષે નવી બાબત તરીકે મંજૂર થયેલી યોજનાઓમાં (૧) બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ અને (૨) ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ સમાવિષ્ટ છે.

અમદાવાદ જિલ્લાના ખેડૂતોએ અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ પોતાની પાસે જ રાખવાની રહેશે. જેની નકલ મંજૂરી મળ્યા બાદ ક્લેઈમ સબમિટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનિક કાગળો સાથે જિલ્લાની નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદના સરનામે રજૂ કરવાના રહેશે. આ અંગે વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરીનો ફોન નં - ૦૭૯-૨૬૫૭૭૩૧૬ પર સંપર્ક કરી શકાશે એમ અમદાવાદ નાયબ બાગાયત નિયામકની યાદીમાં જણાવાયું છે.

# અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના આસિસ્ટન્ટ મેનેજરે આચરી રૂ. 1.35 લાખની છેતરપિંડી, ફરિયાદ દાખલ

**અમદાવાદ, તા.07**

અમદાવાદના પાલડી ખાતે આવેલી જાણીતી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના જીર્ણોદ્ધાર વિભાગના આસિસ્ટન્ટ મેનેજરે ટ્રસ્ટમાંથી દેરાસર નિર્માણ અને રિપેરિંગની ગ્રાન્ટ મંજૂર કરાવવાના બહાને વિવિધ સંઘો પાસેથી રૂ. 1.35 લાખ પડાવી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ પાલડી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પેઢીના જનરલ મેનેજર નૈમિષ ભરતકુમાર શાહે કર્મચારી કેવિન નીતિનભાઈ શાહ સામે આ અંગે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

કડીમાં રહેતો કેવિન શાહ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીમાં 1 એપ્રિલ 2024થી નોકરી કરતો હતો. તેની કામગીરી દેરાસરો અને સંઘોની ગ્રાન્ટ અરજીઓ ટ્રસ્ટી સમક્ષ મંજૂરી માટે મૂકવાની હતી. આ દરમિયાન મહેસાણાના જાખાના જૈન શાંતિનાથ ટ્રસ્ટની રૂ. 72 લાખની મંજૂર થયેલી ગ્રાન્ટ પૈકી બાકીની રકમની ફાઈલ ક્લિયર કરાવવા પેટે તેણે મુંબઈ બોરીવલીના વિનોદભાઈ જે. શાહ મારફતે રૂ. 1 લાખ આંગડિયા દ્વારા મેળવ્યા હતા.



આ સિવાય, આરોપીએ મધ્યપ્રદેશના કુકલાહ જૈન સંઘ પાસેથી પણ ફાઈલ ક્લિયર કરાવવા માટે છેલ્લા સાત મહિનાથી દર મહિને રૂ. 5 હજાર લેખે કુલ રૂ. 35 હજાર પોતાના બૅંક ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હોવાની કબૂલાત કરી હતી. ટ્રસ્ટીઓને આંગડિયાની સ્લિપ વોટ્સએપ પર મળતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો, જેના પગલે પાલડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો છે. 3 સપ્ટેમ્બરના રોજ ટ્રસ્ટી સુદીપભાઈ સનતકુમાર શાહના મોબાઈલ પર સુરતથી સ્વયંસેવક નીરવભાઈએ આંગડિયા પેઢીની કાઉન્ટર સ્લિપ મોકલી હતી, જેમાં મુંબઈથી આરોપી કેવિન શાહના નામે રૂ. 1 લાખ મોકલાયા હોવાનું સ્પષ્ટ થયું હતું. ટ્રસ્ટીઓએ કેવિનને બોલાવી પૂછપરછ કરતાં તેણે શરૂઆતમાં આનાકાની કરી હતી, પરંતુ બાદમાં માતા-પિતાની હાજરીમાં તેણે આ રકમ ઉપરાંત મધ્યપ્રદેશના સંઘ પાસેથી લીધેલા રૂ. 35 હજારની પણ કબૂલાત કરી હતી. સમગ્ર મામલે પોલીસ ફરિયાદ થતાં હવે છેતરપિંડીના ગુના હેઠળ આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ સિવાય, આરોપીએ મધ્યપ્રદેશના કુકલાહ જૈન સંઘ પાસેથી પણ ફાઈલ ક્લિયર કરાવવા માટે છેલ્લા સાત મહિનાથી દર મહિને રૂ. 5 હજાર લેખે કુલ રૂ. 35 હજાર પોતાના બૅંક ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હોવાની કબૂલાત કરી હતી. ટ્રસ્ટીઓને આંગડિયાની સ્લિપ વોટ્સએપ પર મળતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો, જેના પગલે પાલડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો છે.

# આંતરાષ્ટ્રીય સાક્ષરતા દિને નવો સૂર્યોદય: ગુજરાત સરકારનું ગુણવત્તાયુક્ત શૈક્ષણિક મોડેલ......

**અમદાવાદ, તા.07**

આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ 8 સપ્ટેમ્બર માત્ર અક્ષર ઓળખની ઉજવણી નથી, પરંતુ દરેક નાગરિકને જ્ઞાન અને ટેકનોલોજીથી સજ્જ કરવાનો અવસર છે. ગુજરાત સરકારે 'ગુણવત્તાયુક્ત શિક્ષણ'ને પ્રાથમિકતા આપીને રચેલું શૈક્ષણિક મોડેલ આજે દેશભરમાં પ્રેરણારૂપ બન્યું છે. રાજ્ય સરકારના 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સીલન્સ' અને ગાંધીનગર સ્થિત વિશ્વસ્તરીય 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' જેવા ડેટા-ડ્રાઈવન પ્રકલ્પોએ શિક્ષણનું સ્તર આમૂલચૂલ બદલી નાખ્યું છે.

હવે સાક્ષરતાનો અર્થ કેવળ વાંચતા-લખતા શીખવવું નથી રહ્યો, પરંતુ બાળકોને ડિજિટલ રીતે સાક્ષર બનાવવાનો છે. આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસના સંદર્ભમાં અમદાવાદ જિલ્લાની સરકારી શાળાઓમાં આવેલું પરિવર્તન રાજ્ય સરકારની નીતિઓની સફળતાની જીવંત સાક્ષી પૂરે છે. જેમાં સ્માર્ટ ક્લાસરૂમ્સ અને STEM લેબ્સ મહત્વપૂર્ણ છે. અમદાવાદ ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓમાં હવે ચોક-ડસ્ટરની જગ્યાએ થ્રીડિ એનિમેટેડ કન્ટેન્ટ ધરાવતા સ્માર્ટ બોર્ડ અને સાયન્સ-ટેકનોલોજી લેબ્સ ઉપલબ્ધ છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૂરંદેશી નેતૃત્વ, અમદાવાદ જિલ્લા શિક્ષણ વિભાગનું સચોટ આયોજન અને શિક્ષકોના નિષ્ઠાપૂર્વકના પરિશ્રમે સાક્ષરતાને એક જન-આંદોલન બનાવી દીધું છે. આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસે અમદાવાદની આ સફળતા દર્શાવે છે કે રાજ્યનું ભવિષ્ય સુરક્ષિત અને ઉજ્જવળ હાથોમાં છે. સાક્ષરતાના આ વૈશ્વિક



સંકલ્પને ગુજરાતનું સરકારી શિક્ષણ માળખું આજે વાસ્તવિકતામાં બદલી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસની ઉજવણીના આ અવસરે અમદાવાદ જિલ્લાની સરકારી શાળાઓમાં આવેલું ગુણાત્મક પરિવર્તન સમાજ માટે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. સાક્ષરતાનો સાચો અર્થ ત્યારે જ સાર્થક થાય જ્યારે શિક્ષણ સર્વસમાવેશી, આધુનિક અને સુલભ બને. સાક્ષરતાના પ્રસારમાં સરકારી શાળાઓની ભૂમિકા નિર્ણાયક બની રહી છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન માત્ર અમદાવાદ જિલ્લામાં જ ૪,૮૧૭ જેટલા વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓ છોડીને સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. આ આંકડો દર્શાવે છે કે વાલીઓનો સરકારી શિક્ષણ પ્રણાલી પ્રત્યેનો દૃષ્ટિકોણ ઝડપથી બદલાયો છે.

આજના ડિજિટલ યુગમાં સાક્ષરતાની વ્યાખ્યા પણ બદલાઈ છે. હવે માત્ર અક્ષરજ્ઞાન પૂરતું નથી, પરંતુ ડિજિટલ અને વૈજ્ઞાનિક સાક્ષરતા પણ એટલી જ જરૂરી છે. સરકારી શાળાઓ હવે આ બદલાવનું નેતૃત્વ કરી રહી છે. સ્માર્ટ ક્લાસરૂમ, આધુનિક લેબોરેટરી અને ડિજિટલ લર્નિંગ મટીરિયલ દ્વારા વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

કોઈપણ શૈક્ષણિક ક્રાંતિના મૂળમાં શિક્ષકની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ હોય છે. અમદાવાદના તાલીમબદ્ધ અને અનુભવી શિક્ષકોએ સરકાર દ્વારા આપવામાં આવેલી સુવિધાઓનો ઉપયોગ કરીને શિક્ષણને પ્રયોગાત્મક અને જીવંત બનાવ્યું છે. વિદ્યાર્થીઓની વ્યક્તિગત ક્ષમતાઓને ઓળખીને તેમને યોગ્ય દિશા આપવાના શિક્ષકોના નિષ્ઠાપૂર્વકના પ્રયાસો સરકારી શાળાઓને નવી ઊંચાઈએ પહોંચાડી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસે અમદાવાદની સરકારી શાળાઓમાં જોવા મળતું આ પરિવર્તન એ માત્ર ભૌતિક માળખાનો બદલાવ નથી, પરંતુ તે વાલીઓના પુનઃસ્થાપિત વિશ્વાસ, વિદ્યાર્થીઓ માટે ખૂલેલી નવી તકો અને શિક્ષકોની સમર્પિત કાર્યશૈલીનું પ્રતીક છે. રાજ્ય સરકારની શિક્ષણલક્ષી નીતિઓ અને શિક્ષકોના ભગીરથ પ્રયાસોના સમન્વયથી સરકારી શાળાઓ ગુણવત્તાસભર સાક્ષરતાનું નવું સરનામું બની રહી છે.

# જાણીતા મેન્ડોલિનવાદક ઈમુ દેસાઈનું અમદાવાદમાં નિધન, ગુજરાતી સંગીતજગતને વધુ એક ક્ષતિ.....

**અમદાવાદ, તા.07**

ગુજરાતી સંગીતજગત માટે એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. મેન્ડોલિનના મધુર સૂરને શાસ્ત્રીય સંગીત અને ગુજરાતી સુગમ સંગીત સાથે અનોખી રીતે જોડીને પોતાની આગવી ઓળખ ઉભી કરનાર જાણીતા મેન્ડોલિનવાદક, સંગીતકાર અને સ્વરકાર ઈમુ દેસાઈનું 5 સપ્ટેમ્બરના રોજ અમદાવાદ સ્થિત તેમના નિવાસસ્થાને અવસાન થયું હતું. લાંબી બીમારી બાદ તેમણે 85 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધનથી ગુજરાતી સંગીત અને કલાજગતમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે અને એક બહુમુખી તથા પ્રતિભાશાળી કલાકારના યુગનો અંત આવ્યો હોવાનું સંગીતપ્રેમીઓ અનુભવી રહ્યા છે. ઈમુ દેસાઈ માત્ર એક કુશળ મેન્ડોલિનવાદક જ નહોતા, પરંતુ સંગીતને ઊંડાણપૂર્વક સમજતા એક સંવેદનશીલ કલાકાર અને સર્જક પણ હતા. તેમણે



પોતાના લાંબા સંગીતમય જીવન દરમિયાન મેન્ડોલિન જેવા વાદ્યને એક નવી ઓળખ અપાવી હતી. સામાન્ય રીતે હળવા અને લોકપ્રિય સંગીત સાથે જોડાતા મેન્ડોલિન પર તેમણે ભારતીય શાસ્ત્રીય સંગીતના વિવિધ રાગો રજૂ કરીને પોતાની અલગ છાપ ઉભી કરી હતી.

8 એપ્રિલ, 1939ના રોજ અમદાવાદમાં જન્મેલા ઈમુ દેસાઈને બાળપણથી જ કલા પ્રત્યે વિશેષ લગાવ હતો. સંગીત ઉપરાંત તેમને ચિત્રકામ, વાંચન અને અભિનય જેવા વિવિધ ક્ષેત્રોમાં પણ ઊંડો રસ હતો. બાળપણથી જ તેમની અંદર રહેલી કલાત્મક પ્રતિભા ધીમે ધીમે વિકસતી ગઈ અને આગળ જતાં સંગીત તેમના જીવનનો સૌથી મહત્વપૂર્ણ હિસ્સો બની ગયું.

આશરે આઠ વર્ષની નાની ઉંમરે જ તેમણે ગંધર્વ મહાવિદ્યાલયમાં સંગીતની તાલીમ લેવાની શરૂઆત કરી હતી. બાળપણમાં શરૂ થયેલી આ સંગીતયાત્રા આગળ જતાં તેમના સમગ્ર જીવનની ઓળખ બની ગઈ. તેમણે સંગીતના વિવિધ પાસાઓને સમજવા માટે સતત અભ્યાસ અને મહેનત કરી હતી.

# ભાજપ કાર્યકરના હત્યારા માન્યા ડુક્કર સામે વધુ એક ખંડણીનો ગુનો: બિલ્ડરની છાતીએ ચપ્પુ મૂકી 10 હજાર પડાવ્યા

**સુરત, તા.07**

સુરત શહેરમાં ગુનાખોરી અને ખંડણીના કેસોને લઈને ફરી એકવાર ચકચાર મચાવતો બનાવ સામે આવ્યો છે. ઉધનામાં ભાજપના કાર્યકર જય દલાલની હત્યા કેસમાં આરોપી તરીકે ચર્ચામાં આવેલા અને થોડા દિવસ પહેલાં લોડેડ પિસ્તોલ સાથે ઝડપાયેલા કુખ્યાત સાગર ઉર્ફે માન્યા ડુક્કર સામે વધુ એક ગંભીર ગુનો નોંધાયો છે. હાલ લાજપોર જેલમાં બંધ હોવા છતાં તેના વિરુદ્ધ અગાઉ બનેલી એક ખંડણીની ઘટનામાં નવી ફરિયાદ નોંધાતા પોલીસ તપાસનો દોર વધુ તેજ બન્યો છે. ગુજસીટોક, હત્યા, અપહરણ અને અન્ય ગંભીર ગુનાઓમાં સંડોવણીના આરોપોનો સામનો કરી રહેલા સાગર ઉર્ફે માન્યા ડુક્કર અને તેના સાગરીતો સામે હવે બિલ્ડર પાસેથી 15 લાખ રૂપિયાની ખંડણી માંગવાનો આરોપ લાગ્યો છે. આ મામલે સુરતના લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે સમગ્ર ઘટનાની કાયદેસરની તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર ગોડાદરા વિસ્તારમાં આવેલા રઘુનંદન રો-હાઉસમાં રહેતા 51 વર્ષીય રાજેશ રામબ્રીક્સ ચૌરશીયા જમીન અને મકાનની લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમની લિંબાયત વિસ્તારમાં આવેલા દ્વારકેશનગર ખાતે એક બાંધકામ સાઈટ ચાલી રહી હતી. અહીં મકાન અથવા અન્ય બાંધકામનું કામ ચાલુ હતું અને સાઈટ પર કોન્ટ્રાક્ટર તેમજ કારીગરો કામ કરી રહ્યા હતા.

ફરિયાદ મુજબ ગત 18 ઓગસ્ટના રોજ સાગર ઉર્ફે માન્યા ડુક્કર પોતાના ત્રણ સાગરીતો સાથે બાંધકામ સાઈટ પર પહોંચ્યો હતો. આરોપીઓ અચાનક સાઈટ પર ધસી આવતાં ત્યાં હાજર કામદારો અને કોન્ટ્રાક્ટરોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ફરિયાદમાં આરોપ



છે કે સાગર અને તેના સાથીદારોએ સાઈટ પર હાજર કોન્ટ્રાક્ટર તથા કારીગરો સાથે ગાળાગાળી કરી હતી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

આરોપીઓએ ધમકી આપીને બાંધકામનું કામ બંધ કરાવી દીધું હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્યારબાદ બાંધકામનું કામ ફરી શરૂ કરવા દેવા માટે બિલ્ડર રાજેશભાઈ પાસે મોટી રકમની માંગણી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ફરિયાદ અનુસાર સાગર ઉર્ફે માન્યા ડુક્કરે બિલ્ડર પાસેથી 15 લાખ રૂપિયાની ખંડણી માગી હતી.

આટલી મોટી રકમની માંગણી થતાં રાજેશભાઈએ રૂપિયા આપવાનો ઈનકાર કર્યો હતો. જોકે ફરિયાદ મુજબ રૂપિયા આપવાનો ઈનકાર કરતાં આરોપીઓ વધુ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે બિલ્ડર સાથે ગાળાગાળી કરી હતી અને ઢીકમુક્કીનો માર માર્યો હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

ઘટના દરમિયાન વાતાવરણ વધુ તંગ બન્યું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ફરિયાદ મુજબ સાગર ઉર્ફે માન્યા ડુક્કરે પોતાની કમરમાંથી ચપ્પુ કાઢીને બિલ્ડર રાજેશભાઈની છાતી તરફ તાકી દીધું હતું. ચપ્પુ જોઈને બિલ્ડર ગભરાઈ ગયા હતા અને પોતાની સુરક્ષાને લઈને ભયભીત બની ગયા હતા. ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપીઓની ધમકી અને હુમલાના કારણે ડરી ગયેલા રાજેશભાઈએ પોતાની પાસે રહેલા રોકડા 10 હજાર રૂપિયા આરોપીને આપી દીધા હતા. જોકે આરોપીઓએ માત્ર આ રકમથી સંતોષ ન માન્યો હોવાનું જણાવવામાં આવ્યું છે અને બાકીની રકમ થોડા દિવસોમાં ચૂકવવાની ધમકી આપી હતી.

આરોપીઓએ બિલ્ડરને પોતાનો મોબાઈલ નંબર પણ આપ્યો હોવાનું અને બાકીની ખંડણીની રકમ ચૂકવવા માટે દબાણ કર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ધમકી આપ્યા બાદ સાગર ઉર્ફે માન્યા ડુક્કર અને તેના સાગરીતો ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા.

# 'એવું કંઈ જ નથી, પણ નસીબનો સાથ જરૂરી...', ટીમ ઈન્ડિયામાં સિલેક્શન મુદ્દે શિખર ધવનનો જવાબ....

**નવી દિલ્હી, તા.07**

ભારતીય ક્રિકેટ ટીમના સિલેક્શનમાં પ્રદેશ કે ક્ષેત્રના આધારે પક્ષપાત થતો હોવાના સવાલો પર ટીમના પૂર્વ દિગ્ગજ ઓપનર શિખર ધવને સ્પષ્ટ અને ખુલ્લો જવાબ આપ્યો છે. શ્રીનગરમાં આયોજિત એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જ્યારે ધવનને પૂછવામાં આવ્યું કે શું જમ્મુ-કાશ્મીરના ખેલાડીઓ સાથે ભેદભાવ થાય છે કારણ કે તેમને પૂરતી તકો મળતી નથી, ત્યારે ભારતના આ પૂર્વ ઓપનરે ક્ષેત્રીય ભેદભાવની વાતને સંપૂર્ણપણે નકારી કાઢી હતી. જોકે, તેણે સ્વીકાર્યું હતું કે સિલેક્શન પ્રક્રિયામાં ક્યારેક નસીબ પણ ભાગ ભજવે છે. 'ના, ચોક્કસપણે કોઈ ભેદભાવ થતો નથી. જો તમે સારું રમશો તો આખી દુનિયામાં કોઈ તમને બહાર નહીં રાખી શકે. તમારો ખેલ જ તમારી ઓળખ બને છે. ક્યારેક



કિસ્મત પણ ભૂમિકા ભજવે છે. આ વાત માત્ર જમ્મુ-કાશ્મીર પૂરતી મર્યાદિત નથી. દિલ્હીનો છોકરો હોય કે મુંબઈનો, તમને એવા અસંખ્ય ઉદાહરણો મળશે જ્યાં કોઈ ખેલાડી તકનો હકદાર હતો છતાં તેને તક ન મળી અને તેની જગ્યાએ કોઈ અન્યને પસંદ કરી લેવામાં આવ્યો. આ રમતનો જ એક ભાગ છે.' આ પ્રેસ કોન્ફરન્સ 'પ્રો સ્ટાર ક્રિકેટ લીગ'ની બીજી સિઝનની સત્તાવાર જાહેરાત માટે બોલાવવામાં આવી હતી. આ ટુર્નામેન્ટ આગામી વર્ષે માર્ચના પ્રથમ સપ્તાહમાં શ્રીનગરથી શરૂ થશે અને તેની ફાઈનલ મેચ દહેરાદૂનમાં રમાશે. આ લીગમાં શિખર ધવન અને જમ્મુ-કાશ્મીરના ઓલરાઉન્ડર પરવેઝ રસૂલને 'આઈકોનિક ખેલાડી' જાહેર કરવામાં આવ્યા છે.

પરવેઝ રસૂલે વર્ષ 2014માં ભારત માટે ડેબ્યૂ કર્યું હતું અને તેણે 1 વનડે તેમજ 1 T20I મેચ રમી છે. ભારત અને IPL રમી ચૂકેલા પરવેઝ રસૂલ તેમજ સ્પીડસ્ટાર ઉમરાન મલિક(જેણે 2023માં ડેબ્યૂ કરીને 10 વનડે અને 8 T20I રમી છે)નો ઉલ્લેખ કરતાં ધવને કહ્યું કે આ ખેલાડીઓને ઉત્તમ પ્લેટફોર્મ મળ્યું છે, પરંતુ સૌથી મહત્ત્વપૂર્ણ એ છે કે ખેલાડી તે સ્તરે સતત સારું પ્રદર્શન કરતો રહે. નોંધનીય છે કે જમ્મુ-કાશ્મીરના અત્યાર સુધી માત્ર ત્રણ ક્રિકેટર–પરવેઝ રસૂલ, ઉમરાન મલિક અને આકિબ નબી–રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવી શક્યા છે.

પ્રો સ્ટાર ક્રિકેટ લીગના કમિશનર અને ભારતના પૂર્વ ક્રિકેટર તેમજ જાણીતા કોમેન્ટેટર આકાશ ચોપડાએ જણાવ્યું કે ખેલાડીઓની પસંદગીમાં નસીબનો ફાળો હોય છે, પરંતુ ભારતીય ક્રિકેટમાં સ્પર્ધા અત્યંત આકરી છે. આ વિશે આકાશ ચોપડાએ ઉમેર્યું હતું કે: 'નસીબનો રોલ હોય છે, પરંતુ તમારા નિયંત્રણમાં માત્ર સખત મહેનત કરવી અને સતત શ્રેષ્ઠ પ્રદર્શન આપવું જ છે. ભારતીય ક્રિકેટ અત્યારે એવા મોડ પર છે જ્યાં જો તમારી પાસે વાસ્તવિક પ્રતિભા હશે તો તે તમને મંચ જરૂર આપશે. જો રાષ્ટ્રીય ટીમમાં નહીં તો IPL તે પ્લેટફોર્મ આપે છે, ત્યારબાદ તમે રણજી ટ્રોફી અને દુલીપ ટ્રોફી રમો છો; દેશમાં ઘણું બધું ક્રિકેટ રમાઈ રહ્યું છે."

તેણે ઝડપી બોલર આકિબ નબીનો ઉલ્લેખ કર્યો જે IPLમાં રમ્યા બાદ ટીમ ઈન્ડિયામાં પણ પસંદગી પામ્યો છે. નબીને શ્રીલંકા પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમમાં સામેલ કરાયો હતો પરંતુ પ્લેઈંગ ઈલેવનમાં તક મળી નહોતી. આકાશ ચોપડાએ આશા વ્યક્ત કરી હતી કે ન્યૂઝીલેન્ડ પ્રવાસ નજીક આવી રહ્યો છે અને નબી એક શ્રેષ્ઠ ખેલાડી હોવાથી સારું પ્રદર્શન કરશે.

# મેન્સ ટાઈટલ જીતીને જયનિલે અભિલાષની આગેકૂચ અટકાવી, બોયઝ અંડર-19માં જન્મેજય અજેય રહ્યો

**અમદાવાદ, તા.07**

સુરત ખાતે યોજાયેલી 'તાપ્તિ વેલી પાંચમી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ'ની મેન્સની ફાઈનલમાં રાજકોટના જયનિલ મહેતાએ મોખરાનો ક્રમાંક ધરાવતા અમદાવાદના અભિલાષ રાવલને 4-1થી હરાવીને તેના વિજયી રથને અટકાવી દીધો હતો. ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના નેજા હેઠળ ટેબલ ટેનિસ એસોસિયેશન ઓફ સુરત ડિસ્ટ્રિક્ટના ઉપક્રમે યોજાયેલી આ ટુર્નામેન્ટમાં 650 ખેલાડીઓ વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો જેમાં વિજેતાઓમાં 2.90 લાખ રૂપિયાની ઈનામી રકમ તથા ગિફ્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

બીજો ક્રમાંક ધરાવતા જયનિલે મેચની શરૂઆતથી જ પોતાની પકડ મજબૂત રાખીને સિઝનનું પોતાનું પ્રથમ ટાઈટલ જીત્યું હતું અને સાથે જ ટોચના ક્રમના ખેલાડીને સિઝનનું ત્રીજું ટાઈટલ જીતતા રોક્યો હતો.

અંડર-19 બોયઝની ફાઈનલમાં



અરવલ્લીના ટોચના ખેલાડી જન્મેજય પટેલે સાત ગેમની રોમાંચક મેચમાં અમદાવાદના ત્રીજા ક્રમના અભિલાક્ષ પટેલને 4-3થી હરાવીને આ સિઝનમાં પોતાનો અજેય ક્રમ જાળવી રાખ્યો હતો. જન્મેજયે શરૂઆતમાં 0-2થી પાછળ રહ્યા બાદ સખત મહેનતથી જીત મેળવીને આ સિઝનનું સતત પાંચમું અંડર-19 ટાઈટલ પોતાના નામે કર્યું હતું.

અમદાવાદના બીજા ક્રમાંકિત માલવ પંચાલે બોયઝ અંડર-17 ફાઈનલના ભારે ઉત્સાહભર્યા મુકાબલામાં વડોદરાના ટોચના ક્રમના વેદ પંચાલને 3-2થી હરાવીને સિઝનનું પોતાનું બીજું ટાઈટલ મેળવ્યું હતું. પ્રથા પવાર, મૌબોની ચેટરજી, ફિલઝાહ ફાતીમા કાદરી અને આફરિન મુરાદે વિમેન્સ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

વિમેન્સ ક્વાર્ટર ફાઈનલમાં અમદાવાદની ટોચની ખેલાડી પ્રથા પવારે નવસારીની સિદ્ધિ બલસારાને 3-1થી હરાવી હતી, જ્યારે અમદાવાદની ચોથા ક્રમની મૌબોની ચેટરજીએ સિદ્ધિ પટેલને 3-0થી હરાવી હતી. સુરતની છઠ્ઠી ક્રમાંકિત ફિલઝાદફાતીમા કાદરીએ ભાવનગરની ત્રીજી ક્રમાંકિત રિયા જયસ્વાલને 3-1થી હરાવીને અપસેટ સર્જ્યો હતો. જ્યારે સુરતની જ બીજા ક્રમની આફરિન મુરાદે ગાંધીનગરની શૂચી પટેલને 3-1થી આસાનીથી હરાવીને વિમેન્સ સેમિફાઈનલની ચાર ટીમ પૂર્ણ કરી હતી.

# હાર્દિક પંડ્યા સાથે ડેટિંગની અફવા પર ભડકી અમીષા પટેલ, ખભા પર હાથ મૂકવાની વાત પર ટ્રોલ્સની બોલતી બંધ કરી!

**નવી દિલ્હી, તા.07**

એક્ટ્રેસ અમીષા પટેલે ક્રિકેટર હાર્દિક પંડ્યા સાથેની પોતાની તાજેતરની મુલાકાતને રોમેન્ટિક રંગ આપનારા એક સોશિયલ મીડિયા યુઝરની ટીકા કરી છે. એક X યુઝરે કહ્યું હતું કે, હાર્દિક સાથે અમીષાનું મૈત્રીપૂર્ણ વર્તન તેમની વચ્ચે ડેટિંગની અફવાઓને સાચી સાબિત કરે છે, જેના જવાબમાં અમીષાએ કટાક્ષ કરતા જડબાતોડ જવાબ આપ્યો છે.

તાજેતરમાં અમીષા પટેલ અને હાર્દિક પંડ્યા મુંબઈની તાજમહેલ પેલેસમાં એકસાથે દેખાયા હતા, જ્યાં એક્ટ્રેસ ક્રિકેટરની ઓળખાણ પોતાના કેટલાક મિત્રો સાથે કરાવી રહી હતી. આ મુલાકાતનો એક વીડિયો ઝડપથી સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો, જેનાથી યુઝર્સ વચ્ચે જાતજાતની અટકળો શરૂ થઈ ગઈ.



આ વીડિયો વાઈરલ થતાં જ એક X યુઝરે તેનો સ્ક્રીનશોટ શેર કરતા લખ્યું, 'બેંગલુરુની એક હોટેલમાં પાર્ટી દરમિયાન અમીષા પટેલે જે રીતે હાર્દિક પંડ્યાના ખભા પર હાથ રાખ્યો, તેનાથી લાગે છે કે Reddit પર ચાલી રહેલી તમામ અફવાઓને સાચી પડી રહી છે.'

'ગદર' ફેમ એક્ટ્રેસે આ અટકળોને તાત્કાલિક ફગાવી દીધી. પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર તે પોસ્ટનો સ્ક્રીનશોટ શેર કરતા, તેણે કટાક્ષ કરતા જવાબ આપ્યો કે, 'તે ક્ષણ રોમેન્ટિક હતી. 'બિલકુલ સાચું કહ્યું. અરે ભગવાન, તમે સાચા છો ખરેખર, જે રીતે મારો હાથ તેમના પર હતો, તે ખરેખર રોમેન્ટિક હતું. હું તમને નથી ઓળખતી, પણ ચોક્કસ તમારી પાસે કોઈ છોકરી નથી, અહીં સુધી કે કોઈ ગર્લફ્રેન્ડ પણ નથી. આવી બાબતો પર પોસ્ટ કરતા પહેલા તમારે કોઈ છોકરીને મિત્ર બનાવવી જોઈએ'

હાર્દિક સાથેના પોતાના સંબંધોને લઈને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અટકળો વચ્ચે અમીષાનો આ જવાબ આવ્યો છે; આ અટકળો ત્યારે શરૂ થઈ હતી જ્યારે બંને એકસાથે વાતચીત કરતા દેખાયા હતા.

આ વચ્ચે હાર્દિક પંડ્યા હાલ મોડેલ માહિકા શર્મા સાથે રિલેશનશિપમાં છે. ક્રિકેટરે 2025માં ઈન્સ્ટાગ્રામ પર માહિકા સાથેના પોતાના સંબંધોને ઓફિશિયલ કર્યા હતા. આ પહેલા તેના લગ્ન અભિનેત્રી નતાશા સ્ટેનકોવિક સાથે થયા હતા.

# વોલીબોલ ચેમ્પિયન્સ લીગની ટ્રોફીનું શહેરમાં અનાવરણ

## ખેલાડીઓની પ્રથમ હરાજી યોજાઈ, પ્રથમ સિઝન માટે ટીમો અને ખેલાડીઓની રચનાની પ્રક્રિયાને વેગ

**અમદાવાદ, તા.07**

વોલીબોલ ચેમ્પિયન્સ લીગ (VCL)એ રવિવારે અમદાવાદમાં પોતાની ચેમ્પિયનશિપ ટ્રોફીનું અનાવરણ કરવાની સાથે પ્રથમ પ્લેયર ઓક્શનનું આયોજન કર્યું હતું. લીગની પ્રથમ સિઝન શરૂ થાય તે પહેલાં યોજાયેલો આ કાર્યક્રમ VCL માટે મહત્વપૂર્ણ સીમાચિહ્ન બની રહ્યો છે. ધ લીલા ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં લીગના સ્થાપકો ધિરજ મંજેરી અને કુલવંત બાલિયાને ટ્રોફીનું અનાવરણ કર્યું હતું.

ટ્રોફી અનાવરણ સાથે પ્રથમ સિઝનની તૈયારીઓને વેગ કાર્યક્રમ દરમિયાન VCLના સ્થાપકોએ લીગની પ્રથમ ટુર્નામેન્ટ અંગેની યોજનાઓ રજૂ કરી હતી. તેમાં ટીમોની રચના, ખેલાડીઓની પસંદગી અને આગામી સિઝન માટેના રોડમેપ અંગે માહિતી



આપવામાં આવી હતી. ટ્રોફીનું અનાવરણ લીગની સ્પર્ધાત્મક સફરની શરૂઆતના મહત્વપૂર્ણ તબક્કા તરીકે જોવામાં આવી રહ્યું છે.ખેલાડીઓ અને ટીમો એક મંચ પર પ્રથમ પ્લેયર ઓક્શન દરમિયાન વિવિધ ટીમો અને ખેલાડીઓ એકસાથે આવ્યા હતા. ઓક્શન દ્વારા લીગની ટીમોએ પોતાની સ્ક્વોડ તૈયાર કરવાની દિશામાં પ્રથમ મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું. આ કાર્યક્રમ સાથે ગુજરાતમાં પ્રથમ વખત રાષ્ટ્રીય સ્તરની પ્રોફેશનલ વોલીબોલ લીગ માટે પ્લેયર ઓક્શન યોજાયું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

'ખેલાડીઓને પ્રોફેશનલ પ્લેટફોર્મ આપવાનો ઉદ્દેશ' VCLના સ્થાપક ધિરજ મંજેરીએ જણાવ્યું હતું કે ટ્રોફીનું અનાવરણ અને પ્લેયર ઓક્શન લીગ માટે મહત્વપૂર્ણ પડાવ છે. તેમણે કહ્યું કે હવે લીગ આયોજનના તબક્કામાંથી મેદાન પર અમલીકરણ તરફ આગળ વધી રહી છે. VCLનો હેતુ વોલીબોલ ખેલાડીઓને એવું પ્રોફેશનલ પ્લેટફોર્મ આપવાનો છે, જ્યાં તેઓ ઉચ્ચ સ્તરે સ્પર્ધા કરી શકે, પોતાની ક્ષમતાનો વિકાસ કરી શકે અને રમતમાં સફળ કારકિર્દી બનાવી શકે. તેમણે વધુમાં જણાવ્યું કે લીગ દ્વારા ખેલાડીઓને ઉચ્ચ સ્તરે પ્રદર્શન કરવાની તક આપવાની સાથે સમગ્ર ભારતમાં ચાહકો સુધી સ્પર્ધાત્મક વોલીબોલ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. 'ઓક્શનથી ભારતીય પ્રતિભાની ઝલક મળી' VCLના અન્ય સ્થાપક કુલવંત બાલિયાને ઓક્શનના પ્રતિસાદને પ્રોત્સાહક ગણાવ્યો હતો. તેમના જણાવ્યા અનુસાર, ઓક્શનથી ભારતીય વોલીબોલમાં ઉપલબ્ધ પ્રતિભા અંગે સ્પષ્ટ અંદાજ મળ્યો છે. તેમણે કહ્યું કે VCLનું લક્ષ્ય એવી સુવ્યવસ્થિત લીગ ઊભી કરવાનું છે, જે ખેલાડીઓ અને ટીમોને લાંબા ગાળે સહયોગ આપી શકે. તેમણે કહ્યું કે હરાજીમાં કેટેગરી અનુસાર બેઝ પ્રાઈઝ છે જેમાં ઓછામાં ઓછા 3 લાખ રુપિયા અને 25 લાખથી વધુની રકમ પણ ખેલાડીને મળે એમ છે. કુલવંત બાલિયાને ઉમેર્યું કે ચેમ્પિયનશિપ ટ્રોફી એ સિઝનમાં ટીમો જે ખિતાબ માટે સ્પર્ધા કરશે તેનું પ્રતીક છે, જ્યારે પ્લેયર ઓક્શન લીગના સ્પર્ધાત્મક તબક્કાની શરૂઆત દર્શાવે છે.

8 જુલાઈએ થઈ હતી VCLની સત્તાવાર જાહેરાત વોલીબોલ ચેમ્પિયન્સ લીગની સત્તાવાર શરૂઆત 8 જુલાઈ, 2026ના રોજ ધિરજ મંજેરી અને કુલવંત બાલિયાને કરી હતી. લીગનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં વોલીબોલ ખેલાડીઓ માટે પ્રોફેશનલ પ્લેટફોર્મ ઊભું કરવો અને રમતના સમગ્ર ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાનો છે.

# નોરા ફતેહીને ચાર્ટર્ડ પ્લેનને 'રમકડું' કહેવું ભારે પડ્યું, ગાંધીનગર કોર્ટમાં ₹3 કરોડનો માનહાનિનો દાવો



**મુંબઈ, તા.07**

બોલિવૂડ અભિનેત્રી નોરા ફતેહી માટે એક બિઝનેસ જેટને 'રમકડાનું પ્લેન' (Toy plane) અને 'લેગો પ્લેન' (Lego plane) કહેવું ભારે પડી ગયું છે. ગાંધીનગરની એક પ્રાઈવેટ એવિયેશન કંપનીએ અભિનેત્રી નોરા ફતેહી સામે કાનૂની કાર્યવાહી કરતાં ગાંધીનગર સિવિલ કોર્ટમાં રૂ. 3 કરોડનો માનહાનિનો દાવો ઠોકી દીધો છે.

માહિતી મુજબ, 14 ડિસેમ્બર 2025ના રોજ નોરા ફતેહી અને તેની ટીમે 'ડ્યુન્સ એવિએશન' (Dunes Aviation) ના 'Cessna Citation CJ2' (કોલ સાઈન VT-NDA) નામના ચાર્ટર્ડ પ્લેનમાં મુંબઈથી જયપુર સુધીનો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસ દરમિયાન નોરા ફતેહીએ કેટલાક વીડિયો પણ શૂટ કર્યા હતા અને પોતાના વેરિફાઈડ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સ્ટોરી તરીકે પોસ્ટ કર્યા હતા.

કંપનીએ આરોપ લગાવ્યો છે કે નોરા ફતેહીએ વિમાનની સુરક્ષા અને ગુણવત્તા પર સવાલો ઉઠાવતા અપમાનજનક નિવેદનો આપ્યા હતા. એક વીડિયોમાં તેણે એવું પણ કહ્યું હતું કે, 'આ તો એક રમકડું છે; જ્યારે તમે એમેઝોન પરથી પ્લેન ઓર્ડર કરો છો ત્યારે આવું જ મળે છે'.

કંપનીના જણાવ્યા મુજબ નોરાએ કોઈપણ ટેકનિકલ જ્ઞાન વગર એવિયેશન સેફ્ટી પર બેજવાબદાર નિવેદનો આપ્યા છે. આ વિમાન ઉદ્યોગના ધોરણો મુજબનું 'બિઝનેસ જેટ' છે અને મુંબઈથી જયપુર સુધીની સફર તેણે પૂર્ણ સુરક્ષા સાથે પૂર્ણ કરી હતી, જે નોરાના દાવાઓને ખોટા સાબિત કરે છે. નોરાના ઈન્સ્ટાગ્રામ પર 4.66 કરોડથી વધુ ફોલોઅર્સ છે. તેના આ વીડિયો વાઈરલ થયા બાદ 45 થી 50 દિવસની અંદર કંપનીના ફ્લાઈટ બુકિંગમાં 15 થી 20 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને મોટા પાયે બુકિંગ કેન્સલ થયા હતા, જેનાથી કંપનીની બિઝનેસ અને પ્રતિષ્ઠાને મોટું નુકસાન થયું હતું.

કંપનીએ દાવો દાખલ કરતા પહેલા નોરા ફતેહીને લીગલ નોટિસ પણ મોકલાઈ હતી, પરંતુ તેનો કોઈ જવાબ મળ્યો નહોતો. જેથી કંપનીએ વળતર મેળવવા તેમજ તે વીડિયો સોશિયલ મીડિયા પરથી તાત્કાલિક હટાવવાના કોર્ટ ઓર્ડર માટે સિવિલ કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. ગાંધીનગર સિવિલ કોર્ટે આ મામલે નોરા ફતેહીને નોટિસ ઈશ્યૂ કરી હતી. હાલ આ કેસ રિજોઈન્ડર (rejoinder) તબક્કે છે અને તેની આગામી સુનાવણી 25 સપ્ટેમ્બરના રોજ નક્કી કરવામાં આવી છે.

**આ વિમાન ઉદ્યોગના ધોરણો મુજબનું 'બિઝનેસ જેટ' છે અને મુંબઈથી જયપુર સુધીની સફર તેણે પૂર્ણ સુરક્ષા સાથે પૂર્ણ કરી હતી, જે નોરાના દાવાઓને ખોટા સાબિત કરે છે**

# જ્યારે અંડરવર્લ્ડ સામે આખું બોલિવૂડ થથરતું હતું ત્યારે શાહરૂખ ખાને લીધી હતી ટક્કર: જાણીતા ડિરેક્ટરનો ધડાકો

**મુંબઈ, તા.07**

હિન્દી સિનેમામાં એક એવો દોર આવ્યો હતો, જ્યારે અંડરવર્લ્ડ તરફથી મળેલી ધમકીઓ અને હુમલાઓથી બોલિવૂડ ઈન્ડસ્ટ્રી થરથરતી હતી. એ સમયે કેટલાય મોટા-મોટા સુપરસ્ટાર્સને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ મળી હતી. તેમાં સુપરસ્ટાર શાહરૂખ ખાનનું નામ પણ સામેલ હતું.

હવે 'કાંટે' જેવી અનેક ફિલ્મ બનાવનારા નિર્દેશક સંજય ગુપ્તાએ આ વાતનો ખુલાસો કર્યો છે કે, જ્યારે શાહરૂખ ખાનને અંડરવર્લ્ડ તરફથી ધમકી મળી તે પછી કિંગ ખાનની પ્રતિક્રિયા શું હતી.

છેલ્લી સદીના છેલ્લા દાયકામાં મોટા-મોટા સ્ટાર્સથી લઈને ફિલ્મમેકર્સ સુધી અંડરવર્લ્ડની ધમકીઓ મળતી હતી. જોકે ફિલ્મમેકર સંજય ગુપ્તાનો દાવો છે



કે, આ દોરમાં એકમાત્ર અભિનેતા શાહરૂખ ખાન ક્યારેય દબાણમાં નહોતા આવ્યા અને તેમણે તેની સાથે ટક્કર લીધી હતી. સંજયે તાજેતરમાં જ યૂટ્યૂબ ચેનલ પર થયેલી વાતચીતમાં જણાવ્યું કે જો કોઈ એક વ્યક્તિ હતો, જેણે અંડરવર્લ્ડ તરફથી મળેલા કોઈપણ ઓફરને સ્વીકારવાની ના પાડી દીધી, તો તે શાહરૂખ ખાન હતા.

સંજયે કહ્યું કે, 'મનીષા કોઈરાલાના સેક્રેટરી હતા, ખૂબ જ સીધા-સાદા માણસ હતા. પછી એક દિવસ કોઈ તેમના ઓફિસમાં આવ્યું અને તેમને ગોળી મારીને જતું રહ્યું. આ પછી રાકેશ રોશન પર પણ ગોળી ચલાવવામાં આવી. અમે લોકો એ સમયે સરળ અને સોફ્ટ ટાર્ગેટ હતા. આ માત્ર ખંડણી માટે આવનારા કોલ્સ નહોતા, મામલો આનાથી ઘણો અલગ હતો.'

તેમણે આગળ જણાવ્યું કે, 'એ દોરમાં લગભગ દરેક મોટા અભિનેતા અને અભિનેત્રીને અંડરવર્લ્ડની ફિલ્મોમાં કામ કરવા માટે કાગળો પર સાઈન કરાવી લેવાતા હતા. ત્યાં સુધી કે અંડરવર્લ્ડ સાથે જોડાયેલા લોકો સેટ પર આવીને પણ બેસી જતા હતા. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં માત્ર એક એવો વ્યક્તિ હતો શાહરૂખ ખાન. જ્યારે તેમને ધમકી આપવામાં આવી તો તેમણે કહ્યું કે, પિક્ચર તો ક્યારેય નહીં કરું, શો પણ નહીં કરું. પઠાણ છું, ગોળી મારવી હોય તો મારી દો, હું ડરતો નથી.'

કિંગ ખાનની અપકમિંગ ફિલ્મ વિશે વાત કરીએ તો તેનું નામ 'કિંગ' છે. શાહરૂખ ખાનની આ મોસ્ટ અવેટેડ ફિલ્મ આ જ વર્ષે ક્રિસમસ પર 24 ડિસેમ્બર 2026ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ કરવામાં આવશે.

# અસુર થ્રીનું શુટિંગ શરૂ, અહેસાસ ચન્નાની નવી એન્ટ્રી

**મુંબઈ, તા.07**

યકોલોજિકલ થ્રિલર 'અસુર'નું શૂટિંગ શરૂ થયાની જાહેરાત કરાઈ છે અને તેનું પ્રીમિયર આગામી વર્ષે થવાની સંભાવના છે. અર્શદ વારસી અને બરુન સોબતી નવી હત્યાઓના તપાસકર્તા તરીકે વાપસી કરશે જ્યારે અભિનેત્રી અહેસાસ ચન્ના પણ શોની સતત વિસ્તરતી રહેલી કાસ્ટમાં સામેલ થઈ ગઈ છે. આ વખતે આ સીઝનના ડાયરેક્ર બદલાઈ ગયા છે. પ્રથમ બે સીઝનના ડાયરેક્ટર ઓની સેનને બદલે હવે લેખક ગૌરવ શુક્લા તથા શ્વેતાભ વર્મા ત્રીજી સીઝનનું ડિરેક્શન કરશે. પોતાને 'અસુર'ની ચાહક ગણાવતા અહેસાસે અર્શદ વારસી, બરુન સોબતી અને રિદ્ધિ ડોગરા સાથે કામ કરવા બાબતે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તેણે ખાતરી આપી હતી કે કે ત્રીજી સીઝનમાં વધુ થ્રિલ અને તીવ્રતા હશે. અભિનેત્રી શ્વેતા બાસુ પ્રસાદ પણ કાસ્ટમાં સામેલ થઈ છે, જો કે તેની ભૂમિકા વિશે કોઈ સ્પષ્ટતા નથી કરાઈ. શોમાં ફરી સામેલ થયેલા કલાકારોમાં રિદ્ધિ ડોગરા, અનુપ્રિયા ગોએન્કા અને વિશેષ બંસલ સામેલ છે. સર્જક અને લેખક ગૌરવ શુક્લા સહ-દિગ્દર્શક શ્વેતાભ વર્મા સાથે પોતાનું દિગ્દર્શક તરીકે ડેબ્યુ કરશે. શૂટિંગ આ વર્ષના ડિસેમ્બર સુધી વિવિધ શહેરોમાં ચાલશે. દરમ્યાન અહેસાસે પાસે પણ 'મિસમેચ્ડ' અને વીર દાસની હોરર ફિલ્મ 'બારા નંબર' વેટિંગ લિસ્ટમાં છે.

# દુબઈમાં કોન્સર્ટના ગણતરીના કલાકો પહેલાં ભારતીય સિંગરનું આકસ્મિક નિધન

**દુબઈ, તા.07**

બોલિવૂડના પ્રખ્યાત પ્લેબેક સિંગર ઉદિત નારાયણ જેવા અવાજ માટે જાણીતા ભારતીય ગાયક નિસાર વાયનાડનું શનિવારે સાંજે, 5 સપ્ટેમ્બરના રોજ દુબઈની એક હોસ્પિટલમાં નિધન થયું છે. અજમાનમાં યોજાનારા એક મ્યુઝિકલ પ્રોગ્રામમાં પરફોર્મ કરવાના થોડા કલાકો પહેલા જ તેમનું અવસાન થતાં સંગીત જગતમાં શોક છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નિસાર વાયનાડ માત્ર 44 વર્ષના હતા. નિસારનું નામ નિસાર અરોથ ઈબ્રાહિમ હતું અને તેઓ કેરળના વાયનાડ જિલ્લાના કંબલક્કડના વતની હતા. તેઓ ઓગસ્ટ મહિનામાં સંગીત કાર્યક્રમોની શ્રેણી માટે યુનાઈટેડ અરબ એમિરેટ્સ (UAE) ગયા હતા. રિપોર્ટ્સ અનુસાર, શનિવારે બપોરે અચાનક સખત તાવ આવતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું નિધન થયું હતું. દુબઈ અને સાઉદી અરેબિયામાં પણ તેમના આગામી મ્યુઝિકલ શો યોજાવાના હતા. તેમના આકસ્મિક અવસાનથી



યુએઈમાં વસતા મલયાલી સમુદાયને મોટો આઘાત લાગ્યો છે.

મેડિકલ રિપોર્ટ અનુસાર, તેમના મૃત્યુનું મુખ્ય કારણ 'એસિડોસિસ' (Acidosis) દર્શાવવામાં આવ્યું છે. આ સિવાય ઈન્ફેક્શનના કારણે સમગ્ર શરીરમાં સોજો આવવો (Systemic Inflammatory Response Syndrome) અને ઓર્ગન ફેલિયર (અંગો કામ કરતા બંધ થવા) થવાનું કારણ સામે આવ્યું છે. શરીર અથવા લોહીમાં બહુ ગંભીર ઈન્ફેક્શન થવાને કારણે આ સ્થિતિ સર્જાઈ હતી. એસિડોસિસ એક એવી ગંભીર તબીબી પરિસ્થિતિ છે જેમાં શરીરનું લોહી અથવા અન્ય પ્રવાહી વધુ પડતું એસિડિક થઈ જાય છે, જે ગંભીર બીમારી કે અંગો ફેલ થવાને કારણે બને છે.

# સેન્સેક્સ 382 પોઈન્ટ ઘટીને 76,132 પર બંધ: નિફ્ટી પણ 118 પોઈન્ટ ઘટ્યો, 23,779ના સ્તરે આવ્યો

**મુંબઈ, તા.07**

શેરબજારમાં આજે સોમવાર, 7 સપ્ટેમ્બરના રોજ નબળાઈ જોવા મળી હતી. સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે રોકાણકારો સાવચેત જોવા મળતાં બજારમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું. દિવસભરના ઉતાર-ચઢાવ બાદ બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ 382 પોઈન્ટના ઘટાડા સાથે 76,132ના સ્તરે બંધ થયો હતો. બીજી તરફ નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ 118 પોઈન્ટ ઘટીને 23,779ના સ્તરે બંધ રહ્યો હતો. શુક્રવારે બજારમાં જોવા મળેલી તેજી બાદ સોમવારે ફરી એકવાર ઘટાડો નોંધાતા રોકાણકારોમાં સાવચેતીનો માહોલ જોવા મળ્યો હતો.

એશિયન શેરબજારોમાં પણ મિશ્ર વલણ જોવા મળ્યું હતું. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ મજબૂત તેજી સાથે બંધ થયો હતો અને તેમાં 221 પોઈન્ટ એટલે કે 3.27 ટકાનો વધારો નોંધાયો હતો. જાપાનના નિક્કેઈ ઈન્ડેક્સમાં પણ સકારાત્મક કારોબાર જોવા મળ્યો હતો અને તે 1,439 પોઈન્ટ એટલે કે 2.21 ટકા વધ્યો હતો. જોકે, હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં નબળાઈ જોવા મળી હતી અને તેમાં 258 પોઈન્ટ એટલે કે 1.07 ટકાનો ઘટાડો નોંધાયો હતો. એશિયન બજારોના અલગ અલગ વલણની અસર ભારતીય બજારના રોકાણકારોના સેન્ટિમેન્ટ પર પણ જોવા મળી હતી.

વૈશ્વિક બજારોની વાત કરીએ તો અમેરિકી શેરબજારમાં અગાઉના કારોબારી સત્રમાં ઘટાડો જોવા મળ્યો હતો. ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજ 272 પોઈન્ટ એટલે કે 0.51 ટકા ઘટીને 53,414ના સ્તરે બંધ થયો હતો. ટેક્નોલોજી શેરો આધારિત નાસ્ડેક ઈન્ડેક્સમાં 77 પોઈન્ટ એટલે કે 0.29 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને તે 26,507ના સ્તરે બંધ રહ્યો હતો. એસ એન્ડ પી 500 ઈન્ડેક્સ પણ 29 પોઈન્ટ એટલે કે 0.38 ટકા ઘટીને 7,719ના સ્તરે બંધ થયો હતો. અમેરિકી બજારમાં જોવા મળેલી નબળાઈની અસર અન્ય વૈશ્વિક બજારોના સેન્ટિમેન્ટ પર પણ જોવા મળી હતી.

ભારતીય શેરબજારમાં ઘરેલું સંસ્થાકીય રોકાણકારો એટલે કે ડીઆઈઆઈની ખરીદી સતત બજારને ટેકો આપી રહી છે. ઉપલબ્ધ આંકડા મુજબ છેલ્લા સાત દિવસમાં ડીઆઈઆઈએ કુલ 18,568 કરોડ રૂપિયાના શેરોની



ખરીદી કરી છે. છેલ્લા 30 દિવસના સમયગાળામાં ઘરેલું સંસ્થાકીય રોકાણકારોની કુલ ખરીદી 69,068 કરોડ રૂપિયા રહી છે. તાજેતરના કારોબારી સત્રમાં પણ ડીઆઈઆઈ તરફથી 8,930 કરોડ રૂપિયાની ખરીદી નોંધાઈ હતી.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે એફઆઈઆઈ અને એફપીઆઈના વલણ પર પણ રોકાણકારોની ખાસ નજર રહી છે. તાજેતરના સત્રમાં વિદેશી રોકાણકારો દ્વારા 3,112 કરોડ રૂપિયાની વેચવાલી નોંધાઈ હતી. જોકે, છેલ્લા સાત દિવસના આંકડામાં એફઆઈઆઈ અને એફપીઆઈ તરફથી 2,374 કરોડ રૂપિયાની નેટ ખરીદી જોવા મળી હતી. બીજી તરફ છેલ્લા 30 દિવસના સમયગાળામાં વિદેશી રોકાણકારોનું કુલ વલણ નબળું રહ્યું છે અને આ સમયગાળા દરમિયાન 8,046 કરોડ રૂપિયાની નેટ વેચવાલી નોંધાઈ છે.

આ દરમિયાન આજથી નેશનલ સ્ટોક એક્સચેન્જ એટલે કે એનએસઈએ શેરબજાર ખુલતા પહેલાના પ્રી-ઓપન સેશનના નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર અમલમાં મૂક્યો છે. નવા નિયમોનો મુખ્ય હેતુ ઓર્ડર મેચિંગની પ્રક્રિયાને વધુ પારદર્શક, વ્યવસ્થિત અને અસરકારક બનાવવાનો છે. પ્રી-ઓપન સેશનનો કુલ સમયગાળો અગાઉની જેમ 15 મિનિટનો જ રાખવામાં આવ્યો છે અને તે સવારે 9 વાગ્યાથી 9.15 વાગ્યા સુધી ચાલશે, પરંતુ આ સમયગાળા દરમિયાન ઓર્ડર દાખલ કરવાની અને મેચિંગની પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે. નવા નિયમો મુજબ સવારે 9 વાગ્યાથી 9.05 વાગ્યા સુધી ટ્રેડર્સ માર્કેટ ઓર્ડર અને લિમિટ ઓર્ડર બંને દાખલ કરી શકશે. ખાસ વાત એ છે કે માર્કેટ ઓર્ડર દાખલ કરવા માટે હવે માત્ર શરૂઆતના પાંચ મિનિટનો સમય મળશે. એલ્ગોરિધમિક એટલે કે એલ્ગો માર્કેટ ઓર્ડર પણ આ જ સમયગાળા દરમિયાન મૂકી શકાશે. ત્યારબાદ સવારે 9.05 વાગ્યાથી 9.10 વાગ્યા સુધીના સમયગાળામાં માત્ર લિમિટ ઓર્ડર જ સ્વીકારવામાં આવશે. ઓર્ડર કલેક્શનની પ્રક્રિયામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. નવા નિયમ મુજબ સવારે 9.08 વાગ્યાથી 9.10 વાગ્યાની વચ્ચે કોઈપણ સમયે ઓર્ડર કલેક્શન વિન્ડો રેન્ડમ રીતે બંધ થઈ શકે છે. આ વ્યવસ્થા બજારમાં કોઈ ચોક્કસ સમયને ધ્યાનમાં રાખીને કરવામાં આવતી અનિચ્છનીય ટ્રેડિંગ પ્રવૃત્તિઓને રોકવા અને ઓર્ડર મેચિંગ પ્રક્રિયાને વધુ ન્યાયસંગત બનાવવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. સવારે 9.10 વાગ્યાથી 9.12 વાગ્યા સુધી સિસ્ટમમાં દાખલ થયેલા ઓર્ડરની મેચિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને તેના આધારે શેરનો ઓપનિંગ પ્રાઈસ નક્કી કરવામાં આવશે. ઓર્ડર એન્ટ્રીનો સમય પૂરો થયા બાદ સિસ્ટમ તરત જ ઉપલબ્ધ ઓર્ડરને મેચ કરવાની પ્રક્રિયા શરૂ કરશે. આ રીતે બજાર ખુલતા પહેલાના સમયમાં શેરના ભાવ નક્કી કરવાની પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એનએસઈના નવા નિયમોમાં કેટલાક વિશેષ પ્રકારના ઓર્ડર પર પ્રતિબંધ પણ મૂકવામાં આવ્યો છે. પ્રી-ઓપન સેશન દરમિયાન હવે સ્ટોપ લોસ એટલે કે એસએલ ઓર્ડર દાખલ કરી શકાશે નહીં.

# પ્રણવ કન્સ્ટ્રક્શન્સનો IPO ખુલ્યો: આ અઠવાડિયે 11 કંપનીનાં IPO આવશે, ₹7055 કરોડ એકત્ર કરવાની તૈયારી

**નવી દિલ્હી, તા.07**

પ્રણવ કન્સ્ટ્રક્શન્સનો IPO આજથી ખુલ્યો છે. આ ઉપરાંત, 7 સપ્ટેમ્બરથી 15 સપ્ટેમ્બરની વચ્ચે 11 મેઈન-બોર્ડ કંપનીઓ તેમના IPO લઈને આવી રહી છે. આ ઈશ્યૂ દ્વારા બજારમાંથી કુલ 7,055 કરોડ રૂપિયા એકત્ર કરવાની તૈયારી છે. તેમાં ફર્નિચર રેન્ટલ સ્ટાર્ટઅપ રેન્ટોમોજો, કરમતારા એન્જિનિયરિંગ અને કનોહર ઈલેક્ટ્રિકલ્સ જેવા નામો સામેલ છે. બજારમાંથી એકત્ર થનારા કુલ 7,055 કરોડ રૂપિયામાંથી બે પ્રકારના શેર જાહેર કરવામાં આવશે: ફ્રેશ ઈશ્યૂ: કુલ રકમના 39% હિસ્સો એટલે કે 2,722 કરોડનો નવો ઈશ્યૂ છે. આ પૈસા કંપનીઓના ખાતામાં જશે, જેનો ઉપયોગ દેવું ચૂકવવા, બિઝનેસ વધારવા માટે થશે. OFS: કુલ રકમના 61% હિસ્સો એટલે કે 4,333 કરોડ હાલના પ્રમોટર્સ અને જૂના રોકાણકારોના હિસ્સાના વેચાણનો છે. આ પૈસા શેર વેચનારા શેરહોલ્ડર્સ પાસે જશે.

અઠવાડિયાનો પહેલો IPO રિયલ એસ્ટેટ કંપની પ્રણવ કન્સ્ટ્રક્શન્સનો છે: આ ઈશ્યૂ 7 સપ્ટેમ્બરના રોજ ખુલ્યો અને 9 સપ્ટેમ્બરના રોજ બંધ થશે. કંપની 351 કરોડ એકત્ર કરશે. 118 થી 124 પ્રતિ શેર પ્રાઈસ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. તેમાં 315.6 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 35.43 કરોડનો OFS સામેલ છે.

મંગળવારે ત્રણ અલગ-અલગ




સેક્ટરની કંપનીઓ પોતાના ઈશ્યૂ લઈને આવી રહી છે: કનોહર ઈલેક્ટ્રિકલ્સ: આ ઈશ્યૂ 8 સપ્ટેમ્બરના રોજ ખુલશે અને 10 સપ્ટેમ્બરના રોજ બંધ થશે. તેનો પ્રાઈસ બેન્ડ 601 થી 632 પ્રતિ શેર છે. કંપની 1,056 કરોડ એકત્ર કરવા જઈ રહી છે. પ્રસોલ કેમિકલ્સ: સ્પેશિયાલિટી કેમિકલ કંપનીનો ઈશ્યૂ પણ 8 સપ્ટેમ્બરના રોજ ખુલશે અને 10 સપ્ટેમ્બરના રોજ બંધ થશે. તેનો પ્રાઈસ બેન્ડ 643 થી 676 છે. કદ 500 કરોડ છે. ગ્લાસ વોલ સિસ્ટમ્સ: આ ઈશ્યૂ પણ 8 સપ્ટેમ્બરના રોજ ખુલશે અને 10 સપ્ટેમ્બરના રોજ બંધ થશે. પ્રાઈસ બેન્ડ 172 થી 182 રાખવામાં આવ્યો છે. કંપની ઈશ્યૂ દ્વારા 428 કરોડ એકત્ર કરશે.

રેન્ટોમોજો: ઓનલાઈન રેન્ટલ સર્વિસિસ કંપનીનો IPO 1,256 કરોડનો છે. તેમાં 150 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 1,106 કરોડનો OFS છે. પ્રાઈસ બેન્ડ 384-404. કરમતારા એન્જિનિયરિંગ: રિન્યુએબલ એનર્જી સંબંધિત કંપની 875 કરોડ એકત્ર કરશે. તેમાં 675 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 200 કરોડનો OFS છે. પ્રાઈસ બેન્ડ 241-254. મણિપાલ પેમેન્ટ: ફિનટેક કંપનીઓને સેવાઓ પૂરી પાડતી કંપની 805 કરોડ એકત્ર કરશે. તેમાં 320 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 485 કરોડનો OFS છે. પ્રાઈસ બેન્ડ 322-339. આર્સિલ: 733 કરોડનો IPO સંપૂર્ણપણે ઓફર ફોર સેલ (OFS) છે. પ્રાઈસ બેન્ડ 132 થી 139 છે. આ સંપૂર્ણ રકમ શેર વેચનારાઓને મળશે, કંપનીને કોઈ ભંડોળ મળશે નહીં. LCC પ્રોજેક્ટ્સ: એન્જિનિયરિંગ સેવાઓ પૂરી પાડતી કંપની 427 કરોડ એકત્ર કરશે. તેમાં 258 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 169 કરોડનો OFS છે. પ્રાઈસ બેન્ડ 139-146. સ્ટીમહાઉસ ઈન્ડિયા: 414 કરોડનું કદ છે, જેમાં 353 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 61 કરોડનો OFS સામેલ છે. પ્રાઈસ બેન્ડ હજુ જાહેર કરવામાં આવ્યો નથી. અઠવાડિયાનો છેલ્લો IPO 10 સપ્ટેમ્બરે ખુલશે અને 15 સપ્ટેમ્બરે બંધ થશે: વીગાલેન્ડ ડેવલપર્સ: આ કંપની રિયલ એસ્ટેટ સેક્ટરમાં કામ કરે છે. આ સંપૂર્ણપણે ફ્રેશ ઈશ્યૂ છે. કંપની બજારમાંથી 210 કરોડ એકત્ર કરશે. પ્રાઈસ બેન્ડ 130-140 નક્કી કરવામાં આવ્યો છે. આ 11 ઈશ્યૂ સાથે વર્ષમાં અત્યાર સુધી IPO લાવનારી મેઈન-બોર્ડ કંપનીઓની સંખ્યા 75 પર પહોંચી જશે. 1 સપ્ટેમ્બરના રોજ 'રેઝ ઓફ બિલીફ' અને 'દીપા જ્વેલર્સ'ના IPO પહેલેથી જ આવી ચૂક્યા છે. ઓગસ્ટમાં 23 કંપનીઓ તેમના IPO લઈને આવી હતી.


# EPFOની UAN સેવાઓ હવે મોબાઈલ પર: ઉમંગ એપથી નવો UAN બનાવો, એક્ટિવેટ કરો અને આધાર ફેસ-ઓથેન્ટિકેશનથી એકાઉન્ટ વેરિફાય કરો

**નવી દિલ્હી, તા.07**

એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન એટલે કે EPFO એ ઉમંગ એપ પર તેની ડિજિટલ સેવાઓમાં વધારો કર્યો છે. હવે પીએફ ખાતાધારકો આધાર-આધારિત ફેસ-ઓથેન્ટિકેશન દ્વારા મોબાઈલથી જ પોતાનો યુનિવર્સલ એકાઉન્ટ નંબર એટલે કે UAN જનરેટ, એક્ટિવેટ અને ઓથેન્ટિકેટ કરી શકે છે. ઓર્ગેનાઈઝેશનની આ પહેલનો હેતુ EPFO સેવાઓ સુધી પહોંચને સરળ બનાવવાનો અને ફિઝિકલ કે મેન્યુઅલ વેરિફિકેશન પર નિર્ભરતાને સમાપ્ત કરવાનો છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર તેની જાહેરાત કરતા જણાવ્યું કે સભ્યો હવે ઉમંગ એપ દ્વારા સીધા UAN ફાળવી, એક્ટિવેટ અને ઓથેન્ટિકેટ કરી શકે છે.

UAN એક્ટિવેટ થયા પછી, સભ્યો EPF બેલેન્સ ચેક કરવા, પાસબુક ડાઉનલોડ કરવા, ક્લેમ સ્ટેટસ ટ્રેક કરવા અને KYC વિગતો અપડેટ કરવા જેવી તમામ સુવિધાઓનો લાભ ઘરે બેઠા લઈ શકશે.

આ સુવિધા ખાસ કરીને તે કર્મચારીઓ માટે ખૂબ ફાયદાકારક છે જેઓ પ્રથમ વખત EPF સિસ્ટમ સાથે જોડાઈ રહ્યા છે. નવું UAN



બનાવવા માટે કર્મચારી પાસે એક માન્ય આધાર નંબર, આધાર-લિંક્ડ મોબાઈલ નંબર અને 'Aadhaar Face RD' એપ્લિકેશન હોવી જરૂરી છે.

સૌ પ્રથમ ઉમંગ એપ ખોલીને 'UAN Allotment and Activation' વિકલ્પ પર જાઓ.

તમારો આધાર નંબર, મોબાઈલ નંબર દાખલ કરો અને આધાર વેલિડેશન માટે સંમતિ આપો. આ પછી તમારા આધાર-લિંક્ડ મોબાઈલ નંબર પર એક OTP આવશે. સિસ્ટમ આપમેળે તપાસ કરશે કે તમારા આધાર સાથે પહેલાથી કોઈ UAN જોડાયેલું છે કે નહીં. જો કોઈ જૂનો UAN મળતો નથી, તો તમને ફેસ-ઓથેન્ટિકેશનની પ્રક્રિયામાં મોકલવામાં આવશે. સંમતિ આપ્યા પછી 'Aadhaar Face RD' એપ દ્વારા ચહેરાને સ્કેન કરવામાં આવશે. વેરિફિકેશન સફળ થતાં જ નવો UAN જનરેટ થઈને તમારા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર મોકલી દેવામાં આવશે.

જે કર્મચારીઓનો UAN પહેલેથી જ જનરેટ થયેલો છે પરંતુ હજુ સુધી એક્ટિવેટ થયો નથી, તેઓ ઉમંગ એપ પર ઉપલબ્ધ 'UAN Activation' વિકલ્પનો ઉપયોગ કરી શકે છે.

આ માટે યુઝરને પોતાનો UAN, આધાર નંબર અને મોબાઈલ નંબર દાખલ કરીને સંમતિ આપવી પડશે. OTP વેરિફિકેશન પૂર્ણ થયા પછી UIDAI સિસ્ટમ દ્વારા ફેસ-ઓથેન્ટિકેશનની પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. વેરિફિકેશન પૂર્ણ થતાં જ UAN એક્ટિવેટ થઈ જશે. કર્મચારીને SMS દ્વારા UAN અને એક ટેમ્પરરી પાસવર્ડ મળી જશે. આ સાથે જ EPFO ડેટાબેઝમાં કર્મચારીનો વેરિફાઈડ ફોટો અને સરનામું આપમેળે અપડેટ થઈ જશે. જે સભ્યોનો UAN પહેલેથી જ સક્રિય છે, તેમના માટે એપ પર 'Face Authentication of Already Activated UANs' નો વિકલ્પ આપવામાં આવ્યો છે. આ પ્રક્રિયામાં સભ્ય પોતાની સંમતિ આપીને ફેસ-ઓથેન્ટિકેશન પૂર્ણ કરશે. ત્યારબાદ UIDAI સિસ્ટમ ઓળખને ચકાસીને આધાર અને UAN સંબંધિત માહિતી મેળવી લેશે.

# LPG બુકિંગનો સમયગાળો હવે શહેર-ગામમાં સમાન: કેન્દ્ર સરકારે 25 દિવસમાં રિફિલ બુકિંગની છૂટ આપી

**નવી દિલ્હી, તા.07**

કેન્દ્ર સરકારે ઘરેલું એલપીજી ગ્રાહકોને મોટી રાહત આપતો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં એલપીજી સિલિન્ડર રિફિલ બુકિંગ માટે અગાઉ અલગ અલગ રાખવામાં આવેલો સમયગાળો હવે સમાન કરી દેવામાં આવ્યો છે. નવા નિર્ણય મુજબ હવે દેશભરના તમામ ઘરેલું એલપીજી ગ્રાહકો 25 દિવસના અંતરાલ બાદ પોતાનો આગામી રિફિલ સિલિન્ડર બુક કરાવી શકશે. આ નિર્ણયથી ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોના ગ્રાહકોને મોટી રાહત મળવાની શક્યતા છે, કારણ કે અગાઉ તેમને નવા રિફિલ માટે વધુ લાંબી રાહ જોવી પડતી હતી.

કેન્દ્રીય પેટ્રોલિયમ, કુદરતી ગેસ અને પર્યટન રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ સોમવાર, 7 સપ્ટેમ્બરના રોજ આ અંગે માહિતી આપી હતી. તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ મારફતે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ એટલે કે OMCsને નવા નિયમનો અમલ તાત્કાલિક અસરથી કરવા માટે સૂચના આપી છે. આ નિર્ણય બાદ હવે શહેર અને ગામ વચ્ચે એલપીજી રિફિલ બુકિંગના સમયગાળામાં રહેલો તફાવત દૂર કરવામાં આવ્યો છે.

અગાઉ મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ અને તેના કારણે ઊભી થયેલી આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિની અસર એલપીજીના પુરવઠા પર પણ પડી હતી. સપ્લાય ચેઈન અને ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા રિફિલ બુકિંગના નિયમોમાં તાત્કાલિક ફેરફાર કરવામાં આવ્યો હતો. તે સમયે શહેરી વિસ્તારોમાં ઘરેલું એલપીજી ગ્રાહકોને 25 દિવસના અંતરાલ બાદ રિફિલ બુક કરવાની મંજૂરી હતી, જ્યારે ગ્રામીણ વિસ્તારોના ગ્રાહકો માટે આ સમયગાળો વધારીને 45 દિવસ કરવામાં આવ્યો હતો.

આ વ્યવસ્થા પાછળનો મુખ્ય હેતુ દેશમાં ઉપલબ્ધ એલપીજીના જથ્થાનું યોગ્ય સંચાલન કરવાનો હતો. ખાસ કરીને પુરવઠા પર દબાણ વધ્યું હોવાથી સરકાર અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ તમામ વિસ્તારોમાં ગેસની ઉપલબ્ધતા જળવાઈ રહે તે માટે કેટલાક નિયંત્રણો લાગુ કર્યા હતા. જોકે હવે એલપીજી સપ્લાયની



સ્થિતિમાં સુધારો થતાં સરકારે ગ્રાહકો માટે આ નિયમોમાં રાહત આપવાનો નિર્ણય લીધો છે.

સુરેશ ગોપીના જણાવ્યા અનુસાર હાલમાં દેશમાં એલપીજી સપ્લાયની સ્થિતિ અગાઉની સરખામણીએ વધુ સારી થઈ છે. રિફિલની માંગને પહોંચી વળવા માટે કરવામાં આવેલી વ્યવસ્થાઓને કારણે બેકલોગમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. એટલે કે જે ગ્રાહકોના રિફિલ બુકિંગ અથવા ડિલિવરીમાં વિલંબ થઈ રહ્યો હતો તેવી સ્થિતિમાં હવે ઘણો સુધારો થયો હોવાનું જણાવવામાં આવ્યું છે. આ સુધરેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ગ્રામીણ વિસ્તારો માટે લાગુ કરવામાં આવેલો લાંબો 45 દિવસનો સમયગાળો હટાવી દીધો છે. નવા નિયમ મુજબ હવે શહેરી હોય કે ગ્રામીણ વિસ્તાર, દેશના તમામ ઘરેલું એલપીજી ગ્રાહકો સમાન નિયમ હેઠળ આવશે. ગ્રાહકો 25 દિવસનું અંતર પૂર્ણ થયા બાદ આગામી સિલિન્ડર માટે રિફિલ બુકિંગ કરી શકશે. સરકારના આ નિર્ણયને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લાખો પરિવારોને ખાસ રાહત મળવાની આશા છે.

મંત્રીએ પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા ઓઈલ માર્કેટિંગ કંપનીઓને મોકલવામાં આવેલા પત્રની નકલ પણ શેર કરી હોવાનું જણાવાયું છે. આ પત્રમાં સંબંધિત કંપનીઓને નવા નિર્ણયનો અમલ તાત્કાલિક કરવા માટે સૂચના આપવામાં આવી છે. ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા આ પ્રકારની નીતિઓના અમલની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ઘરેલું ગેસની ઉપલબ્ધતા અને સપ્લાયને લઈને અગાઉ કેટલાક વિસ્તારોમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી હતી. એલપીજી આજે દેશના કરોડો પરિવારોના રસોડાની મહત્વપૂર્ણ જરૂરિયાત બની ગયું છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં એલપીજી કનેક્શનનો વ્યાપ વધ્યા બાદ સિલિન્ડરની સમયસર ઉપલબ્ધતા સામાન્ય પરિવારો માટે ખૂબ મહત્વપૂર્ણ બની ગઈ છે.

સરકારના નવા નિર્ણયથી ગ્રાહકોને રિફિલ માટે વધુ સમાન અને સરળ વ્યવસ્થા મળશે. અગાઉ શહેર અને ગામ માટે અલગ અલગ સમયગાળો હોવાને કારણે કેટલાક ગ્રામીણ ગ્રાહકોને લાંબા સમય સુધી રાહ જોવી પડતી હતી. હવે 25 દિવસનો એકસરખો નિયમ લાગુ થવાથી બંને વિસ્તારોના ગ્રાહકોને સમાન સુવિધા મળવાની શક્યતા છે.

જોકે, આ નિર્ણયની જાહેરાત થઈ ગઈ હોવા છતાં અલગ અલગ વિસ્તારોમાં તેનો જમીની સ્તર પર અમલ કઈ ઝડપથી શરૂ થાય છે તેની વધુ વિગતો સામે આવવાની બાકી છે. ગ્રાહકોને પોતાના ગેસ વિતરક અથવા સંબંધિત ઓઈલ માર્કેટિંગ કંપનીની સેવા દ્વારા રિફિલ બુકિંગની નવી વ્યવસ્થા અંગે સ્પષ્ટ માહિતી મળતી રહેશે.

# આજે સોનું ₹2409 અને ચાંદી ₹3967 સસ્તી: 10 ગ્રામ સોનું ₹1.52 લાખ પર આવ્યું, એક કિલો ચાંદીનો ભાવ ₹2.35 લાખ થયો

**નવી દિલ્હી, તા.07**

સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે સોમવાર, 7 સપ્ટેમ્બરના રોજ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. કિંમતી ધાતુઓના બજારમાં આવેલા આ ઘટાડાથી સોનાની ખરીદી કરવાનું વિચારી રહેલા ગ્રાહકોને થોડી રાહત મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરવામાં આવેલા ભાવ મુજબ 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમતમાં આજે 2,409 રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડા બાદ 10 ગ્રામ સોનાની કિંમત ઘટીને અંદાજે 1.52 લાખ રૂપિયા પર આવી ગઈ છે.

ચાંદીના ભાવમાં પણ આજે મોટો ઘટાડો જોવા મળ્યો છે. એક કિલોગ્રામ ચાંદીની કિંમતમાં 3,967 રૂપિયાનો ઘટાડો નોંધાયો છે, જેના કારણે ચાંદીનો ભાવ ઘટીને લગભગ 2.31 લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર આવી ગયો છે. કિંમતી ધાતુઓના બજારમાં એક જ દિવસે આવેલા આ ઘટાડાએ રોકાણકારો અને જ્વેલરી ખરીદદારો બંનેનું ધ્યાન ખેંચ્યું છે.

ગયા અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે એટલે કે શુક્રવારે સોના અને ચાંદીના ભાવ વધુ ઊંચા હતા. તે સમયે 10 ગ્રામ સોનાની કિંમત આશરે 1.55 લાખ રૂપિયા હતી, જ્યારે એક કિલોગ્રામ ચાંદીનો ભાવ લગભગ 2.35 લાખ રૂપિયા સુધી પહોંચ્યો હતો. સોમવારે બજાર ખુલ્યા બાદ બંને કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડો જોવા મળતા ગ્રાહકો માટે ખરીદીની તક ઊભી થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

જોકે, સોના અને ચાંદીના ભાવ દરેક શહેરમાં એકસરખા હોય તે જરૂરી નથી. દેશના અલગ અલગ શહેરોમાં કિંમતોમાં થોડો તફાવત જોવા મળે છે. તેનું મુખ્ય કારણ પરિવહન ખર્ચ, સ્થાનિક કર, સુરક્ષા ખર્ચ, માંગ અને પુરવઠાની સ્થિતિ તેમજ સ્થાનિક બજારની પરિસ્થિતિ છે. એક શહેરથી બીજા શહેરમાં સોનું અથવા અન્ય કિંમતી ધાતુઓનું પરિવહન કરવામાં ઈંધણ અને સુરક્ષા સહિતના ખર્ચ થાય છે. લાંબા અંતર સુધી માલ પહોંચાડવાનો ખર્ચ વધતાં તેની અસર સ્થાનિક ભાવ પર પણ પડી શકે છે. દક્ષિણ ભારતને દેશમાં સોનાના સૌથી મોટા બજારોમાંનું એક માનવામાં આવે છે. અહીં સોના અને જ્વેલરીનો વપરાશ ખૂબ



વધારે હોવાથી સ્થાનિક બજારમાં માંગનું પ્રમાણ પણ ઊંચું રહે છે. અંદાજે દેશના કુલ સોનાના વપરાશમાં દક્ષિણ ભારતનો મોટો હિસ્સો હોવાનું માનવામાં આવે છે. ભારે માંગને કારણે સ્થાનિક જ્વેલર્સ મોટા પ્રમાણમાં ખરીદી કરે છે, પરંતુ દરેક સમયે ગ્રાહકોને મોટા ડિસ્કાઉન્ટનો લાભ મળે તે જરૂરી નથી. માંગ અને પુરવઠાની સ્થિતિના આધારે શહેર પ્રમાણે સોનાના ભાવમાં તફાવત જોવા મળી શકે છે.

સ્થાનિક જ્વેલરી એસોસિએશન પણ વિવિધ શહેરોમાં સોના અને ચાંદીના ભાવ નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. રાજ્ય અને શહેરના બજારમાં ઉપલબ્ધ સ્ટોક, સ્થાનિક માંગ, પુરવઠો અને વેપારીઓની ખરીદીની કિંમત જેવા પરિબળોને ધ્યાનમાં રાખીને કિંમતો નક્કી કરવામાં આવે છે. કેટલાક જ્વેલર્સ પાસે પહેલેથી ખરીદેલો જૂનો સ્ટોક હોય છે અને તેની ખરીદીની કિંમત અલગ હોઈ શકે છે. આ કારણોસર પણ અલગ અલગ જ્વેલરી દુકાનોમાં ગ્રાહકોને ભાવમાં થોડો ફરક જોવા મળી શકે છે. વર્ષ 2026 દરમિયાન સોના અને ચાંદીના ભાવમાં સતત ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. વર્ષની શરૂઆતથી લઈને અત્યાર સુધી કિંમતી ધાતુઓના બજારમાં અનેક વખત રેકોર્ડ સ્તરની તેજી અને ત્યારબાદ મોટો ઘટાડો જોવા મળ્યો છે. ઉપલબ્ધ આંકડા મુજબ સોનું વર્ષ 2026માં અત્યાર સુધીમાં લગભગ 19 હજાર રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાની કિંમત લગભગ 1.33 લાખ રૂપિયા હતી, જે હવે ઘટાડા બાદ પણ આશરે 1.52 લાખ રૂપિયા પર છે.

ચાંદીના ભાવમાં પણ વર્ષ દરમિયાન ભારે ઉથલપાથલ જોવા મળી છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીનો ભાવ આશરે 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતો. ત્યારબાદ કિંમતોમાં નોંધપાત્ર વધારો થયો અને વર્ષ દરમિયાન અનેક વખત નવા ઊંચા સ્તરો જોવા મળ્યા. કિંમતી ધાતુઓના બજારમાં તેજી દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ આશરે 1.76 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામનો અને ચાંદીએ લગભગ 3.86 લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામનો ઓલટાઈમ હાઈ બનાવ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે.

સોના અને ચાંદીના ભાવમાં થતા આ મોટા ઉતાર-ચઢાવ પાછળ આંતરરાષ્ટ્રીય બજારની સ્થિતિ પણ મહત્વપૂર્ણ હોય છે. વૈશ્વિક આર્થિક પરિસ્થિતિ, ડોલરની મજબૂતી અથવા નબળાઈ, વ્યાજદરમાં ફેરફાર, આંતરરાષ્ટ્રીય રાજકીય તણાવ અને રોકાણકારોની ખરીદી-વેચવાલી જેવા અનેક પરિબળો કિંમતી ધાતુઓના ભાવને અસર કરે છે. જ્યારે વૈશ્વિક અર્થવ્યવસ્થા અથવા નાણાકીય બજારોમાં અનિશ્ચિતતા વધે છે ત્યારે રોકાણકારો ઘણી વખત સોનાને સુરક્ષિત રોકાણ તરીકે પસંદ કરે છે, જેના કારણે તેની માંગ અને ભાવમાં વધારો થઈ શકે છે. સોનાની ખરીદી કરતા ગ્રાહકોએ માત્ર ભાવ જ નહીં પરંતુ તેની ગુણવત્તા પણ તપાસવી ખૂબ જરૂરી છે. હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે BISનું હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું ખરીદવાની સલાહ આપવામાં આવે છે.

# એક વર્ષમાં બેંક ખાતામાં કેટલી રોકડ જમા કરી શકાય?: લિમિટ કરતાં વધારે કેશ જમા કરાવશો તો આવશે ઈન્કમ ટેક્સ વિભાગની નોટિસ

**નવી દિલ્હી, તા.07**

બેંકમાં રોકડ જમા કરવી એક સામાન્ય પ્રક્રિયા છે, પરંતુ શું તમે જાણો છો કે એક મર્યાદાથી વધુ રોકડ જમા કરવા પર બેંક તેની જાણકારી સીધી ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને આપે છે? સરકાર અને આવકવેરા વિભાગનો મુખ્ય ઉદ્દેશ્ય મોટા રોકડ વ્યવહારો પર નજર રાખવી, અઘોષિત આવક, ટેક્સ ચોરી અને મની લોન્ડરિંગ જેવી ગતિવિધિઓ પર અંકુશ લગાવવાનો છે. જો તમે પણ તમારા ખાતામાં વારંવાર મોટી રોકડ રકમ જમા કરો છો, તો તમને બેંક અને ટેક્સ નિયમોની સાચી જાણકારી હોવી અત્યંત જરૂરી છે.

હાલનાં આવકવેરા નિયમો અનુસાર, જો કોઈ વ્યક્તિ એક નાણાકીય વર્ષ દરમિયાન તેના એક અથવા એકથી વધુ બચત ખાતાઓમાં કુલ મળીને 10 લાખ રૂપિયા કે તેથી વધુ રોકડ જમા કરે છે, તો બેંકોએ તેની જાણકારી આવકવેરા વિભાગને આપવી જરૂરી છે. એ પણ યાદ રાખો કે આ મર્યાદા કોઈ એક વ્યવહાર પર નહીં, પરંતુ આખા વર્ષ દરમિયાન કરવામાં આવેલા તમામ રોકડ જમાના કુલ સરવાળા પર લાગુ પડે છે. જોકે, 10 લાખથી વધુ રોકડ જમા કરવાનો અર્થ એ બિલકુલ




નથી કે તમને તરત જ ટેક્સ નોટિસ આવશે. જો તમારી પાસે જમા કરાયેલી રકમનો સાચો હિસાબ અને કાયદેસર સ્ત્રોત છે, તો ગભરાવાની કોઈ જરૂર નથી.

બેંક ખાતામાં પૈસા જમા કરવા પર કોઈ ટેક્સ લાગતો નથી. જોકે, જો કોઈ રોકડ જમા નિર્ધારિત મર્યાદા 10 લાખની ઉપર જાય છે, તો તમારે તે રકમના સ્ત્રોતનો પુરાવો આપવો પડી શકે છે. જો તે પૈસા તમારી સેલરી, બિઝનેસ, ભાડાની આવક અથવા ખેતીની આવકમાંથી આવ્યા છે અને તમે તેને તમારા ઈન્કમ ટેક્સ રિટર્નમાં દર્શાવ્યા છે, તો કોઈ સમસ્યા થશે નહીં. મોટા રોકડ વ્યવહારોના સમયે આવકના સ્ત્રોતના પુરાવા જેમ કે સેલરી સ્લિપ, બિઝનેસ સેલ રેકોર્ડ, ભાડા કરાર અથવા જમીનના વેચાણના કાગળો હંમેશા સાચવીને રાખો, જેથી ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા પૂછવામાં આવે ત્યારે તમે સરળતાથી જવાબ આપી શકો.

જો તમે કોઈ બેંકમાં એક જ દિવસમાં 50,000 થી વધુ રોકડ જમા કરાવવા જાઓ છો, તો તમારે તમારો PAN કાર્ડ નંબર આપવો ફરજિયાત છે. જો તમારી પાસે PAN નંબર નથી, તો તમારે ફોર્મ 60 ભરીને જમા કરાવવું પડશે. આ નિયમનો હેતુ રોકડ વ્યવહારોનો રેકોર્ડ રાખવાનો છે. આવકવેરા અધિનિયમની કલમ 269ST એક વધુ અત્યંત કડક નિયમ છે.

# દસક્રોઈના યુવક સાથે સાયબર ફ્રોડ, રશિયા રહેતા ભાઈના ફેસબુક આઈડી પરથી મેસેજ કરી 2.65 લાખ પડાવ્યા

**અમદાવાદ, તા.07**




અમદાવાદના દસક્રોઈમાં રહેતા ઉત્તર પ્રદેશના મૂળ યુવક સાથે રશિયામાં રહેતા તેના માસીના દીકરાના નામે ફેસબુક મેસેન્જર પર મેસેજ મોકલી, વિઝા રિન્યુઅલ અને જેલનો ડર બતાવી ગઠિયાએ કટકે-કટકે 2.65 લાખ રૂપિયા પડાવી લીધા હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ઠગે વધુ 2.70 લાખ રૂપિયાની માંગણી કરતાં યુવકને શંકા ગઈ હતી અને રશિયા રહેતા ભાઈની ખરેખર ભાળ મેળવતાં સમગ્ર સાયબર ફ્રોડ સામે આવ્યું હતું. હાલ પોલીસે 1930 હેલ્પલાઈન અને લેખિત અરજીના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ દસક્રોઈ ખાતે રહેતા સંતોષ યાદવના માસીનો દીકરો રાજારામ યાદવ નોકરી અર્થે રશિયા રહે છે. થોડા દિવસો અગાઉ સંતોષને રાજારામ યાદવના નામના ફેસબુક મેસેન્જર એકાઉન્ટ પરથી મેસેજ આવ્યો હતો કે, 'મારો વિઝા એક્સપાયર થઈ ગયો છે અને એજન્સીના 95 હજાર રૂપિયા બાકી હોવાથી તેઓ વિઝા બ્લોક કરી મને 8 વર્ષ માટે જેલમાં ધકેલી દેશે.' આ મેસેજ બાદ ગઠિયાએ એક કથિત વિઝા એજન્ટનો મોબાઈલ નંબર મોકલી તાત્કાલિક સંપર્ક કરવા કહ્યું હતું. સંતોષે આપેલા નંબર પર વોટ્સએપ કોલ કરતાં સામેવાળા શખસે પોતે રાજારામનો વિઝા એજન્ટ હોવાની ઓળખ આપી હતી અને વિઝા બચાવવા માટે તાત્કાલિક 95 હજાર રૂપિયા મોકલવા જણાવ્યું હતું. ભાઈને મુશ્કેલીમાંથી બહાર કાઢવા સંતોષે આરોપી દ્વારા મોકલાયેલા ક્યુઆર કોડ (સ્કેનર) પર પોતાના બે બેન્ક એકાઉન્ટમાંથી 30 હજાર રૂપિયા અને 50 હજાર રૂપિયા તેમજ એક પરિચિત મારફતે 15 હજાર રૂપિયા મળી કુલ 95 હજાર રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. આ રકમ મળ્યા બાદ ગઠિયાએ ફરીથી ફોન કરી અન્ય પ્રક્રિયા માટે 1.70 લાખ રૂપિયાની માંગણી કરી હતી, જે રકમ પણ ફરિયાદીએ અન્ય વ્યક્તિ મારફતે ટ્રાન્સફર કરી આપી હતી. આમ, ગઠિયાએ ટૂંકા ગાળામાં કુલ 2.65 લાખ રૂપિયા પડાવી લીધા હતા. જોકે, ગઠિયાની લાલચ આટલેથી અટકી નહોતી. તેણે પ્લેનની ટિકિટ કરાવવાના બહાને વધુ 2.70 લાખ રૂપિયાની માંગણી કરી હતી.

એક પછી એક નાણાંની માંગણી થતાં સંતોષભાઈને શંકા ગઈ હતી. જેથી તેમણે તુરંત રાજારામના નાના ભાઈ દયારામ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. દયારામે રશિયા ખાતે રાજારામનો સીધો સંપર્ક કરતાં જાણવા મળ્યું હતું કે તે એકદમ સુરક્ષિત છે, તેની નોકરી ચાલુ છે અને તેણે કોઈ નાણાં માંગ્યા નથી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સ્પષ્ટ થતાં સંતોષે સાયબર હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે ગુનો નોંધી આરોપીનું બેન્ક એકાઉન્ટ અને મોબાઈલ લોકેશન ટ્રેસ કરવાની તજવીજ હાથ ધરી છે.

# થલતેજમાં ડમ્પરની અડફેટે માતાની સામે 12 વર્ષની દીકરીનું મોત, અગાઉ પણ બે લોકોનો ભોગ લીધો હતો

**અમદાવાદ, તા.07**

અમદાવાદના થલતેજ વિસ્તારમાં શાળાએથી પરત ફરતી વખતે 12 વર્ષની બાળકીએ પોતાનો જીવ ગુમાવ્યો છે. બાળકી પોતાની માતા સાથે એક્ટિવા પર ઘરે જઈ રહી હતી, તે જ સમયે એક બેફામ આવતા ડમ્પરે તેમના વાહનને અડફેટે લીધું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં માતાનો આબાદ બચાવ થયો હતો, પરંતુ તેમની નજર સમક્ષ જ તેમની વહાલસોયી દીકરીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

આ અકસ્માત સર્જનાર ડમ્પર (GJ 24 X 5130) અંગે એક ચોંકાવનારી વિગત એ પણ સામે આવી છે કે તેણે ભૂતકાળમાં અન્ય એક દુર્ઘટનામાં બે લોકોનો ભોગ લીધો હતો. ઘટનાની જાણ થતાં જ એસ.જી. 1 ટ્રાફિક પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને આરોપી ડમ્પર ચાલકની ધરપકડ કરી લીધી હતી. હાલમાં પોલીસે કાયદેસરનો ગુનો નોંધીને બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના એનાલિટિકલ સ્ટડી ઓફ રોડ એક્સિડન્ટ્સ ઈન ગુજરાત-2024ના અહેવાલમાં જાહેર કરાયો હતો જેમાં અકસ્માતના પ્રમાણને લઈને ચિંતાજનક ચિત્ર રજૂ કરાયું હતું. રિપોર્ટ અનુસાર, વર્ષ 2024માં સમગ્ર ગુજરાતમાં કુલ 15,588 માર્ગ અકસ્માત થયા હતા જેમાં 7,717 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ સિવાય કુલ 14 હજારથી વધુ લોકો ઘાયલ થયા હતા જે પૈકી 9,301 લોકો તો ઈજાગ્રસ્ત થતાં અપંગતાનો ભોગ બન્યા હતા. આ રિપોર્ટ પરથી એવા તારણ બહાર આવ્યા છે કે, ગુજરાતમાં રોજ સરેરાશ 20 લોકો માર્ગ અકસ્માતમાં મોતને ભેટે છે.

અહેવાલના ચોંકાવનારા વિશ્લેષણ મુજબ, ગુજરાતના માર્ગો પર રોજ સરેરાશ 40 અકસ્માતો સર્જાય છે અને દરરોજ 20 લોકો મૃત્યુ પામે છે. અકસ્માતો પાછળનું સૌથી મુખ્ય અને મોટું કારણ વાહનોની ઓવર સ્પીડ હોવાનું સામે આવ્યું છે. નિયત ગતિ મર્યાદા કરતાં વધુ ઝડપે વાહન ચલાવવાની લ્હાયમાં નિર્દોષ નાગરિકો કાળનો કોળિયો બની રહ્યા છે.

# દાણીલીમડામાં બર્થ-ડે સેલિબ્રેશન લોહિયાળ બન્યો, જન્મદિવસે જ યુવક પર મિત્રએ જીવલેણ હુમલો કર્યો

**અમદાવાદ, તા.07**




અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં જન્મદિવસની ઉજવણી કરવા માટે મિત્રો સાથે બહાર ગયેલા એક યુવક પર તેના જ મિત્ર દ્વારા છરી વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. બહેરામપુરાના કૃણાલ વાણીયા નામના યુવક પર નીખિલ ઉર્ફે ગોગો પરમારે છરીના ઘા ઝીંકીને જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હોવાનો આરોપ છે. હુમલા બાદ કૃણાલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત અને લોહીલુહાણ હાલતમાં પોતાના ઘરે પહોંચ્યો હતો. પુત્રની આવી હાલત જોઈ પરિવારજનો ગભરાઈ ગયા હતા અને તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

આ સમગ્ર મામલે ઈજાગ્રસ્ત યુવકની માતા ગીતાબહેન વાણીયાએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે આરોપી નીખિલ ઉર્ફે ગોગો પરમાર સામે હત્યાના પ્રયાસ સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પોલીસ હવે હુમલા પાછળનું ચોક્કસ કારણ શોધવા માટે વિવિધ દિશામાં તપાસ કરી રહી છે. મળતી માહિતી અનુસાર બહેરામપુરા વિસ્તારમાં આવેલા લાલબહાદુર શાસ્ત્રીનગરમાં રહેતા કૃણાલ વાણીયાનો જન્મદિવસ હતો. જન્મદિવસની ખુશીમાં તે બપોરના સમયે પોતાના મિત્રો સાથે ઉજવણી કરવા માટે ઘરેથી બહાર નીકળ્યો હતો. પરિવારને આશા હતી કે કૃણાલ મિત્રો સાથે જન્મદિવસની ઉજવણી કરીને થોડા સમય બાદ ઘરે પરત આવશે, પરંતુ સાંજના સમયે જે સ્થિતિમાં તે ઘરે પહોંચ્યો તે જોઈ પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા. કૃણાલ લોહીલુહાણ અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં ઘરે પહોંચ્યો હતો. તેના શરીર પર ઈજાઓ જોઈ માતા ગીતાબહેન અને પરિવારના અન્ય સભ્યો ગભરાઈ ગયા હતા. માતાએ તરત જ પુત્રને પૂછ્યું કે તેની સાથે શું બન્યું અને કોણે તેના પર હુમલો કર્યો હતો. ફરિયાદ મુજબ કૃણાલે પોતાની માતાને જણાવ્યું હતું કે તેના પર નીખિલે છરી વડે હુમલો કર્યો છે. પોતાના જ મિત્ર દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની વાત સામે આવતાં પરિવારજનો વધુ ચિંતામાં મુકાઈ ગયા હતા. કૃણાલની ગંભીર હાલતને ધ્યાનમાં રાખીને પરિવારજનોએ કોઈ વિલંબ કર્યા વગર તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. હુમલામાં કૃણાલને કેટલી અને ક્યાં ઈજાઓ પહોંચી છે તે અંગે પોલીસ અને તબીબી તપાસના આધારે વધુ વિગતો સામે આવી શકે છે. હાલ તેની સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળે છે. આ ઘટનાએ મિત્રતા વચ્ચે થયેલા વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હોવાની આશંકા પણ ઊભી કરી છે. ઈજાગ્રસ્ત યુવકની માતા ગીતાબહેન વાણીયાએ સમગ્ર ઘટના અંગે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે આરોપી નીખિલ ઉર્ફે ગોગો પરમાર સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે હવે કૃણાલ અને આરોપી નીખિલ વચ્ચે અગાઉ કોઈ વિવાદ હતો કે કેમ, જન્મદિવસની ઉજવણી દરમિયાન શું બન્યું અને હુમલો કયા કારણોસર કરવામાં આવ્યો તે અંગે તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા ઘટનાસ્થળ, સંભવિત સાક્ષીઓ અને અન્ય ઉપલબ્ધ પુરાવાઓના આધારે તપાસ આગળ વધારવામાં આવશે.

# અડગ મન, 50 વર્ષનું કઠોર તપ અને શિવભક્તિનો ચમત્કાર!
# ધોળકાના વારણા ગામે ભવ્ય ઉત્કંઠેશ્વર મહાદેવ મંદિર આકાર પામ્યું

**અમદાવાદ, તા.07**



'અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી' આ ઉક્તિને સાબિત કરતી એક અદ્ભુત અને અલૌકિક ઘટના પ્રકાશમાં આવી છે. અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલા વારણા (લક્ષ્મીપુરા) ગામના એક શિવભક્તના 50 વર્ષના કઠોર તપ અને દૃઢ સંકલ્પના પરિણામે આજે એક ભવ્ય શિવ મંદિર આકાર પામ્યું છે. ધોળકાના વારણા ગામના શિવ મંદિરના આકાશી દ્રશ્યો અને જટાધારી મેરુભાઈ મકવાણાની તસવીરો છે. વર્ષો પહેલાં પરમ શિવભક્ત મેરુભાઈએ અખંડ આસ્થા સાથે એક આકરી પ્રતિજ્ઞા લીધી હતી અને સંકલ્પ લીધો હતો કે, જ્યાં સુધી વારણા ગામે ભવ્ય શિવ મંદિરનું નિર્માણ નહીં થાય ત્યાં સુધી તેઓ અન્નનો ત્યાગ કરશે. આ દરમિયાન માત્ર ફરાળ ગ્રહણ કરશે અને પોતાના વાળ કે દાઢી પણ નહીં કપાવે. આમ, એક-બે વર્ષ નહીં પરંતુ પૂરા 50 વર્ષ સુધી અન્ન ત્યાગીને, મોટી જટાઓ ધારણ કરી મેરુભાઈ સાક્ષાત તપોનિષ્ઠ શિવભક્ત બની રહ્યા છે.

મેરુભાઈની આ કઠોર પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે દેવદૂત બનીને આગળ આવ્યા સ્નેહી રણછોડલાલ ઠક્કર. તેમણે મંદિર નિર્માણનું વચન આપ્યું અને સ્થાનિક શિવભક્તોના સાથ-સહકારથી આખરે વારણા ગામે દિવ્ય શિવ મંદિર બનીને તૈયાર થયું.

એપ્રિલ 2022માં મંદિરમાં ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો. મંદિર નિર્માણનું સપનું પૂરું થતાં જ મેરુભાઈને સન્માનપૂર્વક પવિત્ર નગરી હરિદ્વાર લઈ જવામાં આવ્યા, જ્યાં ગંગાજીના પાવન તટ પર તેમની 50 વર્ષ જૂની જટાઓનું શ્રદ્ધાપૂર્વક વિસર્જન કરવામાં આવી હતી. આ શિવ મંદિર સાથે એક અલૌકિક ચમત્કાર પણ જોડાયેલો છે. દરરોજ સાંજે 7 વાગ્યે રાષ્ટ્રીય પક્ષી મોર મંદિરના શિખર પર આવીને બિરાજે છે. આશ્ચર્યની વાત એ છે કે જ્યાં સુધી મોર ન આવે, ત્યાં સુધી મંદિરમાં સાંજની આરતી શરૂ થતી નથી! મોર ભોલેનાથના ચરણોમાં શીશ ઝુકાવે છે અને ત્યારબાદ જ આરતીનો નાદ ગુંજી ઉઠે છે. 'ઓમ શ્રી ઉત્કંઠેશ્વર મહાદેવ' ના ધામમાં આજે પણ અખંડ જ્યોતના દર્શન કરવા અને જળનો લોટો ચઢાવવા માત્રથી ભક્તોના તમામ દુઃખ-દર્દ દૂર થાય છે તેવી અગાધ શ્રદ્ધા છે. 50 વર્ષની તપસ્યા અને ચમત્કારિક આસ્થાનું આ કેન્દ્ર આજે સમગ્ર પંથકમાં પ્રેરણાસ્ત્રોત બન્યું છે. અનાજી શ્રાવણ માસના છેલ્લા સોમવારે આખા ગામના લોકો દ્વારા પ્રસંગની ઉજવણી થઈ.

# અજમેર-મૈસુરુ ટ્રેન હવે નિયમિત દોડશે, વડોદરા-ગોરખપુર સ્પેશિયલ ટ્રેનના ફેરા 25 નવેમ્બર સુધી લંબાવાયા

**અમદાવાદ, તા.07**




મુસાફરોની વધતી માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે દ્વારા બે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. અજમેર અને મૈસુરુ વચ્ચે વાયા અમદાવાદ થઈ દોડતી સ્પેશિયલ ટ્રેનને હવે નિયમિત સેવા તરીકે સંચાલિત કરવામાં આવશે. આ ઉપરાંત પશ્ચિમ રેલવે દ્વારા વડોદરા-ગોરખપુર-વડોદરા સ્પેશિયલ ટ્રેનના ફેરા ફરી એક વખત લંબાવવામાં આવ્યા છે. અજમેર-મૈસુરુ વચ્ચે દોડતી સ્પેશિયલ ટ્રેનને મુસાફરોની માંગને ધ્યાનમાં રાખીને નિયમિત સેવા તરીકે ચાલુ રાખવામાં આવી છે. આ નિર્ણયથી રાજસ્થાન, ગુજરાત સહિત દક્ષિણ ભારત તરફ મુસાફરી કરતા મુસાફરોને વધુ સુવિધા મળશે. પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નં. 09111 વડોદરા-ગોરખપુર અને ટ્રેન નં. 09112 ગોરખપુર-વડોદરાના ફેરા પણ ફરી લંબાવવામાં આવ્યા છે. મુસાફરોની વધતી માંગને પગલે આ નિર્ણય લેવાયો છે. આ ટ્રેન સેવા વડોદરા અને ઉત્તર પ્રદેશના ગોરખપુર વચ્ચે મુસાફરી કરતા મુસાફરો માટે ખાસ કરીને લાભદાયી રહેશે. તહેવારો અને આગામી પ્રવાસી સિઝન દરમિયાન વધતી મુસાફરીની માંગને પહોંચી વળવામાં પણ આ વિસ્તૃત ફેરા મદદરૂપ થશે.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599







અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

સત્યમેવ જયતે

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત સપ્ટેમ્બર-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૧૮ જિલ્લાઓ અમદાવાદ, અમદાવાદશહેર, બોટાદ, દાહોદ, દેવભૂમિ-દ્વારકા, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, કચ્છ, મોરબી, નવસારી, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વલસાડ, વાવ-થરાદ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૪ જિલ્લાઓ ભાવનગર, મહીસાગર, પંચમહાલ, વડોદરા માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી/જુવાર/મકાઇ | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી/જુવાર/મકાઇ | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૨ જિલ્લાઓ અમરેલી, ગીર સોમનાથ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી/જુવાર | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી/જુવાર | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૪ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૧૧ જિલ્લાઓ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, ડાંગ, ખેડા, મહેસાણા, નર્મદા, સાબરકાંઠા, તાપી માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | મકાઇ/બાજરી | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | મકાઇ/બાજરી | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |

સપ્ટેમ્બર -૨૦૨૬ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | `.૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | `.૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | `.૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | `.૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | `.૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

"આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી."
- રમણભાઈ સોલંકી, મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.



જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL




નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર